અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

02 MAY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 330 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

અમેરિકાએ ઈરાનની રડાર-ડ્રોન કંટ્રોલ સાઈટ્સ પર હુમલો કર્યો: ઈરાને વળતા હુમલામાં એરબેઝને નિશાન બનાવ્યું....

4

ઉકળતો પ્રશાંત મહાસાગર : ભારતમાં સુપર અલ નીનોનો વધતો ખતરો!

6

વિરાટે વિનિંગ છગ્ગો મારતા પત્ની અનુષ્કા શર્મા ખુશીથી ઝૂમી ઉઠી, કોહલીએ આપી ફ્લાઈંગ કિસ

7

ભારત-અમેરિકા વચ્ચે આજથી 4 દિવસની વાતચીત: વચગાળાનો વેપાર કરાર ફાઈનલ થઈ શકે છે

## ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 8 જૂન નક્કી કરાઈ

# ગુજરાતની ચાર રાજ્યસભા બેઠકો માટે વિગતવાર ચૂંટણી કાર્યક્રમ જાહેર

### 18 જૂન 2026ના રોજ સવારે મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે મતગણતરી હાથ ધરી પરિણામો જાહેર કરવામાં આવશે

**નવી દિલ્હી, તા.01**

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશના વિવિધ ભાગોમાં ખાલી પડી રહેલી રાજ્યસભાની બેઠકોને ભરવા માટે વિગતવાર ચૂંટણી કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ જાહેરનામું બહાર પડતાંની સાથે જ દેશભરના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. પ્રસ્તુત ચૂંટણી અંતર્ગત ગુજરાત સહિત દેશના ૧૦ પ્રમુખ રાજ્યોની મહત્વની બેઠકો પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચના આદેશ અનુસાર ૧ જૂન ૨૦૨૬ના રોજ ચૂંટણીનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ત્યારબાદ આગામી ૮ જૂન ૨૦૨૬ સુધીમાં તમામ ઈચ્છુક ઉમેદવારોએ પોતાના નામાંકન પત્રો એટલે કે ઉમેદવારી ફોર્મ ભરી દેવાના રહેશે. આ ફોર્મ ભરાઈ ગયા બાદ આગામી ૯ જૂન ૨૦૨૬ના રોજ ભરાયેલા તમામ નામપત્રોની ઝીણવટભરી ચકાસણી હાથ ધરવામાં આવશે, અને જો કોઈ ઉમેદવાર પોતાનું નામ પરત ખેંચવા માંગતો હોય તો તેના



માટે ૧૧ જૂન ૨૦૨૬ની છેલ્લી તારીખ નિયત કરવામાં આવી છે. સમગ્ર પ્રક્રિયાના અંતે ૧૮ જૂન ૨૦૨૬ના રોજ સવારના સમયે મતદાન યોજાશે અને લોકશાહીની પરંપરા મુજબ તે જ દિવસે સાંજે મતગણતરી હાથ ધરીને તુરંત જ પરિણામો જાહેર કરી દેવામાં આવશે.

આ મહાચૂંટણીમાં દેશના જે મુખ્ય ૧૦ રાજ્યોનો સમાવેશ થાય છે તેમાં પશ્ચિમ ભારતથી લઈને પૂર્વોત્તર ભારત સુધીના પ્રદેશો આવરી લેવાયા છે. જેમાં મુખ્યત્વે આંધ્રપ્રદેશ, ગુજરાત, ઝારખંડ, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય, રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, કર્ણાટક અને મિઝોરમ જેવા રાજ્યોમાં રાજકીય ગણિત મંડાવવાના શરૂ થઈ ગયા છે. આ યાદીમાં સૌથી મોટો આંકડો ગુજરાત, આંધ્રપ્રદેશ અને કર્ણાટકનો છે જ્યાંથી સૌથી વધુ ૪-૪ બેઠકો ખાલી થઈ રહી છે. આ ઉપરાંત રાજસ્થાન રાજ્યમાંથી પણ રાજેન્દ્ર ગેહલોત, નીરજ ડાંગી અને રવનીત સિંહ જેવા દિગ્ગજ નેતાઓની બેઠકો ખાલી થવા જઈ રહી છે, જેના કારણે ત્યાં પણ નવા ચહેરાઓને તક મળી શકે છે.

ખાસ કરીને ગુજરાતની વાત કરીએ તો અહીં રાજ્યસભાના ૪ શક્તિશાળી સાંસદો પોતાનો વર્તમાન કાર્યકાળ પૂર્ણ કરીને નિવૃત થઈ રહ્યા છે. આ નિવૃત થતા નેતાઓમાં રામભાઈ હરજીભાઈ મોકરીયા, અમીન નરહરિ હીરાભાઈ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ગોહિલ શક્તિસિંહ હરિચંદ્રસિંહ તેમજ રમીલા બેચરભાઈ બારાનો સમાવેશ થાય છે. આ તમામ નેતાઓની નિવૃત્તિ સાથે જ ગુજરાતના રાજકારણમાં એક મોટો વળાંક આવવાની પૂરી સંભાવનાઓ દેખાઈ રહી છે.

ગુજરાત કોંગ્રેસ માટે આ વખતની રાજ્યસભા ચૂંટણી એક ઐતિહાસિક સંકટ સમાન સાબિત થવા જઈ રહી છે. વર્તમાન સમયમાં ગુજરાતમાંથી રાજ્યસભામાં કોંગ્રેસ પક્ષના એકમાત્ર સાંસદ અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ જ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, જેમનો આ કાર્યકાળ ૨૧ જૂનના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. સંસદીય ગણિત અને નિયમો અનુસાર ગુજરાતમાંથી રાજ્યસભાની કોઈ એક બેઠક પર વિજય મેળવવા માટે કોઈપણ રાજકીય પક્ષ પાસે ઓછામાં ઓછા ૩૭ ધારાસભ્યોનું સંખ્યાબળ હોવું અત્યંત અનિવાર્ય છે. તેની સામે વર્તમાન સ્થિતિમાં વિપક્ષ કોંગ્રેસ પાસે ગુજરાત વિધાનસભામાં માત્ર ૧૨ ધારાસભ્યોનું જ સમર્થન બચ્યું છે. જો કોઈ પક્ષ પાસે ઓછામાં ઓછા ૧૦ ધારાસભ્યો હોય તો તે નિયમ મુજબ માત્ર પોતાની ઉમેદવારી તરીકે દાવેદારી નોંધાવી શકે છે, પરંતુ તે જીત મેળવી શકતો નથી. આવી નાજુક સ્થિતિ વચ્ચે જો સત્તાધારી ભાજપ પક્ષ દ્વારા સામાન્ય વ્યુહાત્મક પ્રયાસ પણ કરવામાં આવશે, તો કોંગ્રેસ માટે આ ઉમેદવારી ફોર્મ ભરવું અને પોતાના ઉમેદવારને મેદાનમાં ટકાવી રાખવા પણ લોઢાના ચણા ચાવવા સમાન મુશ્કેલ બની જશે. આ સમગ્ર પરિસ્થિતિનું જો આકલન કરવામાં આવે તો જૂન મહિનો પૂર્ણ થયા બાદ દેશની સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાં ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિત્વ સદંતર શૂન્ય થઈ જશે, જે કોંગ્રેસના ઈતિહાસમાં એક ખૂબ જ મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.

## રાહુલનો દાવો- આન્સરશીટ મોબાઈલથી સ્કેન કરવામાં આવી: ખાસ વેન્ડરને ફાયદો પહોંચાડ્યો

### રી-ઈવેલ્યુએશન ફી પર બોલ્યા- CBSEના ખિસ્સાકાતરુઓથી સાવધાન

**નવી દિલ્હી, તા.01**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ માટે બોર્ડની ટેન્ડર પ્રક્રિયામાં ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા છે. રાહુલે દાવો કર્યો કે આન્સરશીટને ઓટોમેટિક રોબોટિક સ્કેનરને બદલે મોબાઈલ ફોનથી સ્કેન કરવામાં આવી હતી.

રાહુલે CBSEના વિદ્યાર્થી સાર્થક સિદ્ધાંતની X પોસ્ટ શેર કરતા લખ્યું- ઓગસ્ટમાં જ્યારે ટેન્ડર ફરીથી બહાર પાડવામાં આવ્યું, ત્યારે ગુપચુપ રીતે બધી શરતો હટાવી દેવામાં આવી. રિઝોલ્યુશન ઘટાડીને 200 DPI કરી દેવામાં આવ્યું. એ વાત સામે આવી છે કે COEMPT એ આન્સર શીટને મોબાઈલ ફોનથી સ્કેન કરી હતી.

ધૂંધળી કોપીઓ, ગાયબ પાના અને જે કોપીઓ સ્કેન જ ન થઈ, આ બધી ભૂલો નથી. આ તે કોન્ટ્રાક્ટનું જ પરિણામ છે, જેને જાણી જોઈને કોઈ ખાસ વેન્ડરને ફાયદો પહોંચાડવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો.

આ એક છેતરપિંડી છે. અને દરેક વિદ્યાર્થી, જેના ગુણનું ખોટું મૂલ્યાંકન થયું છે, તે આ છેતરપિંડીનો ભોગ બન્યો છે.

ધર્મેન્દ્ર પ્રધાન હજુ પણ પોતાના પદ પર યથાવત છે. મોદીજીની આ મૌન હવે માત્ર તેમની ઉદાસીનતા નથી રહી. તે આ ગુનામાં તેમની સંડોવણી દર્શાવે છે.

વિદ્યાર્થી સિદ્ધાંત કુમારે કથિત રીતે સ્કેન કરેલી કોપીઓના ફોટા શેર કર્યા છે. તેમણે લખ્યું છે - CBSE, તમે કહ્યું હતું કે આ કોપીઓને સ્કેન કરવા માટે તમે



સ્કેનર્સનો ઉપયોગ કર્યો હતો. હવે, જ્યારે આ કોપીઓ સામાન્ય લોકો માટે જોવા માટે ઉપલબ્ધ છે, તો શું તમે કૃપા કરીને જણાવશો કે સ્કેનરથી સ્કેન કરવામાં આવે ત્યારે કઈ કોપીઓમાં 'ડ્રોપ શેડો' આવે છે. અને આ ત્રણ ફોલ્ડ્સ (folds) કેવી રીતે આવ્યા.

રાહુલ ને CBSE ની આન્સરશીટ તપાસ અને રી-ઈવેલ્યુએશનની ફીસને લઈને કેન્દ્ર સરકાર અને બોર્ડ પર પણ સવાલો ઉભા કર્યા. તેમણે X પોસ્ટ પર લખ્યું- વિદ્યાર્થીઓને પોતાની જ કોપીની સાચી તપાસ કરાવવા માટે વધારાના પૈસા ચૂકવવા પડી રહ્યા છે. જો CBSE ની ભૂલથી કોઈ વિદ્યાર્થીના માર્ક્સ ખોટા આવી જાય તો તેનો બોજ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પર શા માટે નાખવામાં આવે છે.

રાહુલે દેશની શિક્ષણ વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા લખ્યું કે જ્યારે શિક્ષણને સેવાને બદલે વ્યવસાય બનાવી દેવામાં આવે છે, ત્યારે ભૂલો સુધારવામાં આવતી નથી પરંતુ વધતી જાય છે. તેની સૌથી મોટી કિંમત બાળકોને તેમના સમય, આત્મવિશ્વાસ અને ભવિષ્યના રૂપમાં ચૂકવવી પડી રહી છે.

રાહુલ ગાંધી CBSE 12મા ધોરણના વિદ્યાર્થીઓને મળ્યા હતા. તેમણે X પર વિદ્યાર્થીઓ સાથેની વાતચીતનો 1.30 મિનિટનો વીડિયો પોસ્ટ કર્યો હતો. કેપ્શનમાં લખ્યું હતું - જે બહાદુર યુવાનોએ CBSE અને મોદી સરકારને સરળ સવાલો પૂછ્યા, તેમને જવાબને બદલે અપમાન મળ્યું.

વીડિયોમાં વિદ્યાર્થીઓએ રાહુલને કહ્યું- આન્સર શીટને લઈને સવાલ પૂછવા પર અમને એન્ટી-નેશનલ, ડીપ સ્ટેટ એજન્ટ્સ (જાસૂસ), આતંકવાદી અને પાકિસ્તાની કહેવામાં આવ્યા. રાહુલે હસતા હસતા કહ્યું- 17 વર્ષના ડીપ સ્ટેટ એજન્ટ્સ.

રાહુલ જે વિદ્યાર્થીઓ સાથે વાત કરી, તેમાં વેદાંત પણ સામેલ હતો. વેદાંતની એક પોસ્ટ વાયરલ થઈ હતી, જેમાં તેણે દાવો કર્યો હતો કે રી-ઈવેલ્યુએશન દરમિયાન પોર્ટલ પર તેની ફિઝિક્સ કોપીની જગ્યાએ કોઈ બીજાની કોપી અપલોડ કરવામાં આવી હતી. વેદાંત પછી ઘણા અન્ય વિદ્યાર્થીઓએ પણ આવી ફરિયાદો કરી.

વેદાંત- મારી પરીક્ષા ખૂબ સારી ગઈ હતી પણ મારા માર્ક્સ સારા ન આવ્યા. તે પછી અમારી પાસે વિકલ્પ હતો કે જો માર્ક્સ ઓછા આવે તો પોતાની આન્સર શીટની ફોટોકોપી માટે અરજી કરીએ. જ્યારે મેં ફિઝિક્સની આન્સર શીટની ફોટોકોપી જોઈ તો પહેલા પેજ પર મારી હેન્ડરાઈટિંગ હતી. બીજા પાના પર કોઈ બીજાની હેન્ડરાઈટિંગ હતી. આ પછી મેં જોયું કે આ મારી શીટ નથી, તો હું મારી સમસ્યા X પર લઈને આવ્યો. ત્યાં મને લોકોનો સપોર્ટ મળ્યો કારણ કે આ તો એકદમ અલગ મામલો છે.

## ઓપરેશન સિંદૂરથી દુનિયામાં ભારતીય હથિયારોની માગ વધી: બ્રહ્મોસ, આકાશ, અને નેત્ર ખરીદવામાં ઘણા દેશો રસ દાખવી રહ્યા છે, ₹21,000 કરોડની ડીલ

**નવી દિલ્હી, તા.01**

ઓપરેશન સિંદૂરમાં બ્રહ્મોસ, આકાશ, લોઈટરિંગ મ્યુનિશન અને નેત્ર જેવા ભારતીય હથિયારોના ઉપયોગ પછી દુનિયામાં તેમની માગ ઝડપથી વધી છે. ઘણા દેશોએ તેમને ખરીદવામાં રસ દાખવ્યો છે, જ્યારે કેટલાક સાથે હજારો કરોડ રૂપિયાના સોદા પણ થઈ ચૂક્યા છે.

તેમની કિંમત 21,000 કરોડ રૂપિયાથી વધુ છે. રક્ષા મંત્રાલય અનુસાર, 2025-26માં ભારતની રક્ષા નિકાસ રેકોર્ડ 38,424 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ, જે ગયા વર્ષ કરતાં 62% વધુ છે. બ્રહ્મોસ માટે ફિલિપાઈન્સ, વિયેતનામ અને અન્ય બે દેશો સાથે લગભગ 12,500 કરોડ રૂપિયાના સોદા થઈ ચૂક્યા છે.

ઈન્ડોનેશિયા સાથે લગભગ 3,600 કરોડ રૂપિયાની ડીલ




અંતિમ મંજૂરીના તબક્કામાં છે. આકાશ મિસાઈલ સિસ્ટમ માટે આર્મેનિયાથી 6,100 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ પહેલેથી જ થઈ ચૂક્યો છે.

ભારત હવે 100 થી વધુ દેશોને રક્ષા ઉપકરણોની નિકાસ કરે છે, જેમાં અમેરિકા, ફ્રાન્સ અને આર્મેનિયા મુખ્ય છે.

અમેરિકા સૌથી મોટો ખરીદદાર છે જ્યાં 2.8 અબજ ડોલરની પ્રણાલીઓ અને ઘટકો બોઈંગ અને લોકહીડ માર્ટિન જેવી મોટી કંપનીઓને જાય છે. આર્મેનિયા જેવા દેશો સંપૂર્ણ તૈયાર હથિયારો ખરીદી રહ્યા છે.

સરકારે 2029-30 સુધીમાં 50,000 કરોડ રૂપિયાનો રક્ષા નિકાસનો લક્ષ્યાંક રાખ્યો છે. 2016-17માં તે માત્ર 1,522 કરોડ રૂપિયા હતો. એટલે કે, એક દાયકાથી ઓછા સમયમાં તેમાં 25 ગણાથી વધુનો વધારો નોંધાયો છે.

ઓપરેશન સિંદૂર પછી મળેલા વૈશ્વિક ધ્યાને આ લક્ષ્યને વધુ ઝડપ આપવાના સંકેતો આપ્યા છે.

## વાયરલ ગર્લે કહ્યું- સનોજ મિશ્રાએ મારું શોષણ કર્યું, પ્રેગ્નેન્ટ: મોનાલિસાએ કેરળમાં ડિરેક્ટર, VHP નેતા સહિત 4 સામે FIR કરી, મિશ્રાની સ્પષ્ટતા- આ ષડયંત્ર

**ભોપાલ, તા.01**

વાયરલ ગર્લ મોનાલિસાએ ડિરેક્ટર સનોજ મિશ્રા અને અન્ય ત્રણ વિરુદ્ધ પોક્સો એક્ટ (જાતીય ગુનાઓથી બાળકોનું સંરક્ષણ) હેઠળ FIR નોંધાવી છે. કેરળની એર્નાકુલમ સેન્ટ્રલ પોલીસે કેસ નોંધી તપાસ શરૂ કરી છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, 29 એપ્રિલે ચાર લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે જ્યારે તે સગીર હતી, ત્યારે ડિરેક્ટર સનોજ મિશ્રાએ 'ધ ડાયરી ઓફ મણિપુર' ફિલ્મના શૂટિંગ દરમિયાન તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. મિશ્રાએ તેને એક્ટિંગની તકો આપવાનું વચન આપીને તેનું શોષણ કર્યું. વાયરલ ગર્લ હાલમાં પ્રેગ્નેન્ટ છે અને પતિ સાથે રહે છે.

અધિકારીએ જણાવ્યું કે કથિત ઘટના કેરળની બહાર મધ્ય પ્રદેશમાં બની હતી. આ મામલો સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવશે. માહિતી અનુસાર, પીડિતાએ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન પણ નોંધાવ્યું છે.

આરોપીઓમાં કેરળના VHP નેતા અને વકીલ અનિલ વિલાયલ પણ સામેલ છે. પીડિતાએ તેમના પર સોશિયલ મીડિયા પર બદનામી કરવાનો આરોપ લગાવ્યો છે. અન્ય બે આરોપીઓના નામનો હાલ ખુલાસો થઈ શક્યો નથી.

બીજી તરફ, ફિલ્મ નિર્દેશક સનોજ મિશ્રાએ આ આરોપોને વિચારપૂર્વકનું કાવતરું ગણાવ્યું છે. તેમણે દાવો કર્યો કે તેમને 'લવ જેહાદ' જેવા મુદ્દાઓ પર અવાજ ઉઠાવવાને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

ડિરેક્ટર સનોજ મિશ્રાએ વીડિયો જાહેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના



મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પાસે ન્યાયની આજીજી કરી છે. મિશ્રાએ આરોપ લગાવ્યો કે તેમની ફિલ્મના અભિનેત્રીને ફોસલાવીને કેરળ પહોંચાડવામાં આવી. સગીરા છોકરી સાથે ખોટા કાગળોના આધારે લગ્ન કરવામાં આવ્યા. હવે આ મામલે અવાજ ઉઠાવવા પર તેમને જ ખોટા કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું- જે લોકો પર અપહરણ, દુષ્કર્મ અને ખોટી માહિતી આપવા જેવા આરોપો છે, તેમની સામે કાર્યવાહી થઈ રહી નથી. ઉલટું, મારી સામે જ પોક્સો જેવી ગંભીર કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે. છોકરીનો પરિવાર મારી સાથે છે. તેનો દાવો છે કે છોકરી પાસેથી દબાણ હેઠળ નિવેદનો લેવામાં આવી રહ્યા છે.

સનોજે કહ્યું કે કેરળ પોલીસ તેમને શોધી રહી છે જ્યારે મુખ્ય આરોપી ખુલ્લેઆમ ફરી રહ્યો છે. તેને શાસન-પ્રશાસનનું સંરક્ષણ મળેલું છે. સનોજ મિશ્રાએ ભાવુક થતા કહ્યું કે આ લડાઈના કારણે તેમનો પરિવાર પરેશાન છે. તેઓ ભારે દેવામાં છે અને તેમની ફિલ્મનું ભવિષ્ય પણ સંકટમાં મુકાઈ ગયું છે. તેમણે કહ્યું કે તેમની માતા બીમાર છે અને ઘરમાં નિરાશાનો માહોલ છે. મિશ્રાએ કહ્યું, "હું એકલો લડી રહ્યો છું, પરંતુ સત્ય એક દિવસ સામે આવશે. મને સાધુ-સંતોના આશીર્વાદ અને લોકોની દુઆઓ મળી રહી છે." જણાવી દઈએ કે પીડિતા હાલમાં ગર્ભવતી છે. તેના પતિ ફરમાન ખાને દાવો કર્યો છે કે આવી સ્થિતિમાં તે મુસાફરી કરી શકતી નથી અને પોલીસ સમક્ષ હાજર થઈ શકતી નથી. કોચી પહોંચેલી મધ્ય પ્રદેશ પોલીસને ફરમાને કહ્યું- ડોકટરોએ સ્વાસ્થ્ય અને ગર્ભાવસ્થાને ધ્યાનમાં રાખીને બેડ રેસ્ટની સલાહ આપી છે. હાલમાં પોલીસ દાવાની તપાસ કરી રહી છે. પુષ્ટિ માટે સ્થાનિક પ્રશાસન પાસેથી મેડિકલ સર્ટિફિકેટ માંગી શકાય છે. આ નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે વાયરલ ગર્લ ગુમ નથી અને પતિ સાથે રહે છે. એમપી પોલીસ હજુ સુધી સગીર હોવાના મામલે બંનેની પૂછપરછ કરી શકી નથી. વાયરલ ગર્લના લગ્ન શરૂઆતથી જ વિવાદમાં છે. પહેલા તેને 'લવ જેહાદ' ગણાવવામાં આવ્યું, પછી પરિવારે સગીર હોવાનો દાવો કર્યો.



# IIT રૂરકીએ JEE એડવાન્સ્ડનું પરિણામ જાહેર કર્યું

## આદિત્ય ઠાકુરે 22માં AIR રેન્ક સાથે ગુજરાતમાં ટોપ કર્યું, 1000માં 7 જેટલા અમદાવાદના વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું

**અમદાવાદ, તા.01**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) રૂરકીએ JEE એડવાન્સ્ડ પરિણામ 2026 જાહેર કર્યા છે. કોટાના વિદ્યાર્થી શુભમે સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે અને કબીરે બીજો ક્રમ મેળવ્યો છે. પરિણામ જાહેર થતાં જ કોટામાં ઉજવણીનો માહોલ છવાઈ ગયો છે. આ સતત ત્રીજા વર્ષે કોટાએ સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. વિદ્યાર્થીઓને તેમનો સ્કોરકાર્ડ ડાઉનલોડ કરવા માટે સત્તાવાર વેબસાઈટ પર JEE એડવાન્સ્ડ ઉમેદવાર પોર્ટલ પર લોગિન કરવું પડશે. લોગિન કરવા માટે જરૂરી વિગતો JEE એડવાન્સ્ડ રોલ નંબર, જન્મ તારીખ અને મોબાઈલ નંબર નાખીને પરિણામ જોઈ શકશે.

આ વર્ષે કુલ 10,107 વિદ્યાર્થીનીઓ ક્વોલિફાય થઈ છે. વિદ્યાર્થીનીઓમાં પણ દિલ્હી ઝોનની આરોહી દેશપાંડેએ જીત મેળવી છે, જેને 280 ગુણ સાથે 77મો ક્રમ મેળવ્યો છે. IIT રૂરકી દ્વારા JEE એડવાન્સ્ડ 2026 કટઓફ પણ પરિણામો સાથે જાહેર કર્યા છે. JEE એડવાન્સ્ડ 2026 માટે કુલ 1,87,389 ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 1,79,694 ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા અને 56,880 ઉમેદવારો ક્વોલિફાઈ થયા છે.




ગુજરાતમાં આદિત્ય ઠાકુરે નામના વિદ્યાર્થી ટોપર બન્યો છે. તેનો મુંબઈ ઝોનમાં 5મો અને ઓવરઓલ 22મો રેન્ક મેળવ્યો છે. જોકે, ટોપ-500માં કુલ 4 અને ટોપ-1000માં 7 જેટલા અમદાવાદના વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે.

JEE એડવાન્સ્ડના પરિણામોની જાહેરાત બાદ સફળ ઉમેદવારો જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી 2026 કાઉન્સેલિંગ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. આ વર્ષની કાઉન્સેલિંગ પ્રક્રિયા અનોખી છે, જેમાં પ્રવેશ માટે 12મા ધોરણના ગુણ કે ટકાવારીની કોઈ આવશ્યકતાઓ નથી. જોકે અંતિમ સીટ ફાળવણી પાત્રતા માપદંડો અને આવશ્યકતાઓને પૂર્ણ કરવા પર આધારિત રાખવામાં આવી છે. JEE એડવાન્સ્ડના પરિણામ સાથે દેશભરની 23 IIT માં B.Tech, Integrated M.Tech અને Dual Degree અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કાઉન્સેલિંગ માટે લગભગ 56,880 જેટલા વિદ્યાર્થીઓને લાયક જાહેર કરવામાં આવ્યા છે.

ઓલ ઈન્ડિયા 744 રેન્ક મેળવનાર જયે જણાવ્યું હતું કે, હું IIT ગુવાહાટીમાં કોમ્પ્યુટર સાયન્સ કરવા મળે એવી આશા રાખી રહ્યો છું. જે બાદ MBA કરવાનો પણ વિચાર છે અને વચ્ચે સ્ટાર્ટઅપ કરવાની પણ તૈયારીઓ કરી રહ્યો છું. હું છેલ્લા ત્રણથી ચાર વર્ષથી પરીક્ષા માટેની તૈયારીઓ કરી રહ્યો છું. મારા કેટલાક મિત્રોએ NEETની પરીક્ષા આપી હતી પરંતુ, એવું સામે આવ્યું હતું પેપર લીક થયું હોવાથી પરીક્ષા રદ કરવામાં આવી હતી. જેથી અમને પણ થોડો ડર લાગી રહ્યો હતો. પરંતુ JEEની પરીક્ષામાં પેપર લીક ખૂબ ઓછા થાય છે. ખૂબ સારી રીતે પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે જેથી પેપર લીક થવાની શક્યતા ખૂબ ઓછી રહેતી હોય છે.

JEE ક્વોલિફાય કરેલી વિદ્યાર્થીની શ્રેષ્ઠા રોયે જણાવ્યું હતું કે, આજે JEE ક્વોલિફાય કરવાની ખૂબ ખુશી થઈ રહી છે. દરરોજ 10 કલાક સુધી અભ્યાસ કર્યો છે. તેમજ જે પણ પ્રોબ્લેમ હોય તે સોલ્વ કરાવ્યા હતા. સવારથી લઈને સાંજ સુધી શિડયુલ બનાવીને તૈયારી કરી હતી. સતત પ્રયાસ કરવાથી ક્વોલિફાઈ થઈ જવાય છે. શિક્ષકો જેટલું મટીરીયલ પ્રોવાઈડ કરે છે તેના આધારે તૈયારી કરવાથી સરળતાથી ક્વોલિફાય થઈ જવાય છે.

# ગાંધીનગરના નવા સચિવાલયમાં ફરી ઝેરી સાપની એન્ટ્રીથી ફફડાટ

## ગેટ નંબર-1 પાસેથી ખડચિતળો ઝડપાયો, છેલ્લા 15 દિવસમાં 5 સાપનું રેસ્ક્યુ કરાયું

**ગાંધીનગર, તા.01**

ગાંધીનગરના નવા સચિવાલયમાં ફરી એકવાર ઝેરી સાપનું આગમન થતાં કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ઉનાળાની કાળઝાળ ગરમી અને અસહ્ય બફારા વચ્ચે ઠંડક શોધતા જીવો હવે માનવ વસાહતો તરફ દોટ મૂકી રહ્યા છે. આજે સવારે સચિવાલયના ગેટ નં. 1 પાસે આવેલા પ્લાન્ટેશનમાં ઝેરી પ્રજાતિનો ખડચિતળો જોવા મળતા અફડાતફડી મચી ગઈ હતી. જોકે માળીકામ કરી રહેલા કર્મચારીઓની સતર્કતાને કારણે સમયસર જાણ થતાં સાપને સુરક્ષિત પકડી લેવાયો હતો.

આજે 1 જૂન સવારે અંદાજે 9.45 વાગ્યાના અરસામાં સચિવાલયના ગેટ નંબર એકની અંદર પ્રવેશવાના મુખ્ય માર્ગ પાસે પ્લાન્ટેશનમાં માળીકામ કરી રહેલા કર્મચારીઓનું ધ્યાન સાપ પર પડ્યું હતું. પ્લાન્ટેશનની આસપાસ એક ઝેરીલો સાપ જોવા મળતા કર્મચારીઓએ તાત્કાલિક સાવચેતી દાખવી સ્થળ પરથી દૂર ખસી ગયા હતાં.



ત્યારબાદ આ અંગેની જાણ સચિવાલય સુરક્ષા અને વહીવટી તંત્ર દ્વારા વન્ય જીવોના મિત્ર અને સર્પ રેસ્ક્યુની કામગીરીમાં નિપુણ એવા નિવૃત્ત બેન્ક મેનેજર પ્રદીપ સોલંકીને કરવામાં આવી હતી. જેના પગલે પર્યાવરણ પ્રેમી પ્રદીપ સોલંકી તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે સાવચેતી સાથે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી અત્યંત ઝેરી ગણાતા ખડચિતળાને સહીસલામત રીતે પકડી પાડીને સુરક્ષિત કન્ટેનરમાં કેદ કર્યો હતો.

બાદમાં આ સર્પને માનવ વસ્તીથી દૂર સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરી દેવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે સચિવાલયમાં કામ કરતા કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા પંદર દિવસના ગાળામાં જ નવા સચિવાલય પરિસરમાંથી પ્રદીપ સોલંકી દ્વારા કુલ 5 સર્પોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. જેમાં અતિ ઝેરી ગણાતા ખડચિતળા અને નાગ જેવા સર્પોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય બિનઝેરી સર્પોને પણ તેમણે સલામત રીતે બચાવ્યા છે.

ગરમીની વિકટ સ્થિતિ વચ્ચે જમીનની ગરમી અને ઠંડકની શોધમાં સર્પો બહાર નીકળતા હોવાથી સાવચેત રહેવું જરૂરી બન્યું છે. વહીવટી તંત્ર દ્વારા પણ કર્મચારીઓને આવા સમયે ગભરાવાને બદલે તાત્કાલિક જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

# ગુજરાત પોલીસનું 'ઓપરેશન મ્યૂલ હન્ટ 1.0': 2289 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ

**ગાંધીનગર, તા.01**

રાજ્યમાં વધતા સાયબર ગુનાઓ સામે ગુજરાત પોલીસે મોટું અભિયાન ચલાવી નોંધપાત્ર સફળતા મેળવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ (CCOE) દ્વારા ચલાવવામાં આવેલા 'ઓપરેશન મ્યૂલ હન્ટ 1.0' હેઠળ 2289 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.આ અભિયાન દરમિયાન 913 મ્યૂલ અકાઉન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી છે.જ્યારે 565 FIR નોંધાઈ અને 638 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.



સાયબર ગુનેગારો દ્વારા છેતરપિંડીથી મેળવેલી રકમને એક ખાતામાંથી બીજા ખાતામાં ખસેડવા માટે જે બેંક ખાતાઓનો ઉપયોગ થાય છે તેને 'મ્યૂલ અકાઉન્ટ' તરીકે ઓળખવામાં આવે છે.આવા ખાતાઓ મારફતે નાણાંની હેરફેર અને મની લોન્ડરિંગ કરવામાં આવતું હોવાથી ગુજરાત પોલીસે આ નેટવર્કને તોડવા માટે વિશેષ અભિયાન હાથ ધર્યું હતું.

વર્ષ 2025 દરમિયાન ચલાવવામાં આવેલા આ ઓપરેશનમાં પોલીસ કમિશ્નર કચેરીઓ, રેન્જ કચેરીઓ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર પોલીસ સ્ટેશનોને જોડવામાં આવ્યા હતા. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C), NCRP પોર્ટલ, સમન્વય પોર્ટલ અને 1930 હેલ્પલાઈનથી મળેલા ડેટાના વિશ્લેષણના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આ અભિયાનમાં કુલ 4052 ગુનાઓની ઓળખ કરવામાં આવી હતી,જેમાંથી 491 ગુનાઓ ગુજરાત સાથે સીધા સંકળાયેલા હતા.રાજ્યના તમામ જિલ્લાઓમાં નોડલ અધિકારીઓની નિમણૂક કરી બેંકો સાથે રિયલ-ટાઈમ ડેટા શેરિંગ દ્વારા સંકલિત કાર્યવાહી હાથ ધરાઈ હતી. માસિક ચેક ઉપાડ 126 કરોડથી ઘટીને 25 કરોડ થયા જે 80 ટકા જેટલો ઘટાડો દર્શાવે છે. પ્રથમ લેયરના મ્યૂલ અકાઉન્ટ એટલે કે જ્યાં સૌથી પહેલા પૈસા જમા થાય છે તેવા અકાઉન્ટની સંખ્યામાં ઓગષ્ટથી ડિસેમ્બર 2025 સુધીમાં 30 ટકાનો ઘટાડો. સપ્ટેમ્બરથી ડિસેમ્બર 2025 સુધીમાં એટીએમ ઉપાડમાં 66 ટકા જેટલો ઘટાડો.

મ્યૂલ અકાઉન્ટ સામેની આ કામગીરીને વધુ કાર્યક્ષમ અને પ્રોએક્ટિવ બનાવવાના હેતુથી, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના દિશાનિર્દેશન અંતર્ગત ઈન્ડિયન ડિજિટલ પેમેન્ટ ઈન્ટેલિજન્સ કોર્પોરેશન (IDPIC) દ્વારા આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજીના ઉપયોગથી રિસ્ક સ્કૉરિંગ પ્રણાલી અમલમાં મુકવામાં આવી રહી છે.

આ પ્રણાલી અંતર્ગત દરેક ટ્રાન્ઝેક્શનને લૉ રિસ્ક, મીડિયમ રિસ્ક અને હાઈ રિસ્ક તરીકે વર્ગીકૃત કરવામાં આવશે જેથી શંકાસ્પદ અકાઉન્ટની ઓળખ કરી શકાય. આ સ્કોરના આધારે વિવિધ બેન્કો જરૂરી કાર્યવાહી કરી શકે છે. IDPICને તેના માટે નોડલ એજન્સી તરીકે જવાબદારી આપવામાં આવી છે. શંકાસ્પદ અકાઉન્ટ અંગેની માહિતી વિવિધ બેન્કો વચ્ચે શેર કરવા માટે mulehunter.ai નામની રજીસ્ટ્રી પણ બનાવવામાં આવી છે. સાયબર ક્રાઈમની વધી રહેલી ઘટનાઓ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ચિંતા વ્યક્ત કરી છે અને ડિજિટલ અરેસ્ટ સહિતના વિવિધ સાયબર ગુનાઓ સામે નાગરિકોએ ડર્યા વિના વધુ જાગરૂકતા સાથે ડિજિટલ પ્રક્રિયાઓ કરવા જણાવ્યું છે. વડાપ્રધાનના નેતૃત્વમાં છેલ્લા 11 વર્ષોમાં ભારતમાં ડિજિટલ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ સર્જાઇ છે. ભારતમાં ઈન્ટરનેટના વપરાશકર્તાઓની સંખ્યા અત્યારે 100 કરોડથી પણ વધુ છે.

# ગ્રીન નેટનું સ્ટ્રક્ચર હટાવતી વખતે મજૂર નીચે પટકાયો, ગંભીર ઈજા

## ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયો, કાંકરિયા લેક ફ્રન્ટ પાસે દુર્ઘટના

**અમદાવાદ, તા.01**

અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પાસે ગઈકાલે રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો છે. શહેરમાં કાળઝાળ ગરમીથી નાગરિકોને રાહત આપવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરિયા ગેટ નંબર 1 પાસે લોખંડના મોટા સ્ટ્રક્ચર પર ગ્રીન નેટ લગાવવામાં આવી હતી. જો કે, હવે ગરમીનું જોર ઘટતાં આ સ્ટ્રક્ચરને હટાવવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન એક મજૂર ઊંચાઈ પરથી નીચે પટકાયો હતો.



આ ઘટના ગઈકાલે(31 મે) મોડી રાત્રે કાંકરિયા ગેટ નંબર 1 પાસે બની હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉનાળાની ગરમી સામે પ્રોટેક્શન આપવા માટે જે લોખંડનું મોટું સ્ટ્રક્ચર ઊભું કરાયું હતું, તેને હટાવવાનું કામ મજૂરો દ્વારા કરવામાં આવી રહ્યું હતું. આ કામગીરી દરમિયાન અચાનક સંતુલન બગડવાના કારણે એક મજૂર સીધો નીચે રોડ પર પટકાયો હતો. ઘટના એટલી ગંભીર હતી કે મજૂરને હાથ અને કમરના ભાગે ભારે ઈજાઓ પહોંચી છે. અકસ્માત થતાં જ આસપાસના લોકો અને સાથી કર્મચારીઓ દોડી આવ્યા હતા અને તાત્કાલિક ધોરણે 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત મજૂરને પ્રાથમિક સારવાર આપીને તાત્કાલિક મણિનગર વિસ્તારમાં આવેલી એલ.જી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. આ ઘટનાને પગલે કોર્પોરેશનની કામગીરી દરમિયાન મજૂરોની સુરક્ષાને લઈને પણ ફરી એકવાર સવાલો ઊભા થઈ રહ્યા છે. આ ઘટના ગઈકાલે(31 મે) મોડી રાત્રે કાંકરિયા ગેટ નંબર 1 પાસે બની હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉનાળાની ગરમી સામે પ્રોટેક્શન આપવા માટે જે લોખંડનું મોટું સ્ટ્રક્ચર ઊભું કરાયું હતું, તેને હટાવવાનું કામ મજૂરો દ્વારા કરવામાં આવી રહ્યું હતું. શહેરમાં કાળઝાળ ગરમીથી નાગરિકોને રાહત આપવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરિયા ગેટ નંબર 1 પાસે લોખંડના મોટા સ્ટ્રક્ચર પર ગ્રીન નેટ લગાવવામાં આવી હતી.

# ગુજરાતમાં વસ્તી ગણતરીનો પ્રારંભ: 1 લાખ 10 હજાર ગણતરીકારો અને 12 હજાર સુપરવાઈઝર ફિલ્ડમાં ઉતર્યા, ઘરે-ઘરે જઈને હાઉસ લિસ્ટિંગ કરાશે

**ગાંધીનગર, તા.01**

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજે 1 જૂનથી 'વસતી ગણતરી-2027'ના પ્રથમ તબક્કાનો વિધિવત પ્રારંભ થયો છે. દેશની 16મી અને આઝાદી પછીની 8મી જનગણના તરીકે ઈતિહાસમાં અંકિત થનારી આ પ્રક્રિયા રાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરાશે.

જો કોઈ નાગરિકો ખોટી વિગત આપશે કે ઈન્કાર કરશે તો તેની સામે કાર્યવાહી થઈ શકે છે. તો બીજી તરફ નાગરિકોને આવક, દસ્તાવેજો અને બેંક વિગતો ન આપવા જણાવાયું છે. રાજ્યના વસતી ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ આ દેશવ્યાપી મહાઅભિયાનમાં સક્રિય સહભાગી થઈ સાચી વિગતો નોંધાવવા તમામ નાગરિકોને સત્તાવાર અનુરોધ કર્યો છે.

રાજકોટ જિલ્લામાં વસ્તીગણતરી-2027 અન્વયે આજથી હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ ઓપરેશન (HLO) ની વ્યાપક કામગીરીનો પ્રારંભ કરી દેવાયો છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના તાલીમબદ્ધ ગણતરીદારો અને સુપરવાઈઝર સહિતની ટીમોએ ફિલ્ડમાં ઉતરીને વસ્તીગણતરીના પ્રથમ તબક્કાનું પ્રશાસનિક કાર્ય હાથ ધર્યું છે. સમગ્ર જિલ્લામાં આ પ્રક્રિયા સુચારુ અને સચોટ રીતે સંપન્ન થાય તે માટે મનપા અને વહીવટી તંત્રએ તમામ સ્તરે વિસ્તૃત આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ ગોઠવી છે.

વસ્તી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું કે અગાઉ જાહેર કરાયેલા 25 પ્રશ્નોની સ્વ-ગણતરી પ્રક્રિયામાં અનેક લોકોએ માહિતી ભરી દીધી છે. હવે 1 જૂનથી રાજ્યભરમાં પ્રથમ તબક્કા તરીકે હાઉસ લિસ્ટિંગ (ઘરયાદી)ની કામગીરી શરૂ થઈ છે, જેમાં આશરે 1 લાખ 10 હજાર ગણતરીકારો અને 12 હજાર સુપરવાઈઝર ફિલ્ડમાં ઉતર્યા છે. ગણતરીકારો ઘરે-ઘરે જઈને હાઉસ લિસ્ટિંગ કરશે તેમજ 33 પ્રશ્નોની માહિતી એકત્રિત કરશે. સ્વ-ગણતરી દરમિયાન ભરાયેલી વિગતોમાં કોઈ સુધારો કરાવવો હોય તો નાગરિકો ગણતરીકારને જરૂરી માહિતી આપી શકશે.

ગણતરીકારોની ટ્રેનિંગ ગયા અઠવાડિયે પૂર્ણ થઈ ગઈ હતી અને હવે દરેક ઘર સુધી પહોંચી ડિજિટલ જિયો-મેપિંગ સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજકોટ અધિક જિલ્લા વસ્તીગણતરી અધિકારીની કચેરી દ્વારા પ્રાપ્ત થયેલી સત્તાવાર વિગતો અનુસાર, હાઉસ લિસ્ટિંગ કામગીરી દરમિયાન ગણતરીદારો સૌથી પહેલા તેમને



ફાળવવામાં આવેલા ચોક્કસ ભૌગોલિક વિસ્તારો કે બ્લોકની રૂબરૂ મુલાકાત લેશે. પ્રક્રિયા દરમિયાન તેઓ જે-તે વિસ્તારની ચોક્કસ ભૌગોલિક ઓળખ પ્રસ્થાપિત કરશે અને ત્યારબાદ ત્યાં આવેલા તમામ ઘરોનું વૈજ્ઞાનિક પદ્ધતિથી નંબરિંગ કરવાની કામગીરી પૂર્ણ કરશે.

આ વ્યાપક ઝુંબેશને સફળ બનાવવા માટે રાજકોટ જિલ્લાના 11 તાલુકા, 6 નગરપાલિકા વિસ્તાર તેમજ 1 ઔદ્યોગિક નોટિફાઈડ એરિયા સહિતના તમામ ભૌગોલિક ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. આ તમામ વિસ્તારોમાં કુલ 2711 જેટલા પ્રશિક્ષિત ગણતરીદારો સીધા ફિલ્ડ વર્ક માટે તહેનાત કરાયા છે. તેમજ ગણતરીદારોની કામગીરીનું સતત મોનિટરિંગ, માર્ગદર્શન અને વહીવટી સંકલન જાળવી રાખવા માટે 446 સુપરવાઈઝર્સની નિમણૂક કરી છે, જેઓ સતત ફિલ્ડમાં રહીને નિરીક્ષણ કરી રહ્યા છે.

ફિલ્ડ વર્ક દરમિયાન કોઈપણ તાત્કાલિક જરૂરિયાત કે અણધાર્યા સંજોગોને પહોંચી વળવા માટે પ્રશાસન દ્વારા 271 ગણતરીદારો અને 48 સુપરવાઈઝર્સને રિઝર્વ (અનામત) રાખવામાં આવ્યા છે. વસ્તી ગણતરી જેવી રાષ્ટ્રીય મહત્વની કામગીરીમાં કોઈ ક્ષતિ ન રહી જાય અને સમગ્ર ઓપરેશન પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે પૂર્વતૈયારીના ભાગરૂપે જિલ્લાના 11 તાલુકા અને 6 નગરપાલિકાના કુલ મળીને 3400થી વધુ ગણતરીદારો અને સુપરવાઈઝર્સને નિષ્ણાતો દ્વારા ખાસ વ્યાવસાયિક ટ્રેનિંગ આપવામાં આવી છે.

ફિલ્ડ સ્તરે ચાલી રહેલી કામગીરી અંગે વોર્ડ નંબર 12ના ચાર્જ ઓફિસર રાજેશ ચત્રભુજે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાની આ કામગીરી માટે તમામ ગણતરીદારો અને સુપરવાઈઝર્સને તેના નિયત બ્લોકની ફાળવણી અગાઉથી જ કરી દેવામાં આવી છે. ઉપરાંત ગણતરીદારોને કામગીરી દરમિયાન યોગ્ય ગાઈડલાઈન્સ મળી રહે તે માટે સુપરવાઈઝર સ્ટાફ સતત સાથ-સહકાર આપી રહ્યો છે. અત્યાર સુધી ફિલ્ડમાં ગણતરીદારોને નાગરિકો તરફથી સારો અને સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. જેને લઈને કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રજા વસ્તી ગણતરીની ટીમને સંપૂર્ણ સહયોગ આપીને પોતાના પરિવાર અને મકાન અંગેની પ્રાથમિક વિગતો સરળતાથી શેર કરી રહી છે, જેના કારણે પ્રથમ તબક્કાનું આ હાઉસ લિસ્ટિંગનું કાર્ય ખૂબ સરળતાથી આગળ વધી રહ્યું છે. આ હાઉસ લિસ્ટિંગની પ્રક્રિયા સંપૂર્ણપણે આટોપી લીધા બાદ જ આગામી સમયમાં વ્યક્તિગત વસ્તી ગણતરીનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. વોર્ડ નંબર 12 સહિત સમગ્ર રાજકોટ જિલ્લાની જાહેર જનતાને આ પ્રક્રિયામાં તંત્રને સાચો અને પૂરતો સહયોગ આપવા માટે અપીલ પણ તેમણે કરી હતી.

જ્યારે ગાંધીનગર મહાપાલિકા જુનિયર ક્લાર્ક અને વસ્તી ગણતરીના ગણતરીદાર સુરભી અસારીએ જણાવ્યું કે ડિજિટલ વસ્તી ગણતરી માટે તેમની નિમણૂંક કરવામાં આવી છે અને તેમને ફાળવવામાં આવેલા વિસ્તારની માહિતી મેળવવા માટે હાલ ગણતરીદારો મેદાનમાં ફરી રહ્યા છે. તેઓ સોસાયટીઓમાં જઈને પ્રમુખોને મળી જરૂરી વિગતો એકત્ર કરી રહ્યા છે.

હાલમાં વિસ્તારમાં આવેલા મકાનો અને ઘરોની સંખ્યા નક્કી કરવા માટે મેપિંગની કામગીરી હાથ ધરાઈ રહી છે. મેપિંગ પૂર્ણ થયા બાદ ઘરે-ઘરે જઈને નાગરિકો પાસેથી 33 પ્રશ્નોના જવાબ મેળવી વસ્તી ગણતરીની માહિતી એકત્ર કરવામાં આવશે.

રાજ્યના તમામ જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ ગામડાઓમાં વસ્તી ગણતરી યોજાશે. આ વસ્તી ગણતરીમાં 1,10,598 હાઉસલિસ્ટિંગ બ્લોક્સ (HLBs), 1,09,038 ગણતરીદારો તેમજ 18,254 સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ગણતરીદારો, સુપરવાઈઝર અને અન્ય વસ્તી ગણના અધિકારીઓને ત્રણ તબક્કામાં તાલીમ પણ આપવામાં આવી છે.

આ એક મહિના દરમિયાન ગણતરીદારો દ્વારા ઘરેઘરે જઈને 'ઘર-યાદી અને મકાનોની ગણતરી' (HLO) કરવામાં આવશે. જેમાં આવાસની સ્થિતિ, પરિવારના સભ્યો, પીવાનું પાણી, શૌચાલયની સુવિધા અને અન્ય ભૌતિક અસ્કયામતોને લગતા કુલ 33 પ્રશ્નો આધારિત ડેટા એકત્રિત કરાશે.

આ આખરી તબક્કામાં મુખ્ય વસતી ગણતરીની સાથે દેશના ઈતિહાસમાં પ્રથમવાર સત્તાવાર રીતે 'જાતિ ગણતરી' (PE)ની કામગીરી પણ સંયુક્ત રૂપે પૂર્ણ કરવામાં આવશે.

વસતી ગણતરીની કામગીરી દરમિયાન ઘરના મુખ્ય વ્યકિતને કર્મચારી દ્વારા અલગ અલગ 33 સવાલો પૂછવામાં આવશે. જેમાં ચાર બાબત એવી છે કે, આ વસતી ગણતરીમાં પ્રથમવાર સમાવેશ કરવામાં આવ્યો છે. તમે ઈન્ટરનેટ, સ્માર્ટ ફોન, બોટલ્ડ વોટલ વાપરો છો?, તમે કયુ ધાન્ય વધારે ખાવ છો? તેની પ્રથમવાર માહિતી મેળવાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકાએ ઈરાનની રડાર-ડ્રોન કંટ્રોલ સાઈટ્સ પર હુમલો કર્યો: ઈરાને વળતા હુમલામાં એરબેઝને નિશાન બનાવ્યું, ઈરાની રાષ્ટ્રપતિના રાજીનામાનો દાવો

વોશિંગ્ટન, તા.01

અમેરિકાએ કહ્યું કે અમે ઈરાનના ગોરુક અને કેશમ દ્વીપ પર રડાર અને ડ્રોન કંટ્રોલ સાઈટ્સને નિશાન બનાવ્યા. આ હુમલો આત્મરક્ષામાં કરવામાં આવ્યો હતો. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ જણાવ્યું છે કે આ કાર્યવાહી ઈરાનની આક્રમક ગતિવિધિઓના જવાબમાં કરવામાં આવી હતી. અમેરિકાએ આરોપ લગાવ્યો કે ઈરાને રવિવારે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં એક અમેરિકી MQ1 ડ્રોનને તોડી પાડ્યું હતું. CENTCOM અનુસાર અમેરિકી સેનાએ ઈરાનના એર ડિફેન્સ સિસ્ટમ, એક ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન અને બે ડ્રોનને નષ્ટ કર્યા. અમેરિકાનો દાવો છે કે આ ડ્રોન પ્રાદેશિક દરિયાઈ માર્ગો પરથી પસાર થઈ રહેલા જહાજો માટે સીધો ખતરો બની રહ્યા હતા.

બીજી તરફ, ઈરાનની ઈસ્લામિક રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો કે અમે તે એરબેઝને નિશાન બનાવ્યું, જેનો ઉપયોગ સીરિક દ્વીપ નજીક અમેરિકી ઓપરેશનમાં થયો હતો. IRGC નું કહેવું છે કે આ હુમલો સીરિક દ્વીપ પર ટેલિકોમ ટાવર પર થયેલા અમેરિકી હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો. જોકે, ઈરાને તે એરબેઝનું સ્થાન જણાવ્યું નથી.

તે જ સમયે, 'ઈરાન ઈન્ટરનેશનલ'ના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનએ રાજીનામું આપી દીધું છે. રિપોર્ટ અનુસાર, પજશકિયાનએ આરોપ લગાવ્યો હતો કે દેશની સત્તા પર હવે સંપૂર્ણપણે IRGCના કમાન્ડરોનું નિયંત્રણ છે. જોકે, પ્રેસિડેન્ટ કાર્યાલયના સંચાર અને માહિતી પ્રસાર વિભાગના ડેપ્યુટી ચીફ સૈયદ મેહદી તબાતબાઈએ આ દાવાને અફવા ગણાવીને ફગાવી દીધો હતો.

બ્યુફોર્ટ કિલ્લા પર ઈઝરાયલનો કબજો: ઈઝરાયલી સેનાએ દક્ષિણ



લેબનોનમાં 900 વર્ષ જૂના બ્યુફોર્ટ કિલ્લા અને આસપાસની ટેકરીઓ પર કબજો કરી લીધો. આ છેલ્લા 26 વર્ષમાં ઈઝરાયલની લેબનોનમાં સૌથી મોટી ઘૂસણખોરી છે.

ઈમરજન્સી મીટિંગ બોલાવવાની માગ: ફ્રાન્સે લેબનોનમાં ઈઝરાયલની વધતી લશ્કરી કાર્યવાહીને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની તાત્કાલિક બેઠક બોલાવવાની માગ કરી છે.

ટ્રમ્પ બોલ્યા- ઈરાની સેના વિરુદ્ધ કડક કાર્યવાહી નહીં: ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકાએ ઈરાની સેના પર એટલી કડક કાર્યવાહી કરી નથી, જેટલી તે બીજા દેશોની સેનાઓ વિરુદ્ધ કરતો રહ્યો છે.

ઈરાનને અમેરિકા પર ભરોસો નથી: ઈરાને કહ્યું છે કે જ્યાં સુધી એ ભરોસો ન થઈ જાય કે તેના અધિકારો સંપૂર્ણપણે સુરક્ષિત છે, ત્યાં સુધી અમેરિકા સાથેના કોઈપણ કરારને મંજૂરી આપવામાં આવશે નહીં.

અમેરિકાએ ઈરાન જઈ રહેલા જહાજને રોક્યું: અમેરિકાએ ઈરાન તરફ જઈ રહેલા વધુ એક માલવાહક જહાજને રોકી દીધું. 17 એપ્રિલથી અત્યાર સુધી અમેરિકા 6 જહાજોને ઈરાન જતાં રોકી ચૂક્યું છે. સાઉદી અરેબિયાએ કુવૈત પર થયેલા ઈરાની હુમલાની સખત નિંદા કરી છે. સાઉદી વિદેશ મંત્રાલયે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે તે આ હુમલાને સંપૂર્ણપણે નકારે છે. મંત્રાલય અનુસાર, આ કુવૈતની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન છે અને આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ છે.

સાઉદી અરેબિયાએ કહ્યું કે આવા બનાવો ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોને નબળા પાડે છે અને તણાવમાં વધુ વધારો કરે છે.

જાપાનના વડાપ્રધાને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સાથે ફોન પર વાત કરી અને અમેરિકા સાથે સમજૂતી કરવા માટે સકારાત્મક વલણ અપનાવવા અપીલ કરી.

તાકાઈચીએ કહ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં ઈરાન પાસે સમજૂતી માટે સારી તક છે અને તેણે તેનો લાભ લેવો જોઈએ.

તેમણે હોર્મુઝ સ્ટ્રેટને વહેલી તકે ખોલવાની પણ માગ કરી. જાપાનનું કહેવું છે કે આ માર્ગેથી એશિયા અને વિશ્વના ઘણા દેશોના જહાજો પસાર થાય છે, તેથી ત્યાં અવરજવર સુરક્ષિત અને સામાન્ય હોવી જોઈએ.

અમેરિકી સેનાના સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ દાવો કર્યો છે કે કુવૈતમાં તૈનાત અમેરિકી સૈનિકોને નિશાન બનાવીને છોડવામાં આવેલી બે ઈરાની બેલિસ્ટિક મિસાઈલોને હવામાં જ તોડી પાડવામાં આવી હતી.

# ભારતીય જમીન પચાવી પાડવાના દાવા સામે નેપાળી સંસદમાં વિરોધ: વિપક્ષે કહ્યું- PM બાલેન પુરાવા આપે, અથવા નિવેદન પાછું ખેંચે

નવી દિલ્હી, તા.01



નેપાળના વડાપ્રધાન બાલેન શાહે રવિવારે કહ્યું હતું કે માત્ર ભારતે જ નેપાળી જમીન પર કબજો કર્યો નથી, પરંતુ નેપાળે પણ કેટલાક ભારતીય વિસ્તારો પર કબજો કર્યો છે.

આ નિવેદનનો આજે નેપાળની સંસદમાં જોરદાર વિરોધ થયો, વિપક્ષી દળોએ બાલેન શાહ પાસેથી ભારત સાથે જોડાયેલા આ વિવાદાસ્પદ દાવા પર જવાબ માંગ્યો.

વિપક્ષી સાંસદોએ વડાપ્રધાનને કહ્યું કે કાં તો તેઓ પોતાનું નિવેદન પાછું ખેંચે અથવા તેના સમર્થનમાં નક્કર પુરાવા રજૂ કરે. વિપક્ષનો આરોપ છે કે વડાપ્રધાનનો આ દાવો નેપાળના રાષ્ટ્રીય હિતોને નુકસાન પહોંચાડનારો છે.

સાંસદોનું કહેવું છે કે પૂરતા પુરાવા વિના આવા નિવેદન દેશની વિદેશ નીતિ અને પડોશી દેશો સાથેના સંબંધો પર અસર કરી શકે છે.

ગઈ કાલે બાલેન શાહે આપ્યું હતું નિવેદન નેપાળના વડાપ્રધાન બાલેન શાહે ભારત-નેપાળ સરહદ વિવાદ પર મોટું નિવેદન આપ્યું. કાઠમંડુ પોસ્ટ અનુસાર, તેમણે કહ્યું કે માત્ર ભારતે જ નેપાળી જમીન પર અતિક્રમણ કર્યું નથી, પરંતુ નેપાળે પણ ઘણી જગ્યાએ ભારતીય વિસ્તારો પર અતિક્રમણ કર્યું છે.

રવિવારે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં શાહે કહ્યું, "વડાપ્રધાન બન્યા પછી મને આ જાણવા મળ્યું છે. બંને દેશોએ બેસીને આ મામલાની તપાસ કરવી જોઈએ."

ભારત અને ચીન વચ્ચે લિપુલેખ અને લિમ્પિયાધુરાના માર્ગે થતા વેપાર અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં શાહે કહ્યું કે વિવાદોનો ઉકેલ રાજદ્વારી વાટાઘાટો દ્વારા લાવવામાં આવશે.

તેમણે જણાવ્યું કે નેપાળે પહેલાથી જ ભારતને એક સત્તાવાર રાજદ્વારી નોટ મોકલી છે અને ભારત તરફથી તેનો જવાબ પણ મળી ગયો છે. તેમણે કહ્યું કે આ સરહદ વિવાદ અંગે માત્ર ભારત અને ચીન જ નહીં, પરંતુ બ્રિટન સાથે પણ વાતચીત કરી છે.

# કેરળમાં દોઢ વર્ષના બાળકનું મારપીટથી મોત: લાઈટર-સિગારેટથી ડામ આપ્યા, શરીર પર 51 ઈજાના નિશાન

તિરુવનંતપુરમ, તા.01

કેરળના તિરુવનંતપુરમ જિલ્લાના નેડુમંગડમાં સતત શારીરિક ત્રાસ અને મારપીટથી દોઢ વર્ષના બાળકનું મોત થયું. પોલીસે બાળકની માતા અખિલા (24) અને તેના લિવ-ઈન પાર્ટનર અશ્કર (31) ને 31 મેના રોજ ધરપકડ કરી છે. બાળકનું નામ અર્શિત હતું.

આરોપી અશ્કર 29 મેની સાંજે બાળકને ગંભીર હાલતમાં તિરુવનંતપુરમની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. તેણે ડોકટરોને જણાવ્યું કે બાળકના ગળામાં ખોરાક ફસાઈ ગયો હતો, પરંતુ હોસ્પિટલમાં દાખલ થયાના થોડી જ મિનિટોમાં તેનું મોત થયું.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું કે બાળકના શરીર પર કુલ 51 ઈજાના નિશાન હતા. પગ પર સિગારેટ અને લાઈટરથી દાઝવાના નિશાન મળ્યા. પ્રાઈવેટ પાર્ટ પર પણ ઈજાઓ હતી. મોતનું કારણ ગંભીર આંતરિક રક્તસ્રાવ (ઈન્ટરનલ બ્લીડિંગ) જણાવાયું.

તપાસમાં સામે આવ્યું કે બાળકના બાયોલોજિકલ પિતાનું 2024માં અવસાન થયું હતું. માતા બાળક સાથે લિવ-ઈન પાર્ટનર અશ્કર સાથે રહેતી હતી. આ



દરમિયાન અશ્કર બાળકને ત્રાસ આપતો રહ્યો, માતાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો ન હતો.

આરોપ છે કે અશ્કર બાળકનું માથું દીવાલ પર મારતો હતો. તેણે ઘણી વખત બાળકના પગ પર લાઈટર અને સિગારેટથી ડામ આપ્યા હતા. બે અઠવાડિયા પહેલાં, આરોપી માતા બાળકને ખોળામાં લઈને એક વ્લોગરના વીડિયોમાં રેકોર્ડ થઈ હતી. ત્યારે બાળકના બંને હાથ તૂટેલા હતા. હાથ પર પ્લાસ્ટર હતું.

વ્લોગરના પૂછવા પર માતાએ કહ્યું હતું કે બાળક સાયકલ પરથી પડી ગયું હતું. પરંતુ પોલીસને શંકા છે કે તેની મારપીટ દરમિયાન બાળકના હાથ તૂટી ગયા હતા. બાળકના મૃત્યુ સમયે તેની માતા તમિલનાડુમાં એક ડાન્સ કાર્યક્રમમાં ગઈ હતી. પોલીસે તેને પૂછપરછ માટે બોલાવી અને બાદમાં તેની ધરપકડ કરી લીધી.

31 મેના રોજ ધરપકડ બાદ બંને આરોપીઓને કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા. બાળકની નાની રીનાએ સ્થાનિક મીડિયાને જણાવ્યું કે તેમને અશ્કર પર પહેલેથી જ શંકા હતી. તેમણે ઘણી વાર પોતાની દીકરીને બાળકને તેમની પાસે છોડી દેવા વિનંતી કરી હતી, પરંતુ તેણે તેમ કર્યું નહીં.

રીનાનો આરોપ છે કે જ્યારે તેમણે બાળકની પટ્ટીઓવાળી તસવીર જોઈ, ત્યારે પણ તેમને લાગ્યું હતું કે અશ્કરે તેને માર્યો હશે. તેમણે પોલીસમાં ફરિયાદ પણ કરી હતી, પરંતુ તેના પર ગંભીરતાથી કાર્યવાહી થઈ નહીં.

આરોપી અશ્કરની પહેલી પત્નીની માતાએ પણ તેના પર ઘરેલું હિંસાના આરોપો લગાવ્યા છે. તેમણે દાવો કર્યો કે લગ્ન દરમિયાન અશ્કર તેમની દીકરીને ખરાબ રીતે મારતો હતો અને તેનું માથું દીવાલ સાથે અથડાવતો હતો. પોલીસનું કહેવું છે કે અશ્કર વિરુદ્ધ અગાઉ કોઈ ગુનાહિત કેસ નોંધાયેલો નથી. જોકે તેના જૂના રેકોર્ડની પણ તપાસ કરવામાં આવશે.

# લગ્નનાં થોડાં કલાકોમાં જિંદગીનો છેલ્લો પ્રવાસ: દુલ્હનની આંખ ખુલી તો છાતી પર પતિનો મૃતદેહ હતો, કલાકો કાટમાળમાં ફસાયેલી રહી

વોશિંગ્ટન, તા.01

અમેરિકાના જ્યોર્જિયામાં લગ્નના થોડા કલાકો પછી ભારતીય મૂળના પાઈલટ ડેવ ફિજીનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ થયું. આ દુર્ઘટનામાં હેલિકોપ્ટર પાઈલટનો પણ જીવ ગયો, જ્યારે દુલ્હન જેસ્ની ઘાયલ અવસ્થામાં લગભગ છ કલાક સુધી કાટમાળમાં ફસાયેલી રહી. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે નવદંપતી લગ્ન પછી ખાસ વિદાય માટે હેલિકોપ્ટરથી રવાના થયું હતું.

શુક્રવારે ડોસનવિલ સ્થિત 'ધ રિવરે' વેડિંગ વેન્યુમાં ડેવ ફિજી અને જેસ્નીના લગ્ન થયા હતા. સમારોહમાં લગભગ 400 મહેમાનો હાજર રહ્યા હતા. પરિવાર અને મિત્રો વચ્ચે ઉત્સવનો માહોલ હતો. લગ્ન પછી બંને માટે હેલિકોપ્ટર વિદાયની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

ડેવ અને જેસ્ની રોબિન્સન R66 હેલિકોપ્ટરમાં સવાર થઈને ડીકાલ્બ-પીચટ્રી એરપોર્ટ જવાના હતા, જ્યાંથી તેમને એટલાન્ટામાં રાત વિતાવવાની હતી. પરંતુ ઉડાન ભર્યાના થોડા સમય પછી જ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું.

ડેવના પિતા જ્યોર્જ ફિજીએ જણાવ્યું કે, 'મારો દીકરો ખૂબ ખુશ હતો. હું તેને જોઈ રહ્યો હતો અને તેની ખુશી અનુભવી રહ્યો હતો. તે ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યો હતો.'

જ્યોર્જ અનુસાર, ડેવ અને જેસ્નીની મિત્રતા ચર્ચ દ્વારા થઈ હતી. બંને પરિવારોનો સંબંધ અમેરિકી રાજ્યો સાઉથ કેરોલિના અને જ્યોર્જિયાના ચર્ચ સમુદાયો સાથે રહ્યો છે. મિત્રતા ધીમે ધીમે પ્રેમમાં બદલાઈ અને બંનેએ જીવનસાથી બનવાનો નિર્ણય કર્યો.

પરિવાર અનુસાર, ડેવ ફિજી બાળપણથી જ પાઈલટ બનવા માંગતો હતો. તેણે પોતાની મહેનત અને લગનથી આ સપનું પૂરું કર્યું અને બાદમાં ડેલ્ટા એર લાઈન્સમાં ફર્સ્ટ ઓફિસર તરીકે નિયુક્ત થયો.

ડેવને ઉડ્ડયન અને વિમાનન ક્ષેત્ર પ્રત્યે ખૂબ લગાવ હતો. પરિવાર અનુસાર તે અત્યંત શિસ્તબદ્ધ અને જવાબદાર વ્યાવસાયિક પાઈલટ હતો.

દુર્ઘટના પહેલા ડેવે હવામાન અંગે ચિંતા પણ વ્યક્ત કરી હતી. તેના પિતા અનુસાર, સમારોહ પૂરો થવા સુધી વિસ્તારમાં ધુમ્મસ અને વરસાદ વધી ગયો હતો, જેના



કારણે વિઝિબિલિટી લગભગ શૂન્ય થઈ ગઈ હતી.

જ્યોર્જ ફિઝીએ જણાવ્યું, 'ડેવે હેલિકોપ્ટર પાઈલટને કહ્યું હતું કે આવી વિઝિબિલિટીમાં અમે ઉડાન ભરતા નથી. તેણે સ્પષ્ટ કહ્યું હતું કે પરિસ્થિતિ ઉડાન માટે યોગ્ય નથી.'

જોકે, પરિવાર અનુસાર હેલિકોપ્ટર પાઈલટે જવાબ આપ્યો કે તેઓ વધુ ઊંચાઈ પર ઉડાન ભરશે અને યાત્રા ચાલુ રાખવામાં આવી.

ઉડાનના થોડા સમય પછી હેલિકોપ્ટર ડોસનવિલ નજીક ગાઢ જંગલવાળા વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયું. વિસ્તારની ભૌગોલિક સ્થિતિ અને ગાઢ વૃક્ષોને કારણે દુર્ઘટના સ્થળ શોધવામાં રાહત ટીમોને ઘણો સમય લાગ્યો. જ્યોર્જ ફિજીએ જણાવ્યું કે શોધ ટીમોને હેલિકોપ્ટરનો કાટમાળ શોધવામાં ઘણા કલાકો લાગ્યા. આ જ કારણે બચાવ અભિયાન પણ મોડું શરૂ થઈ શક્યું. પરિવાર અનુસાર, જેસ્ની લગભગ છ કલાક સુધી દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરના કાટમાળમાં ફસાયેલી રહી. જ્યારે તેમને ભાન આવ્યું ત્યારે તેમણે પોતાને તૂટેલા હેલિકોપ્ટરની વચ્ચે જોયા.

જ્યોર્જ ફિજીએ જણાવ્યું કે જેસ્નીએ તેમને જે ઘટના કહી, તે અત્યંત પીડાદાયક હતી. તેમણે કહ્યું, 'જેસ્નીએ જણાવ્યું કે જ્યારે તેની આંખ ખુલી ત્યારે તે કાટમાળ નીચે હતી. તેણે જોયું કે ડેવ તેના છાતી પર પડ્યા હતા. જેસ્ની વ્યવસાયે નર્સ છે. તેથી તેણે તરત જ સમજી લીધું કે ડેવ હવે આ દુનિયામાં નથી રહ્યો.'

અકસ્માતમાં જેસ્નીને ઘણી જગ્યાએ ઈજાઓ અને કાપા પડ્યા છે, પરંતુ કોઈ હાડકું તૂટ્યું નથી. પરિવાર અનુસાર, તે શારીરિક રીતે ધીમે ધીમે સ્વસ્થ થઈ રહી છે, જોકે પતિને ગુમાવવાનો આઘાત ખૂબ ઊંડો છે.

જ્યોર્જે કહ્યું, 'તે સંપૂર્ણપણે ભાંગી પડી છે, પરંતુ સારવાર ચાલી રહી છે અને તે સ્વસ્થ થઈ રહી છે.'

અમેરિકાનું નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) અકસ્માતની તપાસ કરી રહ્યું છે. એજન્સીએ હજુ સુધી દુર્ઘટનાના કારણોની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

તપાસકર્તાઓ હવામાનની સ્થિતિ, ઉડાન માર્ગ, હેલિકોપ્ટરની તકનીકી સ્થિતિ અને પાઈલટના નિર્ણયો સહિતના તમામ પાસાઓની તપાસ કરી રહ્યા છે.

પુત્રના મૃત્યુ છતાં, જ્યોર્જ ફિજીએ કહ્યું કે તેમનો પરિવાર તેમના ખ્રિસ્તી વિશ્વાસના સહારે આ દુઃખનો સામનો કરી રહ્યો છે.

તેમણે કહ્યું, "ભગવાને અમને એક સંપૂર્ણ લગ્નનો દિવસ આપ્યો. થોડા જ કલાકો પછી બધું જ દુર્ઘટનામાં બદલાઈ ગયું. આવા સમયે અમારા પ્રશ્નો ઘણા છે, પરંતુ અમને શાંતિ અને જવાબો ફક્ત ભગવાનમાં જ મળે છે."

# પ્રાથમિક શિક્ષણમાં ગાબડાં અને ઉચ્ચ શિક્ષણમાં પેપર લિકના ભુવા પડયા છે!

## પઢેગા ઈન્ડિયા તો બઢેગા ઈન્ડિયા ! : શિક્ષણની દુર્દશા, અનેક સ્કુલોમાં શિક્ષકો નથી અને બાકીના વસતી ગણવામાં, અભ્યાસ સિવાયના કામમાં વ્યસ્ત

દેશમાં 2015માં સતત વિકાસ એજન્ડા 2030ની જાહેરાત કરાઈ હતી. તેના હેઠળ સંપૂર્ણ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો, નવા અવસરો આપવાનો અને વિકસાવાના અવસરો આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. નવી શિક્ષણ નીતિ પણ લાગુ કરવાને પ્રાથમિકતા આપવામાં આવી હતી. વિડંબણા જ એવી છે કે, 2030 તો નજીક આવી રહ્યું છે શિક્ષણમાં ક્યાંય સંપૂર્ણતા, ગુણવત્તા દેખાતા નથી : પ્રાથમિક શાળાઓમાં અંદાજે પાંચ કરોડ કરતા વધારે બાળકો છે જેમણે સામાન્ય લખતા વાંચતા કે ગણતરી કરતા આવડતું નથી. આ આંકડા ઉપરથી જ ખ્યાલ આવે છે કે, દેશમાં પ્રાથમિક શિક્ષણની કેવી અવદશા થયેલી છે. સાતમા ધોરણ સુધી પહોંચી જનારા વિદ્યાર્થીઓ પાસે સામાન્ય શબ્દો વાંચવાની, જોડાક્ષરો ઓળખવાની, ગુણાકાર, ભાગાકાર, સરવાળા અને બાદબાકી કરવાનું જ્ઞાન નથી : સ્કુલના મકાનો તૂટેલા છે, ગમે ત્યારે છતના કાંગરા ખરે છે, શહેરી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓમાં બહાર અનુપમ શાળાના કેસરીયા બોર્ડ મારી દેવાયા છે પણ અંદર બધે જ અંધારું છે. ઘણી સ્કુલોમાં લાઈબ્રેરી નથી, સાયન્સ લેબ અને કમ્પ્યુટર લેબ છે પણ તે બધી જ ચોપડે છે.

ભારતમાં શિક્ષણની પરિસ્થિતિ અત્યંત કફોડી થઈ ગઈ છે. પાયાગત શિક્ષણ તો સાવ ખાડે ગયું છે. વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જોઈએ તો ભારતમાં પાયાગત પ્રાથમિક શિક્ષણની સૌથી વધારે દુર્દશા થયેલી છે. દરેક જગ્યાએ શિક્ષણ મફત અને ફરજિયાત કરવામાં આવ્યું છે પણ બાળકો શાળા સુધી પહોંચે છે કે નહીં અથવા તો બાળકો શાળા છોડીને જતા રહે છે તેનો વિચાર કોઈ કરતું નથી. સ્કુલ ડ્રોપઆઉટનો દર હોય કે શિક્ષકોના અભાવનો રેશિયો હોય ભારતમાં ચારે તરફ આવું જ ચાલે છે. તેમાંય દેશ માટે કથિત મોડલ બનેલા ગુજરાતનું શિક્ષણ તો સાવ રસાતાળ થઈ ગયું છે.

એક તરફ મજબૂત ભવિષ્યનો પાયો નાખવાની વાત થાય છે અને પરીક્ષા પદ્ધતિ કે નોકરીઓ આપવામાં બેફામ ભ્રષ્ટાચાર અને ચોરીઓ થાય છે. ગમે તે જાહેર પરીક્ષા હોય તેના પેપર ફુટી જાય છે, લોકો લાચારીથી જોયા કરે છે અને ભ્રષ્ટાચારીઓ મજા કરે છે. તપાસના નામે થોડા સમય તીકડમ ચાલે છે પછી ફરી એવી જ સ્થિતિમાં પ્રજા જીવ્યા કરે છે. દેશમાં ૨૦૧૫માં સતત વિકાસ એજન્ડા ૨૦૩૦ની જાહેરાત કરાઈ હતી. તેના હેઠળ સંપૂર્ણ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો, નવા અવસરો આપવાનો અને વિકસાવાના અવસરો આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નવી શિક્ષણ નીતિ પણ લાગુ કરવાને પ્રાથમિકતા આપવામાં આવી હતી. તેના દ્વારા શિક્ષણ પ્રભાવક અને અસરકારક બનાવવાની વાતો કરાઈ હતી.

વિડંબણા જ એવી છે કે, ૨૦૩૦ તો નજીક આવી રહ્યું છે શિક્ષણમાં ક્યાંય સંપૂર્ણતા, ગુણવત્તા દેખાતા નથી. પ્રાથમિક શિક્ષણ પણ વ્યવસ્થાઓ અને સુવિધાઓની ગોઠવણો થકી મળતીયાઓને લાભ કરાવવાનો જ ધંધો બની ગયું છે. કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફળવાય છે પણ તે ક્યાં વપરાય છે, કેવી રીતે વપરાય છે તેને કોઈ જોનાર કે પુછનાર જ નથી. બાળકો સુધી સુવિધાઓ પહોંચી કે નહીં તેની કોઈ ગણતરી જ નથી. માત્ર કાગળો ઉપર અને ડેટા સેન્ટરોમાં ડેટા ભરાયા કરે છે અને તેના આધારે વિકાસનું વર્ચ્યુઅલ ચિત્ર બનતું જાય છે.

બીજી તરફ શિક્ષણ ક્ષેત્ર ઉપર નજર કરીએ તો ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવી હતી. આજે વર્ષ ૨૦૨૬ના પણ છ મહિના થવા આવ્યા ત્યાં સુધી તેને સંપૂર્ણ લાગુ કરી શકાઈ નથી. દરેક વિદ્યાર્થીને તેના ઘર પાસે જ ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવશે. સમાજથી વંચિત રહેલા સમુદાયો અને લોકોને કે પછી લઘુમતીઓમાં આવતા લોકોને પણ ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ મળે તેના માટે પ્રયાસ કરવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ અંગે સરકારે પ્રયાસો કર્યા છે તો તેમાંથી મોટભાગના તો તસવીરો ખેંચાવાના અને વાહવાહી લુંટવાના પ્રયાસો જેવા જ છે.

સરકાર દ્વારા મોટાભાગે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ ઉપર ફોકસ કરવામાં આવે છે કારણ કે તેમાં ખાનગીકરણ સારી રીતે થયું છે અને હજી થઈ રહ્યું છે. મેડિકલ, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, લિટરેચર અને અન્ય સેક્ટરમાં સતત નવી ખાનગી કોલેજો અને યુનિવર્સિટીઓ ખુલતી





રહે છે. સરકારી બેઠકો લિમિટેડ છે અને નવી ખાનગી બેઠકો વધતી જ રહે છે. તેના કારણે મળતીયાઓના ઘર ભરાતા રહે છે અને સરકારનું પણ પેટ ભરેલું રહે છે. બીજી તરફ ગરીબ બાળકોને શિક્ષણના નામે મધ્યાન ભોજન આપીને ખુશ કરી દેવાય છે.

વિશ્વના સૌથી યુવાન દેશ હોવાની વાતો કરતી સરકાર આ યુવાનોને જ પૂરતું શિક્ષણ આપી શકતી નથી. તેમને યોગ્ય અવસરો આપી શકતી નથી. પ્રાથમિક શિક્ષણ જ નબળું હશે તો તેના ઉપર ઈમારત પણ કેટલી નબળી ચણાશે તેની કોઈને ચિંતા જ નથી. ગામડાઓમાં, અંતરિયાળ વિસ્તારોમાં બાળકો અભ્યાસ છોડી રહ્યા છે. છોકરીઓને શારીરિક અને અન્ય સમસ્યાઓના કારણે અભ્યાસ છોડાવી દેવાય છે. સ્કૂલોમાં ડ્રોપઆઉટ રેટ વધ્યો છે તો સરકારે તેનો ઉકેલ લાવવાના બદલે તેની વ્યાખ્યા જ ફેરવી નાખી અને સબ સલામતના ઢોલ પીટવાનું શરૂ કરી દીધું છે.

તાજેતરમાં એક આંકડો આવ્યો છે જે આ પોલા ઢોલની પોલ ખોલી કાઢી છે. હાલમાં પ્રાથમિક શાળાઓમાં અંદાજે પાંચ કરોડ કરતા વધારે બાળકો છે જેમણે સામાન્ય લખતા વાંચતા કે ગણતરી કરતા આવડતું નથી. આ આંકડા ઉપરથી જ ખ્યાલ આવે છે કે, દેશમાં પ્રાથમિક શિક્ષણની કેવી અવદશા થયેલી છે. સાતમા ધોરણ સુધી પહોંચી જનારા વિદ્યાર્થીઓ પાસે સામાન્ય શબ્દો વાંચવાની, જોડાક્ષરો ઓળખવાની, ગુણાકાર, ભાગાકાર, સરવાળા અને બાદબાકી કરવાનું જ્ઞાન નથી. તેઓ પોતાની પ્રાદેશિક ભાષામાં એક ફકરો સાચી રીતે અને સારી રીતે વાંચી શકતા નથી.

શિક્ષણની આવી દશા પાછળ ઘણા કારણો જવાબદાર છે. એક તરફ શિક્ષકોનો અભાવ તો સૌથી મોટું કારણ છે. તેના કરતા પણ વધારે ભ્રષ્ટાચાર, મળતીયાવૃત્તિ અને સરકારની અવગણના અને અનિચ્છા પણ વધારે જવાબદાર છે. યોજનાઓને ભવ્ય નામ આપીને, વિકાસના ઉજળા લુગડા પહેરાવીને મોટા મોટા પોસ્ટરોમાં લોન્ચ કરવામાં આવે છે પણ તેનું અમલીકરણ થતું નથી. બાળકોને યોગ્ય રીતે ભણાવી શકે તેવા શિક્ષકો જ નથી. દેશમાં હજારો સ્કુલો એવી છે જે એકાદ શિક્ષકના આધારે ચાલે છે. હજારો સ્કુલો એવી છે જ્યાં નદી ઓળંગીને કે કલાકો સુધી ચાલીને કે પછી અન્ય મુશ્કેલીઓનો સામનો કરીને વિદ્યાર્થીઓ અને શિક્ષકો સ્કુલ સુધી પહોંચે છે. તેમને સુવિધા આપવામાં કોઈને રસ નથી. જ્યાં શિક્ષકો છે તેવા શહેરી વિસ્તારોમાં મોટાભાગે ચૂંટણીની કામગીરી, ઓફિસના કામ, પત્રકો ભરવાના, હાજરીઓ ભરવાની, મધ્યાન ભોજન કરાવવાનું, વસતી ગણતરી કરવાની અને બીજા બધા જ કામ કરાવવામાં આવે છે. આવી શાળાઓ પણ બે-ચાર શિક્ષકોના આધારે ચાલતી હોય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ૨૦૨૫ સુધીમાં પ્રાથમિક શાળાઓમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન આવે તેવું લક્ષ્યાંક રાખવામાં આવ્યું હતું. ૨૦૨૬નું વર્ષ અડધું થવા આવ્યું છતાં હજારો સ્કુલોમાં સ્થિતિ કફોડી છે. વિદ્યાર્થીઓને શિખવા માટેની પાયાગત સુવિધાઓ જ આપવામાં આવતી નથી ત્યાં વિદ્યાર્થીઓ કેવી રીતે ભણી શકશે. સ્કુલના મકાનો તૂટેલા છે, ગમે ત્યારે છતના કાંગરા ખરે છે, શહેરી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓમાં બહાર અનુપમ શાળાના કેસરીયા બોર્ડ મારી દેવાયા છે પણ અંદર બધે જ અંધારું છે. ઘણી સ્કુલોમાં લાઈબ્રેરી નથી, સાયન્સ લેબ અને કમ્પ્યુટર લેબ છે પણ તે બધી જ ચોપડે છે. સરકારી કાગળોમાં, પત્રકોમાં, ડેટા સેન્ટરોમાં વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ વિકાસ થઈ રહ્યો છે પણ વાસ્તવિકતામાં સરવાળે બધું જ શૂન્ય છે.

મોડલ સ્ટેટ ગુજરાતમાં તો જે સ્થિતિ છે તે જોઈને દુનિયાભરના શિક્ષણશાસ્ત્રીઓ હતપ્રભ છે. તાજેતરમાં આવેલા નીતિ આયોગના અહેવાલે સરકારના ચમકતા 'શિક્ષણ મોડલ'ના એવા લીરેલીરા ઉડાડયા છે. તેમાં જણાવાયું છે કે, રાજ્યની ૨૯૩૬ શાળાઓમાં માત્ર એક જ શિક્ષક છે. આ જ શિક્ષક ધોરણ ૧થી ૮ના તમામ વિષયોના જ્ઞાની પણ છે! જ્યારે બીજી તરફ, સરકારની સખાવતના દર્શન એવા થાય છે કે ૬૩ શાળાઓમાં ભણવા માટે એક પણ વિદ્યાર્થી નથી, છતાં ત્યાં ૭૮ શિક્ષકો રોજ હાજરી પૂરીને પગાર લઈ રહ્યા છે!

લોકમુખે બળાપો કાઢતા ચર્ચા ચાલી છે કે, શિક્ષણને વેપાર બનાવીને ખાનગી શાળાઓના માલિકોને કમાણી કરી આપવાનું આ એક સુઆયોજિત સરકારી મોડલ હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ભાજપના રાજમાં ગુજરાતમાં ૫૬૧૨ શાળાઓને તાળા વાગ્યા જેથી ગ્રામીણ વિસ્તારોના બાળકોનો શિક્ષણનો મૂળભૂત અધિકાર છીનવાઈ રહ્યો છે.

નીતિ આયોગના 'સ્કુલ એજ્યુકેશન સીસ્ટમ ઈન ઈન્ડિયા ટેમ્પરલ એનાલિસિસ એન્ડ પોલીસી રોડમેપ ફોર ક્વોલિટી એન્હાન્સમેન્ટ' અહેવાલે ગુજરાત સહિત દેશના સતત કથળતા શિક્ષણ અંગે સરકારની દિશાવિહીન અને ભ્રષ્ટાચારી વૃત્તિ વકરી હોવાનો અરિસો બતાવ્યો છે. હાલમાં દેશમાં એવી સ્થિતિ થઈ ગઈ છે કે, ગમે ત્યારે ગમે તે કોમ્પિટિટિવ પરીક્ષા થાય તેનું પેપર લીક થઈ જ જાય છે. નીટનું પેપર તાજેતરમાં લીક થયું, તેનો હોબોળો હાલ ચાલે છે પછી થોડા દિવસમાં શમી જશે. બે વર્ષ પહેલાં આવું જ થતું હતું. ત્યાર પછી શું થયું તે લોકોને ખબર નથી અને સરકારને ખબર પાડવી નથી. કોઈપણ ભોગે ખાનગી શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓને માન્યતા આપતા રહો, સરકારી તિજોરીઓ ભરતા રહો અને પ્રજાને ખંખેરતા રહો. વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળશે, તેઓ સક્ષમ થશે તો રોજગાર માગશે અને તેની પણ સરકાર પાસે વ્યવસ્થા નથી. તેના કરતા નેતાઓ અને મળતીયાઓની ઓપન યુનિવર્સિટીમાં જોડઓ, ભ્રષ્ટાચાર કરતા શીખો, નેતાઓ થકી વહિવટો મેળવતા શીખો, પેપર લખતા નહીં પેપર લીક કરતા શીખો, કરોડો કમાઓ, થોડા સમય જેલવાસ કરો અને ફરી ભ્રષ્ટાચાર કરીને છુટી જાઓ અને કંઈક નવો કાંડ કરો. સરકાર અને તંત્ર એક જ સૂત્ર ઉપર ચાલી રહ્યું છે કે, પઢેગા ઈન્ડિયા તભી.. બઢેગા ઈન્ડિયા... સરકાર તો ઈચ્છતી જ નથી કે પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી વિદ્યાથીઓ ભણે કે તેમને સુવિધાઓ મળે. વિકસિત ભારતમાં ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચારનું શિક્ષણ આપો અને શિક્ષણ, દેશ અને પ્રજાનું ધનોતપનોત કાઢો.

## તંત્રી લેખ

# ખોટી ફરિયાદો બાબતે સુપ્રિમ કોર્ટ કડક

સુપ્રિમ કોર્ટે લગ્ન જીવનના વિવાદોમાં ખોટા અને દુર્ભાવનાપૂર્ણ ફોજદારી કેસોની વધતી સંખ્યા બાબતે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું છે કે, કોર્ટો અને વકીલો બંનેની જવાબદારી છે કે અંગત દ્વેષને કારણે ફોજદારી કાયદાનો દુરઉપયોગ થતો રોકે. જસ્ટીસ બીવી નાગરત્ના અને જસ્ટીસ ઉજ્જલ ભૂયીઆની બેંચે પતિ અને એમના કુટુંબીઓ વિરુદ્ધ કરવામાં આવેલી ૧૦થી વધુ ફોજદારી ફરિયાદોને રદ કરતા આ ટીપ્પણી કરી હતી. આ કેસોમાં પોક્સો કાયદો અને ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) હેઠળ દુષ્કૃત્યની ફરિયાદોનો સમાવેશ પણ થાય છે. કોર્ટે ટીપ્પણી કરી હતી કે, 'લગ્ન જીવનના વિવાદોમાં ખોટા આક્ષેપો અને દ્વેષપૂર્ણ કેસોને કોર્ટે ઉત્તેજન આપવું જોઈએ નહીં. વકીલો ઉપર સામાજીક જવાબદારી છે અને કુટુંબ જીવનના સામાજીક બંધનને તૂટતુ બચાવવું જોઈએ. મરાઠા અનામત માટે લડી રહેલા મનોજ જરાંગેએ ૯મી વખત આમરણાત ઉપવાસ શરૂ કર્યા છે. મહારાષ્ટ્રના જલના જિલ્લામાં તેઓ પોતાના ટેકેદારો સાથે ભૂખ હડતાળ પર ઉતર્યા છે. મહારાષ્ટ્રની ગઠબંધન સરકારને ખબર છે કે, મરાઠા અનામત બાબતે મહારાષ્ટ્રના મરાઠાઓ ખૂબ સંવેદનશીલ છે. ભૂતકાળમાં પણ જેતે સરકારે મનોજ જરાંગે સાથે વાતચીત કરવી પડી છે. મનોજ જરાંગે ભૂખ હડતાળ પર ઉતરતા જ મરાઠા અનામત કેબિનેટ સબ કમીટીના ચેરમેન અને મંત્રી રાધાકૃષ્ણ વીખે પાટીલ જરાંગેને મળવા દોડી ગયા હતા. પાટીલે જરાંગેને એમનું આંદોલન પરત ખેંચવા વિનંતી કરી હતી. જરાંગેએ અંતરવાલી સરાતી ગામમાં આંદોલન શરૂ કર્યું છે. ભારે ગરમી વચ્ચે કોઈ મંડપ બાંધ્યા વગર તેઓ ખુલ્લામાં ભૂખ હડતાળ કરી રહ્યા છે. એમણે સરકારને વારંવાર વિનંતી કરી હોવા છતાં પણ સરકારે ધ્યાન આપ્યું નહોતું. પશ્ચિમ બંગાળમાં જ્યારે સામ્યવાદીઓ સત્તામાં હતા ત્યારે ટાટા ગુરપને પ્લાન્ટ નાખવા માટે સિંગુરમાં જમીન ફાળવવામાં આવી હતી. એ વખતે મમતા બેનર્જીએ મોટુ આંદોલન ચલાવીને ટાટા ગુરપને બંગાળમાંથી પરત કર્યું હતું. દુભાયેલા ઉદ્યોગગૃહોએ ત્યાર પછી બંગાળમાં નવા ઉદ્યોગો સ્થાપવાનું માંડી વાળ્યું હતું. હવે બંગાળમાં ભાજપ સરકાર સત્તા પર આવ્યા પછી બંગાળના ભાજપ પ્રમુખ સમીક ભટ્ટાચાર્યએ ટાટા ગુરપને સિંગુરમાં પાછા આવવા આમંત્રણ આપ્યું છે. એમનું માનવું છે કે જો બંગાળમાં ટાટા ગુરપ ફરીથી પ્લાન્ટ નાખે તો રાજ્યમાં બીજા ઈન્વેસ્ટરો આવવા માટે પણ વિચારશે. એમના મતે રાજ્યમાં ટાટાને કોઈપણ હિસાબે પરત લાવવું આવશ્યક છે. હમણા રાજ્યની ઈમેજ ઉદ્યોગ વિરોધી છે. આ ઈમેજ બદલવી હોય તો ફરીથી વિવિધ ઉદ્યોગોને બંગાળમાં લાવવા પડશે. કર્ણાટકમાં કોંગ્રેસની નવી સરકાર બની રહી છે. ડી કે શિવકુમાર નવા મુખ્યમંત્રી બનશે. ડી કે શિવકુમારને જ્યોતિષીમાં ભારે વિશ્વાસ છે. શિવકુમારના જ્યોતિષી આરાધ્યએ કહ્યું છે કે શિવકુમાર ૩જી જૂને સાંજે ૫.૧૫ વાગ્યે મુખ્યમંત્રી પદના સોંગદ લેશે. આ સલાહ એમને આપવામાં આવી છે. કર્ણાટકમાં નવી સરકાર બને એ પહેલા કોંગ્રેસ મહામંત્રી કેસી વેણુગોપાલને અને કર્ણાટકના પ્રભારી રણદીપસિંહ સુરજેવાલા બેંગલુરુ પહોંચી ગયા છે. કોંગ્રેસ નેતા સતીષ જારકીહોલીએ કહ્યું છે કે, સિદ્ધારમૈયાએ શરૂ કરેલી કામગીરી ચાલુ રહેશે. આ જવાબદારી અમારા નવા મુખ્યમંત્રી નિભાવશે. સિદ્ધારમૈયાને કોગ્રેસ હાઈકમાન્ડે રાજ્યસભાની બેઠક ઓફર કરી હતી. જોકે રિસાયેલા સિદ્ધારમૈયાએ આ ઓફર નકારી કાઢી છે. ઉપરછલ્લી રીતે ડી કે શિવકુમાર અને સિદ્ધારમૈયા એક બીજાને ગળે મળે છે, પરંતુ વખત આવે ત્યારે સિદ્ધારમેયા વળતો ઘા કરે એવી પૂરી શક્યતા છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર દેશની શિક્ષણ વ્યવસ્થા બરબાદ કરવાનો આરોપ મૂક્યો છે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને કહ્યું છે કે વિશ્વગુરુ બનવાના મોટા મોટા દાવા કરતી સરકાર એક પરીક્ષાનું આયોજન પણ યોગ્ય રીતે કરી શકવા સક્ષમ નથી. નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ)એ કહ્યું હતું કે શનિવારે દેશભરમાં લેવાનાર સીયુટી-યુજી ૨૦૨૬ પરીક્ષા કેટલાક કેન્દ્રો પર ટેક્નીકલ સમસ્યાને કારણે મોડી શરૂ થઈ હતી.

**પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન વધવું તે કુદરતી પ્રક્રિયા છે. આ વખતે તેમાં વ્યાપક વધારો થયો છે. સપ્ટેમ્બર સુધીમાં તે ૨.૫ ડિગ્રી જેટલું વધારે ગરમ થઈ જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. આ સંજોગોમાં સુપર અલ નીનો ભારત ઉપર ત્રાટકવાના પ્રબળ સંકેત મળી રહ્યા છે : ૧૫૦ વર્ષ બાદ અલ નીનો વ્યાપક સ્વરૂપ લઈ રહ્યું છે તેના કારણે જ ભારત અને અન્ય કેટલાક દેશોમાં વાતાવરણમાં વ્યાપક પલટો આવ્યો છે. એક અંદાજ પ્રમાણે ૧૮૭૭-૭૮માં ભયાનક ગરમી પડી હતી. તે સમયે અલ નીનો ઈફેક્ટના કારણે પેસિફિક રિજનમાં હાહાકાર મચી ગયો હતો**

# ઉકળતો પ્રશાંત મહાસાગર : ભારતમાં સુપર અલ નીનોનો વધતો ખતરો!

## અલ નીનો વિશાળ સ્વરૂપ ધારણ કરીને ભારત તરફ આગળ વધી રહ્યું છે, અનેક પ્રદેશોમાં દુષ્કાળની ભીતિ





હાલ ૨૦૨૬માં જે સુપર અલ નીનો આકાર લેશે તેની અસર ૨૦૨૭ સુધી જોવા મળે તેમ છે : મધ્ય ભારત અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદ ખેંચાવાની અને ઘટવાની શક્યતાથી દેશના ૫૧ ટકા ખેત ઉત્પાદનને પણ અસર થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. વરસાદ ભારતીય અર્થતંત્રનો આધાર છે. કૃષિ મંત્રાલયના અંદાજ પ્રમાણે ૫૧ ટકા ખેતી અને ૪૦ ટકા ખેત પેદાશોના ઉદ્યોગો વરસાદ ઉપર જ આધારિત છે. દેશની ૪૭ ટકા વસતીની રોજગારી અને આજીવિકા ખેતી સાથે જોડાયેલી છે. જો વરસાદમાં ઘટાડો થયો તો ગ્રામ્ય વિસ્તારોને નુકસાન જશે

અલ નીનો અંગે તાજેતરમાં ચીનના હવામાન ખાતા અને જાણકારોએ ચેતવણી ઉચ્ચારી છે. તેમણે જણાવ્યું છે કે, પ્રશાંત મહાસાગર ઉકળી રહ્યો છે. તેની સપાટી સતત ગરમ થઈ રહી છે અને તેના પગલ વિશાલ અલ નીનો સર્જાઈ રહ્યું છે અને તે ધીમે ધીમે ભારત તરફ આગળ વધી રહ્યું છે. જાણકારો માને છે કે, આ વખતે અલ નીનો ખૂબ જ વિનાશક સાબિત થશે અને સાઉથ એશિયાને ઘમરોળશે. તેમાંય સૌથી વધારે અસર ભારતને થાય તેવી ભીતિ છે. ભારતમાં ઉનાળો વધારે આકરો બનશે અને ચોમાસું લંબાશે અથવા તો ઓછો વરસાદ પડશે. અનેક વિસ્તારોમાં દુષ્કાળ થવાની શક્યતાઓ પણ જોવાઈ રહી છે. ભારત પોતાના જરૂરિયાતનું ૭૦ ટકા પાણી નૈઋત્યના ચોમાસા દ્વારા મેળવે છે. આ વર્ષે આ ચોમાસુ ખોટકાય અથવા તો અધુંરું રહે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

જાણકારોના મતે આ વખતે ગરમી જુલાઈ સુધી ખેંચાય તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. બીજી તરફ જૂનમાં થોડોઘણો વરસાદ પડયા બાદ જુલાઈના અંતમાં કે ઓગસ્ટમાં વરસાદ આવે તેવી પણ સ્થિતિ સર્જાઈ શકે છે. ખેતી અને પાણીનું મોટું સંકટ સર્જાવાની ચેતવણી આપવામાં આવી છે. જાણકારોએ જણાવ્યું કે, પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન વધવું તે કુદરતી પ્રક્રિયા છે. દર વર્ષે તેના તાપામાનમાં વધારો કે ઘટાડો થતો જ હોય છે. આ વખતે તેમાં વ્યાપક વધારો થયો છે. સપ્ટેમ્બર સુધીમાં તે ૨.૫ ડિગ્રી જેટલું વધારે ગરમ થઈ જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. આ સંજોગોમાં સુપર અલ નીનો ભારત ઉપર ત્રાટકવાના પ્રબળ સંકેત મળી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં પણ દેશમાં ગરમીએ હાહાકાર મચાવેલો છે. દેશમાં ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૭ ડિગ્રી સુધી પહોંચી ગયેલું છે. હાલમાં વાતાવરણ સતત ગરમ અને શુષ્ક રહે છે અને પવનનું પ્રમાણ સાવ ઓછું થઈ રહ્યું છે. તે ઉપરાંત વાદળો પણ આકાશમાં હોતા નથી તેના કારણે દિવસભર ગરમીમાં સતત વધારો થઈ રહ્યો છે. પ્રી મોનસૂન ક્લાઈમેટમાં પણ આ વખતે મોડું થવાના એંધાણ છે અને તેની અસરના ભાગરૂપે જ ગરમીમાં વધારો થયો છે. હવામાન ખાતાના જાણકારો માને છે કે, ભારતનો ૫૫ ટકા ભાગ હાલમાં હાઈ હીટ રિસ્ક ઝોનમાં આવેલો છે.

દેશના હવામાન ખાતાના મતે આ વખતે ગરમી વધવાનું સૌથી મોટું કારણ મેગા અલ નીનો ઈફેક્ટ છે. ૧૫૦ વર્ષ બાદ અલ નીનો વ્યાપક સ્વરૂપ લઈ રહ્યું છે તેના કારણે જ ભારત અને અન્ય કેટલાક દેશોમાં વાતાવરણમાં વ્યાપક પલટો આવ્યો છે. એક અંદાજ પ્રમાણે ૧૮૭૭-૭૮માં ભયાનક ગરમી પડી હતી. તે સમયે અલ નીનો ઈફેક્ટના કારણે પેસિફિક રિજનમાં હાહાકાર મચી ગયો હતો. હાલમાં પેસેફિક મહાસાગરનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે. તેની ઉપરની સપાટી સતત ગરમ થઈ રહી છે. તેના કારણે આ વખતે અલ નીનો વિકરાળ સ્વરૂપ ધારણે કરે તેવું દેખાઈ રહ્યું છે. ૨૦૨૬માં જે મેગા અલ નીનો કે સુપર અલ નીનો આકાર લેશે તેની અસર ૨૦૨૭ સુધી જોવા મળે તેમ છે.

ચિંતાજનક બાબત એ છે કે, હાલમાં જે ગ્લોબલ સ્થિતિ છે અને તેમાં ક્લાઈમેટ ચેન્જ, પ્રદુષણ અને સતત જંગલો કાપવાની કામગીરીની જે અસર થઈ રહી છે તેના કારણે આગામી વરસે વૈશ્વિક તાપમાનમાં રેકોર્ડ સ્તરે વધારો નોંધાવાની શક્યતા છે. આજથી દોઢસો વર્ષ પહેલાં જે અલ નીનો સર્જાયું હતું તેણે દુનિયાના એક મોટા હિસ્સામાં આકાશમાંથી આગ વરસાવી હતી. વર્ષ ૧૮૭૭-૭૮માં સુપર અલ નીનો ત્રાટક્યું હતું. ભયાનક ગરમી લૂ, સુકા વાતાવરણ અને દુકાળને પગલે વૈશ્વિક વસતીની ૪ ટકા વસતીનું તે સમયે મોત થયું હતું. જાણકારોને ચિંતા છે કે, હાલમાં આવી જ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. સામાન્ય રીતે મધ્ય અને પૂર્વ પેસેફિક મહાસાગરનું પાણી જ્યારે વધુ પડતું ગરમ થાય છે ત્યારે તેની જે અસર પડે છે અને હવાનો પ્રવાહ અને ગરમીનું સ્તર બદલાય છે તેને અલ નીનો ઈફેક્ટ કહેવાય છે. તેનાથી ગરમી વધે છે, ચોમાસું નબળું પડે છે અને દુનિયાભરમાં વરસાદી સિસ્ટમ ખોરવાય છે. ખાસ કરીને ભારત, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને એમેઝોન બેસિનમાં ગરમી અને દુકાળની શક્યતાઓ વધી જાય છે. ઉલ્લેખનીય છે કે, ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિની આકરી અસર શહેરો ઉપર થઈ રહી છે. તેના કારણે શહેરી વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. જાણકારોના મતે ભારતના શહેરો હવે અર્બન હીટ આઈલેન્ડ બની રહ્યા છે. મુંબઈ, દિલ્હી, ગુરુગ્રામ, લખનઉ, કાનપુર, બેંગ્લુરૂ, કટક, જયપુર, ભોપાલ, અમદાવાદ જેવા શહેરોમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આ શહેરોમાં આવેલા ઉંચી ઉંચી ઈમારતો, સિમેન્ટ અને કોંક્રિટના મકાનો, ડામરના અતિશય લેયર ધરાવતા રોડરસ્તા, મોટા મોટા કાચ ધરાવતા સ્કાય સ્ક્રેપર્સ અને વૃક્ષો, બગીચા અને જંગલોના અભાવને પગેલ અહીંયા ગરમીનો વિસ્ફોટ થઈ રહ્યો છે. કોંક્રિટ, ડામર અને કાચ આખો દિવસ ગરમી ખેંચ્યા કરે છે અને રાત પડતા ધીમે ધીમે તેને રીલીઝ કરે છે. તેના કારણે દિવસે આકરી ગરમી અનુભવાય છે અને રાત્રે પણ રાહત મળતી નથી. છેલ્લાં એક દાયકામાં ભારતમાં વાર્મ નાઈટ્સમાં ૩૨ ટકાનો વધારો થયો છે. અલ નીનો ઈફેક્ટ આ વખતે ભારત માટે વધારે આકરી સાબિત થવાની છે તે અત્યારથી જ દેખાઈ રહ્યું છે. મે મહિનામાં ગરમીનો પારો ૪૮ ડિગ્રી સુધી પહોંચી રહ્યો છે. બીજી તરફ જેમ જેમ આ ઈફેક્ટ વધતી જશે તેમ તેમ ચોમાસું ખરાબ થવાની શક્યતાઓ છે. ભારતમાં ચોમાસું ખરાબ જવું તે અર્થતંત્ર માટે પણ મોટું જોખમ છે. દેશની ખેતી, જળ સંસાધન અને સમગ્ર અર્થવ્યવસ્થા ચોમાસા ઉપર ટકેલા હોય છે. હાલમાં જ ઉત્તર, મધ્ય, પૂર્વ અને દક્ષિણ પશ્ચિમના કેટલાક વિસ્તારોમાં ભયાનક ગરમી પડી રહી છે. આ તમામ વિસ્તારોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થવાની શક્યતાઓ પણ જોવાઈ રહી છે. આ સંજોગોમાં ખેતીને નુકસાન થવાની અને ઉત્પાદન ઘટવાની ભીતી સેવાઈ રહી છે. તેની અસર ખાદ્ય પદાર્થોના ભાવ ઉપર થવાની જ છે. ઉપજ ઓછી આવશે તો ભાવ વધશે અને તેના પગલે મોંઘવારીમાં વધારો થવાનો છે. તે ઉપરાંત ચોમાસું ખરાબ જશે અને ગરમી વધશે તો પાણીની સમસ્યા પણ ઊભી થશે.

જળાશયો ભરાશે નહીં અને ભૂગર્ભજળના સ્તરમાં વધારો થશે નહીં તો પાણીની સમસ્યા અકબંધ રહેશે. ક્લાઈમેટ ચેન્જના કારણે ગરમી વધેલી જ છે તેમાંય અલ નીનો આગમાં ઘી રેડવાનું કામ કરશે તેમ દેખાઈ રહ્યું છે. પેસેફિક મહાસાગરમાં ખારાશ વધી રહી છે. તેમાં જો ઘટાડો નહીં થાય તો અલ નીનોની અસર વધુ ૨૦ ટકા આકરી થશે તેવું દેખાય છે. જાણકારો માને છે કે, મેગા અલ નીનો નામ આપવું થોડું આકરું છે પણ સ્થિતિ તેવી જ નિર્માણ પામી રહી છે.

અત્યારથી એક્શન પ્લાન રેડી કરવામાં નહીં આવે, જળ સંચય ઉપર કામ કરવામાં નહીં આવે, હીટ એક્શન પ્લાન બનાવવામાં નહીં આવે અને ખેડૂતો માટે સહાયતાની વ્યવસ્થા નહીં કરવામાં આવે તો આ વર્ષ અત્યંત કપરું સાબિત થાય તેમ છે.


ખાનગી અને સરકારી હવામાન એજન્સીઓના મતે આ વખતે ગરમી અને દુકાળની સ્થિતિ વધારે જોવા મળી રહી છે. જાણકારો માને છે કે, આ વખતે ૯૦ ટકાની આસપાસ વરસાદ થવાની શક્યતાઓ હાલમાં ૪૦ ટકા જેવી દેખાઈ રહી છે. ત્યારબાદ ૩૦ ટકા શક્યતાઓ એવી પણ જણાઈ રહી છે કે, ૯૦ ટકા કરતા ઓછો વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત સામાન્ય વરસાદ થવાની શક્યતાઓ માત્ર ૨૦ ટકા દેખાઈ રહી છે. બીજી બાજુ આ વખતે હીટ ડોમ્સ અને અલ નીનોને પગલે ગરમી વધારે અને વરસાદ ઓછો થવાની શક્યતાઓ છે. મે અને જૂનના અંત સુધી અસહ્ય ગરમી પડવાના વરતારા છે.

બીજી તરફ વરસાદનું અનુમાન પણ બદલાયું છે. આ વખતે કેટલાક વિસ્તારોમાં દુકાળની સ્થિતિ સર્જાવાની શક્યતાઓ પણ ૩૦ ટકા વધુ માનવામાં આવી રહી છે. ઉત્તર-પશ્ચિમ ભાગ અને મધ્ય ભારતમાં વરસાદ ખેંચાશે અને ઓછો પડશે તેમ લાગી રહ્યું છે. મધ્ય ભારત અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદ ખેંચાવાની અને ઘટવાની શક્યતા વિશે દેશના ૫૧ ટકા ખેત ઉત્પાદનને પણ અસર થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. વરસાદ ભારતીય અર્થતંત્રનો આધારે છે.

કૃષિ મંત્રાલયના અંદાજ પ્રમાણે ૫૧ ટકા ખેતી અને ૪૦ ટકા ખેત પેદાશોના ઉદ્યોગો વરસાદ ઉપર જ આધારિત છે. દેશની ૪૭ ટકા વસતીની રોજગારી અને આજીવિકા ખેતી સાથે જોડાયેલી છે. જો વરસાદમાં ઘટાડો થયો તો ગ્રામ્ય વિસ્તારોને નુકસાન જશે. તે ઉપરાંત ખાદ્યન્નનું ઉત્પાદન ઘટશે તો તેના ભાવ વધશે. તેનાથી દેશની ૪૦ કરોડ જનતાને અસર થશે.

# પુરુષોત્તમ માસનો પ્રતાપ: જ્યાં અજાણતાં સ્પર્શેલું પુણ્ય પણ ગોલોકનું દ્વાર ખોલે

## મૃગ-મૃગલીની કથા પાપથી પરમધામ સુધીની દિવ્ય યાત્રા



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

પુરુષોત્તમ અધિક માસના સોળ મા અધ્યાયનો મહિમા પુરુષોત્તમ માસ,જેને અધિકમાસ કે મલ માસ પણ કહેવાયછે તે ભક્તિ અને કૃપાનો અલૌકિક સંગમ છે. દર ત્રણ વર્ષે આવતો આ માસ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત છે, તેથી જ તેનું નામ 'પુરુષોત્તમ'છે.આ માસમાં કરેલું જપ,તપ,દાન અને વ્રત હજાર ગણું ફળ આપે છે. તેનું સૌથી સુંદર રહસ્યએ છે કે અહીં ભાવ ની શુદ્ધિ કર્મકાંડની પૂર્ણતા કરતાં વધારે મહત્વની છે.આ જ સત્ય ને ઉજાગર કરતો પુરુષોત્તમમાસ ની કથાનો સોળમો અધ્યાય છે, જેમાં મૃગ અને મૃગલીની હૃદય સ્પર્શી કથા દ્વારા ધર્મનું ગૂઢ રહસ્ય સરળતાથી સમજાવ્યું છે *કથાનો પ્રારંભ જંગલના જીવ અને પૂર્વજન્મના બંધન .

આ અધ્યાયની કથા એક ગાઢ જંગલથી શરૂ થાય છે, જ્યાં એક મૃગ અને મૃગલીનું યુગલ વસે છે. બહારથી જોતાં તે સામાન્ય હરણ-હરણી લાગે, પણ તેમની પાસે મનુષ્ય જેવી સમજ અને પૂર્વજન્મની સ્મૃતિ છે. તેઓ પૂર્વજન્મમાં મનુષ્ય હતા,પરંતુ લોભ,મોહ અને અધર્મના કારણે પશુયોનિમાં જન્મ્યા.પાપના બોજથી દબાયેલા આ જીવોને મુક્તિનો કોઈ માર્ગ દેખાતો નથી. તેમનું જીવન ભય,ભૂખ અને ભટકવામાં વીતે છે. અહીં આપણને કર્મના સિદ્ધાંતનું પ્રત્યક્ષ દર્શન થાય છે જેવું વાવીએ તેવું લણીએ.

*પુરુષોત્તમ માસનો દિવ્યસંયોગ અજાણતાં થયેલું પુણ્ય એક દિવસ પુરુષોત્તમ માસ ચાલતો હતો.જંગલમાં કેટલાક ઋષિ- મુનિઓ નદી કિનારે સત્સંગ કરી રહ્યા હતા અને પુરુષોત્તમ માસ નું વ્રત કરી રહ્યા હતા. તરસથી વ્યાકુળ મૃગ-મૃગલી પાણી પીવા તે જ નદીએ પહોંચ્યા. અજાણતાં જ તેઓએ તે પવિત્ર જળમાં સ્નાન કર્યું અને ઋષિઓ ના મુખેથી ભગવાન પુરુષોત્તમની કથાનું શ્રવણ થયું. તેમણે કોઈ સંકલ્પ ન કર્યો,કોઈ વિધિ ન જાણી.માત્ર પવિત્ર માસમાં, પવિત્ર સ્થળે,સંતોના સાન્નિધ્યમાં તેમનો સમય પસાર થયો. આ ઘટના આ અધ્યાયનું હાર્દ છે. અહીં શાસ્ત્ર કહે છે કે પુરુષોત્તમ માસ એવો પ્રભાવ શાળી છે કે તેમાં અજાણતાં થયેલું સત્કર્મ પણ જન્મો-જન્મ ના પાપને ધોઈ નાખે છે.મનુષ્ય જો જાણી -જોઈને શ્રદ્ધાથી વ્રત કરે તો તેનું ફળ કેટલું અમાપ હશે? આ કથા આપણને નિરાશામાંથી આશા તરફ લઈ જાય છે. ઈશ્વરની કૃપા પામવા માટે પંડિત હોવું જરૂરી નથી,નિષ્કપટ ભાવ જ પૂરતો છે *મનની શુદ્ધિ: ઉપવાસ,તપ અને દાનનો સાચો અર્થ કથા આગળ વધતાં ઋષિઓ મૃગ-મૃગલીને ઉપદેશ આપે છે કે પુરુષોત્તમ માસમાં બાહ્ય આચાર સાથે આંતરિક શુદ્ધિ અનિવાર્યછે

*ઉપવાસ માત્ર અન્નનો ત્યાગ નહીં, પણ ક્રોધ, લોભ, નિંદા અને અસત્યનો ત્યાગ એ સાચો ઉપવાસ છે.

*તપ શરીરને કષ્ટ આપવું એ તપ નથી. ઈન્દ્રિયોને વશમાં રાખી મનને પ્રભુના ચરણોમાં સ્થિર કરવું એ જ સાચું તપ છે.

*દાન ધનનું દાન શ્રેષ્ઠ છે, પણ સમયનું દાન, ક્ષમાનું દાન, મીઠા વચનનું દાન અને અભયદાન તેનાથી પણ ચડિયાતું છે.

મૃગ-મૃગલીએ પોતાના મર્યાદિત જીવનમાં જ આ નિયમોને અપનાવ્યા. તેઓએ અન્ય પ્રાણીઓને પાણી પીવા દેવા માટે પોતે તરસ વેઠીએ થયું જળદાન. ભયભીત જીવને આશરો આપ્યો એ થયું અભયદાન. આમ,ક્રિયા કાંડ વગર પણ ભાવના દ્વારા તેમનું જીવન બદલાઈ ગયું.

*કથા શ્રવણનું માહાત્મ્ય: દુઃસ્વપ્ન અને ગરીબીનો નાશ અધ્યાયમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે જે ભક્ત શ્રદ્ધાપૂર્વક આ મૃગ-મૃગલીની કથાનું શ્રવણ કરે છે, તેના જીવનમાંથી બે મોટા દુઃખ દૂર થાય છે દુઃસ્વપ્ન અનેગરીબી દુઃસ્વપ્ન એ મનના અશાંત ભય નું પ્રતિક છે.કથા શ્રવણથી મન માં શ્રીકૃષ્ણનું સ્મરણ દૃઢ થાય છે, જેનાથી અવચેતન મનમાં રહેલો ભય નાશ પામે છે. ગરીબી એટલે માત્ર ધનનો અભાવ નહીં,પણ સંતોષનો અભાવ. આ કથા સંતોષ અને શ્રદ્ધા રૂપી સાચી સમૃદ્ધિ આપે છે. જ્યારે મન ભગવાનથી ભરાઈ જાય, ત્યારે બહારની તંગી નડતી નથી.

*અંતિમ ફળ: પશુયોનિમાંથી સીધી ગોલોક પ્રાપ્તિ પુરુષોત્તમ માસના પ્રભાવથી અને નિયમ-પાલનથી મૃગ-મૃગલીના પૂર્વ જન્મના તમામ પાપ બળીને ભસ્મ થઈ ગયા.અંતસમયે સ્વયં ભગવાન વિષ્ણુના પાર્ષદો તેમને લેવા આવ્યા અને તેઓ સીધા ગોલોક ધામ,શ્રીકૃષ્ણના પરમ ધામમાં પહોંચ્યા.આ ઘટના આપણને ત્રણ ગહન સંદેશ આપે છે: *કોઈ પણ જીવ તુચ્છ નથી પ્રભુ ની દૃષ્ટિમાં મનુષ્ય અને પશુ વચ્ચે ભેદ નથી. જે શરણમાં આવે તેનો ઉદ્ધાર નિશ્ચિત છે.

*સત્સંગની શક્તિ સારા સંગથી જીવનની દિશા બદલાઈ જાય છે મૃગ-મૃગલીને ઋષિનો સંગ ન મળ્યો હોત તો મુક્તિ અશક્ય હતી.

*પુરુષોત્તમ માસની અપાર કરુણા આ માસ પતિતપાવન છે. તે પાપીઓને, અજ્ઞાનીઓને, અસમર્થને પણ ઉગારવા માટે પ્રગટ થયો છે.

આપણા માટે બોધ આજના દોડધામ ભર્યા યુગમાં આપણે સૌ કોઈને કોઈ રીતે મૃગ-મૃગલી જેવા જ છીએ સંસારના જંગલમાં ભટકતા, પૂર્વ કર્મોના ભયથી ઘેરાયેલા. પુરુષોત્તમ માસનો સોળમો અધ્યાય આપણને યાદ અપાવે છે કે ગભરાવાની જરૂર નથી. જો આપણે આ માસમાં તન, મન અને ધનથી થોડું પણ પ્રભુ તરફ વળીએ, નિયમથી સ્નાન કરીએ, ગીતા કે ભાગવતનું એક પાનું વાંચીએ, યથાશક્તિ દાન કરીએ અને સૌથી મહત્વનું મનને નિર્મળ રાખીએ,તો ભગવાન પુરુષોત્તમ સ્વયં આપણા યોગ ક્ષેમનું વહન કરે છે. આ કથા કર્મકાંડનો બોજ નથી,પણ પ્રેમ નો પુલ છે. તે કહે છે કે તમારું એક નાનું પગલું, પ્રભુના હજાર પગલાંને નોતરે છે. માટે આ પુરુષોત્તમ માસમાં મૃગ- મૃગલીની જેમ નિષ્કપટ બની જઈએ,અને ગોલોકના અધિકારી બનીએ. રાધે રાધે. અસ્તુ.

# ભગવાન અર્જુનને 'પશ્યતિ' અને 'પ્રણશ્યતિ' એ બંને શબ્દનાં આધ્યાત્મિક કંઈ રીતે સમજાવે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. 31/5 એ અમદાવાદ નાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારે જનમેદની વચ્ચે આઈપીએલની ફાઈનલ રમાઈ! આઈપીએલમાં તો એકંદરે ભારતનાં જ ખેલાડીઓ હોય, એટલે હાર જીત ગમે તેની થાય પ્રેક્ષકોને તો આનંદ જ લેવાનો હોય, અને એટલે વિરાટ કોહલીનાં ચાહકોને મજા આવી ગઈ. વૈભવ સુર્યવંશી રમતો હોય ત્યારે આપણને એ રાજસ્થાન રોયલ્સનો ખેલાડી છે, એવું દેખાવું ન જોઈએ! પણ ભવિષ્યમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે, અથવા તો સચીન તેંડુલકર જેવું ફરી કોઈ મળી ગયું એવો ભાવ થવો જોઈએ! એક એવોર્ડ જે મહંમદ સિરાજને સૌથી વધુ ડોટ બોલ નાંખવા માટે મળ્યો, એ વાત ખૂબ ગમી, ગમે તે રીતે પ્રકૃતિ સંવર્ધન આજની સૌથી મોટી માંગ છે. વિદેશી ખેલાડીઓ પણ કોઈ મેલ વગર ટીમમાં ઓતપ્રોત થઈ ગયા હતાં! ભલે રુપિયા માટે પણ આવું દ્રશ્ય કે જ્યાં સૌ હળીમળીને રહે એ સદા આવકાર્ય છે. ટૂંકમાં વિશ્વ જો શાંતિ ઈચ્છતું હોય તો એણે યેનકેન પ્રકારે આંતર બાહ્ય એકતા સાધવી પડશે. ભારતીય સંસ્કૃતિ તો વસુધૈવ કુટુંબની જ છે! અને વિશ્વ આખું આપણો જ પરિવાર છે! આજનાં સમયમાં આ સત્ય ઘણું અઘરું છે! પણ ઈતિહાસ ગવાહી આપે છે કે, આપણે ત્યાં એવું વિચારવા અને આચરવા વાળાની કમી નહોતી! ભગવત્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ આ જ કહે છે કે સૌમાં ઈશ્વરનાં દર્શન કરીને જીવો! પણ સમાજની અશાંતિ બતાવે છે, કે આપણે એવું જીવતાં નથી. તો આજે મંગળવારે ગીતા જ્ઞાનમાં ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં 30 શ્લોકનું ચિંતન કરીએ.

યઃ માં પશ્યતિ સર્વત્ર, સર્વં ચ મયિ પશ્યતિ;
તસ્યાહં ન પ્રણશ્યામિ, સ ચ મે ન પ્રણશ્યતિ.

જે મનુષ્ય મને સર્વત્ર જુએ છે અને સર્વ વસ્તુઓને મારામાં જ જુએ છે, તે મારા માટે ક્યારેય અદ્રશ્ય થતો નથી, અને હું પણ તેના માટે ક્યારેય અદ્રશ્ય થતો નથી.

સંસ્કૃતના સાવ સીધાં શબ્દો છે, છતાં અમુક શબ્દનો અર્થ ત્રિપરિમાણીય રીતે કરીને ભગવાન હજી વધુ શું કહેવાં માગે છે એનો તાગ મેળવીએ. **પશ્યતિ સર્વત્ર, અત્ર તત્ર સર્વત્ર એમ વિરાટ બ્રહ્માંડમાં! મને જુવે છે. પરંતુ બહુ સ્વાભાવિક આપણે સંસારીઓ એટલે જઈ ન શકીએ, તો આપણી આસપાસનાં પરિસરમાં જે જે વસે છે, એટલે કે નાત જાત કે અમીર ગરીબ જેવી અસમાનતા ભૂલીને સૌને ઈશ્વર સમ ગણી પ્રેમ કરે! અને જે જડ પ્રકૃતિ છે, એ સર્વમાં જો આપણને ઈશ્વર દર્શન થાય! અથવા તો આત્મિયતાનો અનુભવ થવો એ શ્લોકની પહેલી શરત છે.

**મયિ પશ્યતિ, મયિ મારાં માં પશ્યતિ એટલે જુવે છે, બાહ્ય પ્રકૃતિમાં કે જગતમાં ઈશ્વરનાં દર્શન કરવાં એ કદાચ પણ સહેલું છે! પણ ઈશ્વરમાં આ જગતનાં દર્શન કરવાં એ અઘરું છે. દાખલા તરીકે આપણે મંદિરમાં જઈએ છીએ, ત્યારે આપણને આંખ બંધ કરવાથી ઈશ્વર પણ ભાગ્યે જ દેખાય છે, બાકી તો આપણી પ્રાર્થનામાં સમસ્યાથી છુટકારાનું જ પ્રાધાન્ય હોય, તો ક્યારેક જીવ સાંસારિક અભિવ્યક્તિ અને ઉપલબ્ધિઓને મમળાવતો હોય! **તસ્યાહં પ્રણશ્યામિ, તેવાં જીવ માટે હું! આગળનાં શબ્દનું અનુસંધાન સાધવા માટેનો આ શબ્દ છે. એટલે કે જે જીવ સર્વમાં ઈશ્વરનુ સમ દર્શન કરે છે, અને એવાં જગતનું મારામાં દર્શન કરી શકે, તેવા જીવ માટે હું અદ્રશ્ય નથી. પરંતુ અહીં ખુદની આંતર પ્રકૃતિમાં ચૈતન્યની અનૂભૂતિ કાયમ રહે છે, એ ક્યાંય જતી નથી! એ વાત દ્રઢ કરે છે.

** ન મે પ્રણશ્યતિ, હું અદ્રશ્ય નથી. જે સમ દર્શન કરનારા મારા ભક્તો છે, એનાથી હું ક્યારેય અળગો રહી શકતો નથી! કારણકે એની ચેતના નો વિસ્તાર પણ અમાપ છે. એ સતત દિવ્ય અનૂભૂતિથી મારી સાથે જોડાયેલ રહે છે. આ ઉપરાંત એવાં ભક્તે પોતાનાં અહંકાર પર કાબૂ મેળવી લીધો છે, એટલે સારી નરસી પ્રત્યેક પરિસ્થિતિમાં હું એની દ્રષ્ટિમાં રહું છું, અને એ મારી દ્રષ્ટિમાં રહે છે.

આધ્યાત્મિક સત્ય તો એ છે, કે આપણે અનુભવીએ કે ન અનુભવીએ, ઈશ્વર તો આપણી અંદર જ છે! અને એ આપણી સારી નરસી પ્રત્યેક ક્રિયાનો સાક્ષી છે! બસ જો આ સત્ય હરક્ષણ યાદ રહે, અને આસાનીથી સ્વીકારી શકાય, તો યોગીઓને જે મેળવવામાં વર્ષો લાગી જાય, ત્યાં આપણે મિનિટોમાં પહોંચી શકીએ! પરંતુ જાણવાં છતાં, માનવાં છતાં, હું કરું! હું કરું છૂટતું નથી! અને એટલે ઈશ્વર અનુભવાતો નથી, અને સદીઓથી સાક્ષાત નો સાક્ષાત્કાર કરવાં માટેની આ આધ્યાત્મિક યાત્રા કેટલાંય કરવા નીકળી પડે છે. રામ ચરિત માનસમાં તુલસીદાસજી પણ આ જ વાત કરે છે, રાવણ ઈત્યાદિ રાક્ષસોનો પૃથ્વીને ભાર લાગે છે, અને એ દેવતાઓનાં શરણમાં જાય છે, ત્યારે ભગવાન શંકર એ કહ્યું હતું કે, પરમેશ્વર સમસ્ત જગતમાં વ્યાપ્ત છે, એને પોકારવા ક્યાંય જવાની જરૂર નથી, જ્યાં છીએ ત્યાંથી જ પોકારીએ ! એ જરુર આપણી પ્રાર્થના સાંભળશે!

ઈશ્વર કોઈ તત્વ ને આધિન નથી, એણે જ જગત બનાવ્યું, અને એમાં માયાને મૂકી છે! એટલે સંસારી ઓની મર્યાદા ઈશ્વર જાણે છે! આવો જ પહેરવેશ! આ જ સ્થાન! આ જ સમય! કે આ જ ધર્મ! આ જ પદ્ધતિ! એ બધું ગૌણ છે! માત્ર ને માત્ર મંત્ર જરુરી છે! મંત્ર એટલે શુદ્ધ અને શુભ નો વિચાર, બસ જેનાં હ્રદયમાં સૌનાં હિત નો અને સૌનાં શુભનો વિચાર નિત્ય રહેશે! એની દ્રષ્ટિમાંથી ઈશ્વર ક્યારેય ઓઝલ નહીં થાય! કેટલું આસાન છે! પણ થતું નથી! કારણકે અંતઃકરણ ચતુષ્કોણનાં ચાર પરિબળ જંપ લેવા દેતાં નથી. ક્યારેક મનની ચંચળતા, તો ક્યારેક બુદ્ધિની વિષમતા! ચિત્તમાં ભૂત ભવિષ્યની મંડરાતી ભાવના, અને હું નો એરુ તો સૌથી ઉપર! ઉપરાંત બાહ્ય પ્રકૃતિમાં પણ આટલી વિષમતા! એમાં સમ કેમ રહેવું? આપણે ગયાં મંગળવારે જે અપરં લાભં વાળા શ્લોકનું ચિંતન કર્યું, એ પછીનાં 25 માં શ્લોકમાં ભગવાન અર્જુનને આ જ વાત સમજાવે છે કે, હે અર્જુન, એમ તાત્કાલિક તું અંતઃકરણ ચતુષ્કોણની વૃત્તિને શાંત કે સમ રાખી શકીશ નહીં ! એની માટે એનો ક્રમે ક્રમે અભ્યાસ કરવો પડશે! એટલે કે અંતરમાં કોઈ વિકાર પ્રવેશે નહીં, એની માટે ક્ષણેક્ષણ જાગૃત રહેવું પડશે! અને અત્યાર સુધીના લાભ, લોભ, લાલચ, ઈત્યાદિને કારણે વેર, ઈર્ષા, નિંદા, દ્વેષ, જેવો જે કચરો છે, એ દૂર કરી! અને લાભની બદલે આપણી વૃત્તિમાં શુભ પ્રસ્થાપિત થાય! ત્યારે આપણે સમ દર્શન કરી શકીએ! બસ દ્રષ્ટિમાં પ્રવેશી ગયેલ એક લાભની વૃત્તિ છોડીએ તો પણ ઘણું જ સારું પરિણામ મળે! અને પછી ઈશ્વર ક્યારેય અદ્રશ્ય થતો નથી! તેમજ ઈશ્વરની દ્રષ્ટિમાં આપણે સતત રહીએ છીએ અને એની કૃપા પામી ધન્ય થઈ જઈએ છીએ, આપણે સૌ લાભ, લોભ, અને લાલચ, છોડી આ રીતે ઈશ્વરનું સમ દર્શન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# ટીબી હારેગા, દેશ જીતેગા - ખેડા જિલ્લાની 78 ગ્રામ પંચાયતો ટીબી મુક્ત જાહેર કરવામાં આવી

## ટીબી સંપૂર્ણપણે મટાડી શકાય તેવી બીમારી સરકાર દ્વારા નિઃશુલ્ક તપાસ અને સારવાર તેમજ પોષણ સહાય જેવી વિવિધ સેવાઓ ઉપલબ્ધ





**નડિયાદ, તા.01**

'ટીબી હારેગા, દેશ જીતેગા'ના રાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરવામાં ખેડા જિલ્લાએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આરોગ્ય વિભાગ, ગ્રામ પંચાયતો, આશા કાર્યકરો, નિક્ષય મિત્રો અને ગ્રામજનોના સંયુક્ત પ્રયાસોના પરિણામે ખેડા જિલ્લાની ૭૮ ગ્રામ પંચાયતો ટીબી મુક્ત જાહેર કરવામાં આવી છે.

એક સમય એવો હતો જ્યારે ટીબીનું નામ સાંભળતાં લોકોમાં ભય અને શરમની લાગણી જન્મતી હતી. ઘણા દર્દીઓ બીમારી છુપાવતા હોવાથી સારવારમાં વિલંબ થતો હતો. પરંતુ સરકારના સતત જનજાગૃતિ અભિયાન, નિઃશુલ્ક સારવાર અને આરોગ્ય કર્મચારીઓની અથાગ મહેનતના કારણે આજે સ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

ખેડા જિલ્લામાં ટીબી સામેની લડાઈ માત્ર આરોગ્ય વિભાગની કામગીરી પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ તે જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. આશા બહેનો, આરોગ્ય કર્મચારીઓ અને નિક્ષય મિત્રોએ ગામે ગામ જઈને ટીબીના લક્ષણો અંગે જાગૃતિ ફેલાવી, સંભવિત દર્દીઓની ઓળખ કરી અને નિયમિત સારવાર સુનિશ્ચિત કરી છે.

જિલ્લા ક્ષય અધિકારી ડૉ. દિનેશકુમાર નરસિંહપ્રસાદ બારોટના જણાવ્યા મુજબ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત નિર્ધારિત છ માપદંડોના આધારે ખેડા જિલ્લાની ૭૮ ગ્રામ પંચાયતોને ટીબી મુક્ત જાહેર કરવામાં આવી છે. આ સિદ્ધિ આરોગ્ય વિભાગ અને ગ્રામજનોના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે.

ટીબી નાબૂદીના આ અભિયાનને વધુ વેગ આપવા માટે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન 2.0 અંતર્ગત સમગ્ર જિલ્લામાં હાલમાં ૧૦૦ દિવસનું ડિજિટલ ચેસ્ટ એક્સ-રે અભિયાન ચાલી રહ્યું છે. આ આધુનિક સુવિધા દ્વારા ટીબીના દર્દીઓને વહેલી તકે ઓળખી શકાય છે અને સમયસર સારવાર શરૂ કરી શકાય છે. આરોગ્ય વિભાગ દ્વારા તમામ નાગરિકોને આ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જિલ્લા ક્ષય અધિકારી ડૉ. બારોટ કહે છે," ટીબી આજે સંપૂર્ણપણે મટાડી શકાય તેવી બીમારી છે. સરકાર દ્વારા નિઃશુલ્ક તપાસ, નિઃશુલ્ક સારવાર તેમજ પોષણ સહાય જેવી વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જરૂર છે માત્ર સમયસર તપાસ કરાવવાની અને નિયમિત સારવાર પૂર્ણ કરવાની. આપણે સૌ મળીને ટીબી અંગેના ભય અને ગેરમાન્યતાઓ દૂર કરીએ, સમયસર તપાસ કરાવીએ અને ટીબી મુક્ત ભારતના નિર્માણમાં સહભાગી બનીએ."

વાત કરીએ મહુધા તાલુકાના ખલાડી ગામની જે એક પ્રેરણાદાયી ઉદાહરણ બનીને ઉભર્યું છે. ગામ લોકો, આરોગ્ય કર્મીઓ, આશાબહેનોના સંયુક્ત પ્રયાસોથી ખલાડી ગામ ટીબી મુક્ત ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી છે.

ખલાડી ગામના ફતાભાઈ ડાભી પણ શરૂઆતમાં ટીબીની બીમારીને લઈને ચિંતિત હતા. પરંતુ આરોગ્ય વિભાગની ટીમે તેમને સમજાવ્યું કે ટીબી કોઈ શરમની વાત નથી અને યોગ્ય સારવારથી તે સંપૂર્ણપણે મટી શકે છે. તેમણે નિયમિત છ મહિના સુધી દવા લીધી, પોષણ કીટનો લાભ મેળવ્યો અને આરોગ્ય કર્મીઓના સતત માર્ગદર્શન હેઠળ સારવાર પૂર્ણ કરી. આજે તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે અને અન્ય લોકોને પણ નિર્ભય બની તપાસ અને સારવાર લેવા પ્રેરણા આપી રહ્યા છે. આયુષ્માન આરોગ્ય મંદિર ખલાડીના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર પ્રિયંકા પરમાર જણાવે છે કે ગામમાં નોંધાયેલા તમામ ટીબી દર્દીઓને નિયમિત સારવાર, અનુસરણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું. દર્દીઓનો આત્મવિશ્વાસ વધારવા માટે આરોગ્ય ટીમ સતત તેમની સાથે સંપર્કમાં રહી. પરિણામે ગામના તમામ દર્દીઓ સ્વસ્થ બન્યા અને ખલાડીને ટીબી મુક્ત ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી.

ચૂણેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર દીપકકુમાર જે. ચૌહાણ જણાવે છે કે આરોગ્ય વિભાગના કર્મચારીઓએ ઘર-ઘર જઈને લોકોને સમજાવ્યું કે ટીબી કોઈ કલંક નથી. જેમ અન્ય બીમારીઓની સારવાર થાય છે તેમ ટીબીની પણ નિઃશુલ્ક અને અસરકારક સારવાર સરકાર દ્વારા ઉપલબ્ધ છે. આ જાગૃતિના કારણે લોકોમાં ભય ઓછો થયો અને વધુ લોકો તપાસ તથા સારવાર માટે આગળ આવ્યા.

મહુધા તાલુકા હેલ્થ ઓફિસર ડો. ધુમિલ પરીખ ટીબી હારેગા દેશ જીતેગા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આ અભિયાનમાં ખેડા જિલ્લાની ગ્રામ પંચાયતો ટીબી મુક્ત થઈ રહી છે. જે પૈકી મહુધા તાલુકામાં કડી, નાની ખડોલ, ખડાલી, મિરઝાપુર અને રૂપપુરા થઈને પાંચ ગ્રામ પંચાયતો ટીબી મુક્ત ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી છે તેમજ આ વર્ષે ૧૦ થી ૧૨ ગામો ટીબી મુક્ત કરવાનો તેમનો લક્ષયાંક છે..

ઉલ્લેખનીય છે કે અત્યારે જિલ્લામાં તબક્કાવાર ૧૦૦ દિવસના ટીબીના વહેલા નિદાન અને સમયસર સારવાર દ્વારા ટીબી મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦' અંતર્ગત સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર /અર્બન હેલ્થ સેન્ટર / આયુષ્માન આરોગ્ય મંદિરમાં ડિજિટલ ચેસ્ટ એક્સ-રે અભિયાન- 'HH X-Ray' ચેસ્ટ એક્સ-રે ના કેમ્પ થઈ રહ્યા છે.

---

**પ્રાકૃતિક ખેતી જાગૃતિ કાર્યક્રમ-2026**

## ઠાસરા તાલુકાના મરઘાંકુઈ અને બોરડી ગામે રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગ અંગે જાગૃતિ તાલીમ યોજાઈ



**નડિયાદ, તા.01**

ઠાસરા તાલુકાના મરઘાંકુઈ અને બોરડી ગામ ખેડૂતોમાં રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે આજરોજ વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ દરમિયાન ખેડૂતોને જમીનની ફળદ્રુપતા જાળવવા, પાક ઉત્પાદન ખર્ચ ઘટાડવા તેમજ પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે રાસાયણિક ખાતરોનો સંતુલિત ઉપયોગ કરવાની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જૈવિક અને સજીવ ખાતરો સાથે સંકલિત પોષણ વ્યવસ્થાપનના ફાયદાઓ વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

મરઘાંકુઈ ગામમાં યોજાયેલ કાર્યક્રમમાં ગ્રામ સેવક વિજયભાઈ, તાલુકા પ્રોજેક્ટ મેનેજર હેરાજ પટેલ તથા CRP પ્રવિણભાઈ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે બોરડી ગામમાં યોજાયેલ તાલીમમાં ગ્રામ સેવક કિરણબેન, તાલુકા પ્રોજેક્ટ મેનેજર હેરાજ પટેલ તથા CRP વસંતભાઈ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને જમીન પરીક્ષણના આધારે ખાતર વ્યવસ્થાપન, પાકની જરૂરિયાત મુજબ ખાતરોનો ઉપયોગ તથા કુદરતી સંસાધનોના સંરક્ષણ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તાલીમમાં ઉપસ્થિત ખેડૂતો દ્વારા પણ વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના સંતોષકારક જવાબો આપી તેમની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ જાગૃતિ અભિયાનથી ખેડૂતોમાં વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ પ્રત્યે જાગૃતિ વધશે અને સમતોલ ખાતર ઉપયોગ દ્વારા વધુ ઉત્પાદન સાથે જમીનની ગુણવત્તા જાળવવામાં મદદ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

---

# અમદાવાદ મંડળનું મે 2026 માં રેકોર્ડ પ્રદર્શન: માલ ભાડા આવક ₹517.34 કરોડને પાર

## અમદાવાદ મંડળની મોટી સિદ્ધિ: માલ લદાન, આવક અને મુસાફર સેવાઓમાં નોંધાઈ રેકોર્ડ વૃદ્ધિ

**અમદાવાદ, તા.01**



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના પરિચાલન વિભાગે મે 2026 દરમિયાન માલ લદાન (ફ્રેટ લોડિંગ), આવક સર્જન, માળખાકીય સુવિધાઓના વિકાસ અને મુસાફર સેવાઓના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરીને અનેક નવા રેકોર્ડ સ્થાપિત કર્યા છે.

નાણાકીય અને માલ લદાન (લોડિંગ)ની મુખ્ય વિશેષતાઓ

આવકમાં વૃદ્ધિ: મંડળે મે 2026 દરમિયાન 517.34 કરોડ રૂપિયા ની માલ ભાડા આવક પ્રાપ્ત કરી.

રેકોર્ડ લદાન: આ મહિને કુલ 3.93 મિલિયન ટન (MT) માલનું લદાન કરવામાં આવ્યું, જે ગયા વર્ષની સમાન અવધિના 3.83 મિલિયન ટનની સરખામણીએ 2.6% વૃદ્ધિ દર્શાવે છે. આ દરમિયાન દરરોજ સરેરાશ 2639.48 વેગનોનું લદાન કરવામાં આવ્યું.

મુખ્ય કોમોડિટીઝ: મે 2025 ની સરખામણીમાં ઘણી મુખ્ય કોમોડિટીઝના લોડિંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો, જેમાં મીઠામાં (ઔદ્યોગિક મીઠા સહિત)+31.53%, ખાતરોમાં +13.02% અને અન્ય કોમોડિટીઝ +22.64% નો વધારો નોંધાયો.

ગાંધીધામ ક્ષેત્રનું નેતૃત્વ: માલ લદાન ના મામલે ગાંધીધામ ક્ષેત્ર સૌથી આગળ રહ્યું, જ્યાં દરરોજ સરેરાશ 1936.97 વેગનોનું લદાન કરવામાં આવ્યું.

'કચ્છથી કાશ્મીર' વ્યાપાર પહેલ

બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (BDU)ના પ્રયાસોથી ગાંધીધામ ક્ષેત્રે લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. 5 મે 2026ના રોજ, મંડળે 'કચ્છથી કાશ્મીર' માલ પરિવહન પહેલ હેઠળ 20 BCN વેગનોમાં ભીમાસર (BMSR)થી બારી બ્રાહ્મણ (BBMN) અને અનંતનાગ (ANT) માટે ખાદ્ય તેલની પ્રથમ ખેપ રવાના કરી હતી.

માળખાકીય વિકાસ અને સંચાલન ક્ષમતા

નવી વાય-કનેક્ટિવિટી (Y-Connectivity): ચાંદખેડા-ગાંધીગ્રામ વાય-કનેક્ટિવિટી શરૂ થયા બાદ પ્રથમ વખત આ માર્ગ પર ટ્રેનોનું સંચાલન શરૂ થયું. 29 મે 2026ના રોજ ટ્રેન નંબર 09257નું ગાંધીગ્રામ (GG)થી ચાંદખેડા રોડ વચ્ચે પ્રથમ સફળ સંચાલન કરવામાં આવ્યું.

લૉન્ગ-હોલ અને ક્રેક ટ્રેનો: મંડળે આ મહિને રેકોર્ડ 149 લૉન્ગ-હોલ ટ્રેનોનું સંચાલન કર્યું, જે મે 2025માં ચલાવવામાં આવેલી 28 ટ્રેનોની સરખામણીએ 432.14%નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. ઉપરાંત, મહિના દરમિયાન 1720 ક્રેક ટ્રેનોનું પણ સંચાલન કરવામાં આવ્યું.

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) ઈન્ટરચેન્જ: DFC પોઈન્ટ્સ પર ટ્રેનોના ઈન્ટરચેન્જમાં 7.43%નો વધારો નોંધાયો અને તે સરેરાશ 88.19 ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચ્યો, જ્યારે મે 2025માં આ આંકડો 82.09 ટ્રેનો પ્રતિદિવસ હતો.

અવરોધોનું નિરાકરણ: પરિચાલન ને વધુ સુગમ બનાવવા માટે 4 મુખ્ય અવરોધોને કાયમી ધોરણે દૂર કરવામાં આવ્યા. તેમાં રોડ અંડર બ્રિજ (RUB) મારફતે રાધનપુર-પિપળી સેકશન વચ્ચે આવેલ લેવલ ક્રોસિંગ (LC) નં. 101ને દૂર કરવો તેમજ સનોસરા-નલિયા સેકશન માં પુલ નં. 331 અને 337 પરના ગતિ પ્રતિબંધો (SR)માં રાહત આપીને મહત્તમ ગતિ 70 કિમી પ્રતિ કલાક કરવી સામેલ છે.

મુસાફર અને કોચિંગ ટ્રેનોની સફળતા

સમયપાલન (Punctuality): મેઈલ/એક્સપ્રેસ ટ્રેનોના સમયપાલનમાં સુધારો નોંધાયો છે. મે 2025માં 91.06% રહેલો સમયપાલન દર વધીને મે 2026માં 93.12% પર પહોંચ્યો છે.

વધારાના કોચ જોડવા: મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને વિવિધ ટ્રેનોમાં 434 વધારાના કોચ જોડવામાં આવ્યા.

નવી ટ્રેનોની શરૂઆત: 23 મે 2026ના રોજ ભુજ-દિલ્હી-ભુજ દૈનિક એક્સપ્રેસ (ટ્રેન નં. 19403/19404) શરૂ કરવામાં આવી, જેની નિયમિત સેવા પણ એ જ તારીખથી શરૂ થઈ.

ટ્રેન નં. 19559/19560 ઓખા-તિરુપતિ સાપ્તાહિક એક્સપ્રેસની પણ આ મહિને શરૂઆત કરવામાં આવી.

ટ્રેનોના વિસ્તાર: ટ્રેન નં. 20485/20486 જોધપુર-સાબરમતી-જોધપુર એક્સપ્રેસને 22 મે 2026થી જૈસલમેર (JSM) સુધી વિસ્તૃત કરવામાં આવી.

---

**પ્રાકૃતિક ખેતી જાગૃતિ કાર્યક્રમ-2026**

## નડિયાદ તાલુકાના મરીડા અને સિલોડ ગામમાં ખેડૂતો માટે તાલીમ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું



**નડિયાદ, તા.01**

રાસાયણિક ખાતરોના સંતુલિત, સમતોલ અને સંકલિત ઉપયોગ અંગેના ખાસ જાગૃતિ અભિયાન તેમજ પ્રાકૃતિક ખેતી જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત આજરોજ નડિયાદ તાલુકાના મરીડા અને સિલોડ ગામોમાં ખેડૂતો માટે તાલીમ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગામના ખેડૂતો, ગ્રામસેવકો તથા કૃષિ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને રાસાયણિક ખાતરોના સંકલિત વ્યવસ્થાપન, સમતોલ ઉપયોગના મહત્વ, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ તેમજ ખેતી ખર્ચમાં ઘટાડો કરીને વધુ ઉત્પાદન મેળવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તદુપરાંત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો, તેના લાભો અને પર્યાવરણમૈત્રી ખેતી પદ્ધતિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ ફાર્મર રજીસ્ટ્રેશન, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ઈ-કેવાયસી, કૃષિ પ્રગતિ એપ્લિકેશન તથા ખેતીવાડી વિભાગની વિવિધ સહાયલક્ષી અને કલ્યાણકારી યોજનાઓ અંગે પણ વિગતવાર સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં IFFCO સંસ્થાના પ્રતિનિધિ દ્વારા નેનો યુરિયાના ઉપયોગ, રાસાયણિક ખાતરોનો કરકસરપૂર્વક અને વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરવાની પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ સાથે સરકારશ્રીની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ઉપસ્થિત ખેડૂતો દ્વારા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ માર્ગદર્શનનો લાભ મેળવ્યો હતો. આવા જાગૃતિ કાર્યક્રમો ખેડૂતોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા, ટકાઉ કૃષિને પ્રોત્સાહન આપવા અને જમીનની ગુણવત્તા જાળવી રાખવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે, એમ ખેતીવાડી વિભાગ, નડિયાદ વતી આત્મા જિલ્લા પ્રોજેક્ટ ઓફિસરશ્રી આરીફભાઈ શેખે જણાવ્યું હતું.

---


# કોક્રોચ જનતા પાર્ટી એ દેશના યુવાનો તથા યુવતિઓની વ્યાપક હતાશા તથા નિરાશાનું પરિણામ

ક્રોચ (વાંદા) એ કોઈ ખરાબ અથવા અપશબ્દ નથી. વીકિપીડીયામાં સર્ચ કરવાથી જણાશે કે, વાંદાઓએ પોતાના મૂળ શારીરિક માળખાને અંદાજે ૨૦ કરોડ વર્ષોથી ટકાવી રાખ્યું છે. એટલે કે અંદાજે ૩,૦૦,૦૦૦ વર્ષ પહેલા આફ્રિકામાં હોમો સેપિયન્સનો પ્રથમ દેખાવ થયો તેના ૧,૯૯,૭૦૦,૦૦૦ વર્ષ પૂર્વે. વિશ્વમાં રહેવાના અધિકારની દ્રષ્ટિએ માનવી કરતા વાંદાઓનો હક પહેલા છે.

સાયન્સ એન્સાઈકલોપેડિયા આપણને સમજાવે છે કે વાંદાઓ કયારેય કરડતા નથી અને માણસ જેવી રીતે તેમની પર હુમલા કરે છે તેવા હુમલા તેઓ કરતા નથી. જો કે વાંદાઓ બેકટેરિઆ ધરાવે છે, બીમારી ફેલાવે છે અને એલર્જી ઊભી કરે છે (ખાસ કરીને હરિફ જુથના સભ્યોમાં). કેટલાક માણસો વાંદાઓને ભયાનક ગણાવે છે. જ્યારે કેટલાક માણસો અન્ય માણસોને ડરામણા ગણે છે.

કેટલાક દિવસો અગાઉ, એક ઉચ્ચ પદવીધારીએ વાંદાઓને ઉંઘમાંથી જગાડી દીધા. તેમને આશીર્વાદ આપો તેમણે તરત જ ચોખવટ કરી હતી કે, તેઓ કોર્ટમાં નકલી ડીગ્રી સાથે ફરતા નકલી વકીલો બાબત બોલ્યા હતા. આવા નકલી વકીલો ખરાબ નામે બોલાવવાને પાત્ર છે, પરંતુ હું આદરપૂર્વક સ્વીકારુ છું કે, વાંદા તો નહીં જ. એક વખત ઉશકેરાયા બાદ, વાંદાઓ ઉશકેરાટમાં જ રહે છે. કેટલાક ઉશકેરાયેલા વાંદાઓએ રાજકીય પક્ષની રચના કરી છે, એકસ હેન્ડલ શરૂ કર્યું છે, વેબસાઈટની રચના કરી છે અને ઈન્સ્ટાગ્રામ હેન્ડલ ખોલાવ્યું છે. છેલ્લી માહિતી પ્રમાણે આ હેન્ડલના ૨.૨૦ કરોડ ફોલોઅર્સ હતા.

ઉશકેરાયેલા સદર વાંદાઓએ પ્રતિકાર કર્યો છે. આને પરિણામે, માનવીઓ ઉશકેરાયા છે અને હચમચી ગયા છે. મને લાગે છે કે માણસો તેમના કોલ્હાપુરી ચપ્પલમાં ધ્રુજી ઉઠયા છે. આમ ન હોત તો, ૧૪.૫૦ લાખ યુનિફોર્મધારી સક્રિય લશકરી અધિકારી સાથેના સશસ્ત્ર દળ, ૪૨૦૦ મુખ્ય બેટલ ટેન્કસ, ૫૮૦ ફાઈટર વિમાન, ૨૭૦ નૌકા



જહાજો, બે વિમાનવાહક જહાજો અને સેંકડો અણુશસ્ત્રો તથા રિઝર્વ બેન્ક તરફથી મળેલા રૂપિયા ૨,૮૬,૫૮૮ કરોડના ડિવિડન્ડ સાથેના ભારતના ઉચ્ચ સત્તાધારીએ માત્ર ડિજિટલ એવી કોક્રોચ જનતા પાટી (સીજેપી)ના સ્થાપક ૩૦ વર્ષના અભિજિત દીગ્પેના એકસ હેન્ડલથી ગભરાયને એકસને તેનું હેન્ડલ બંધ કરવા શા માટે જણાવ્યું હશે?

સદર વેબસાઈટમાં સીજેપીની સ્થાપનાનો હેતુ સ્પષ્ટ કરાયો છે. અમે કોક્રોચની ઓળખ ધરાવીએ છીએ. યુવાનોને જો આજ રીતે સાંભળવાના હોય તો. આળસુ અને બેરોજગારનો અવાજ, સીજેપી આવા લોકોના પ્રતિનિધિત્વનો દાવો કરે છે. વ્યવસ્થાએ તેમને યાદ કરવાનું બંધ કરી દીધું છે. બેરોજગાર, આળસુ, સતત ઓનલાઈન રહેતાઓ તેના પક્ષમાં જોડાય તેમ તે ઈચ્છી રહ્યા છે. તેઓ ગાંધી, આંબેડકર તથા નેહરુથી પ્રેરાયા છે. સીજેપીનો મેનિફેસ્ટો જોઈને કોઈને હસવું આવે છે અને વિચારતા કરે છે જ્યારે સામાન્ય રાજકીય પક્ષોના મેનિફેસ્ટોથી કોઈને ઉંઘ આવી જાય છે.

બેરોજગારીઃ બેરોજગારીનો દર ૫.૨૦ ટકા છે. યુવા બેરોજગારીનો દર ૧૬-૧૭ ટકા છે. કાર્યબળ ૬૪.૩૦ કરોડ છે અને લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ ૬૦ ટકા છે. બાકીના ૪૦ ટકા અથવા ૨૫ કરોડ મને માફ કરજો વાંદાઓ છે. જો સીજેપીને આ દરેક કોક્રોચના મત મળી જાય તો, તે સરકાર રચી શકે છે. (૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, ભાજપને ૨૩.૬૦ કરોડ મતો મળ્યા હતા અને કોંગ્રેસને ૧૩.૭૦ કરોડ).

પેટ્રોલ તથા ડીઝલઃ ગતિશીલતા એ વાંદાઓના જીવનનો સ્રોત છે. ડીઝલના ઊંચા ભાવથી કોક્રોચની મોબિલિટી ધીમી પડી જાય છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રતિ લિટર રૂપિયા ૧૦૨.૧૨ અને ડીઝલની રૂપિયા ૯૫.૨૦ છે. કોલકતાના નાગરિકોને ભાજપે પેટ્રોલની કિંમત રૂપિયા ૧૧૩.૫૧અને ડીઝલની રૂપિયા ૯૯.૮૨ આપી છે.

ફેકટરીઓમાં રોજગારઃ વ્યાખ્યા પ્રમાણે કોક્રોચ આળસુ તરીકે ઓળખાય છે. પડોશમાં શાખામાં હાજર થવા માટે તેઓ સવારે વહેલા ઉઠતા નહી હોવાથી તેમને સરકારી નોકરી કયારેય નહીં મળે. પછીની તક છે ફેકટરીમાં રોજગાર. એમઓએસપીઆઈના રિપોર્ટ પ્રમાણે, ભારતમાં ૨૬૦૦૬૧ રજિસ્ટર્ડ ફેકટરીઓ છે. આ ફેકટરીઓમાં અંદાજે ૧.૯૫ કરોડ રોજગાર છે. એઆઈને કારણે અસંખ્ય રોજગાર અદ્રષ્ય થઈ રહ્યા છે અને ૨૫ કરોડ વાંદાઓને કયારેય ફેકટરીમાં રોજગાર નહીં મળે. માટે હતાશ છે.

પારિવારિક ટેકોઃ દર મહિને પરિવાર માટે પાંચ કિલો મફત અનાજના બદલામાં વાંદાઓને પરિવારોનો ટેકો હોય છે. ખાસ કરીને માતાઓનો. પારિવારિક દેવાબોજ જીડીપીના ૪૨ ટકા જેટલો છે અને પારિવારિક બચત જીડીપીના ૫-૬ ટકા છે ત્યારે વાંદાઓને પરિવાર પાસેથી રોકડના સ્વરૂપમાં મદદ મળતી નથી અને તેઓ કેશલેસ રહે છે.

વિકસિત ભારત અબજપતિઃ વિકસિત ભારતમાં અબજોપતિ બનવા વાંદાઓની આકાંક્ષા છે. આમછતાં ભાજપના ૧૨ વર્ષના શાસન છતા, અબજોપતિની સંખ્યા ધીમી ગતિએ વધી રહી છે. છેલ્લામાં છેલ્લા આંક પ્રમાણે ૨૦૫ અબજપતિ છે. અને ૨૫ કરોડ કોક્રોચ અબજોપતિ બનવાની રાહમાં છે. ૨૦૧૪માં અપાયેલા અચ્છે દિનના વચન પ્રમાણે તે રૂપિયા ૧૫ લાખની પણ રાહ જોઈ રહ્યા છે.

વાંદાઓ જ વાંદાઓના આર્થિક સલાહકાર બન્યા છે. કોક્રોચના આર્થિક સલાહકારની સલાહ ગંભીર હતી. નાણાં વર્ષ ૨૦૨૭માં વેપાર ખાધ નોંધપાત્ર વધશે અને ચાલુ ખાતાની ખાધ પણ વધશે. ફુગાવો વધવાનું પણ જોખમ છે. સામાન્ય કરતા નીચો વરસાદ પૂરવઠા આંચકાના વ્યાપને વધારશે.

કોક્રોચિસ એ નિર્ણય લઈ શકે છે કે આપત્તિને અટકાવવા એક માત્ર માર્ગ એ છે કે સીઈસીની મદદથી માનવના હાથમાંથી કોક્રોચિસના હાથમાં સત્તાનો શાંતિપૂર્ણ રીતે બદલાવ લાવવો.

# 'ગુજરાત ટાઈટન્સ સાથે અન્યાય થયો!' – સુનિલ ગાવસ્કર આયોજકો પર ભડક્યા



અમદાવાદ, તા.01

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચ પૂર્વે એક મોટો વિવાદ સામે આવ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર અને કમેન્ટેટર સુનિલ ગાવસ્કરે આઈપીએલ મેનેજમેન્ટ સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત ટાઈટન્સ (GT)ની ટીમ સાથે અન્યાય થયો છે અને આ મહા મુકાબલાને એક દિવસ માટે મુલતવી રાખવો જોઈતો હતો. ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીત થઈ હતી, પરંતુ GT સાથે અન્યાય થયો હતો. ગાવસ્કરના મતે, ફાઈનલ મેચને રવિવારના બદલે સોમવારે રાખેલા 'રિઝર્વ ડે' પર રમાડવી જોઈતી હતી જેથી બંને ટીમોને સમાન તક મળી શકે. ગુજરાત ટાઈટન્સે શુક્રવારે રમાયેલી ક્વોલિફાયર-2 મેચમાં રાજસ્થાન રોયલ્સને હરાવીને ફાઈનલમાં ભવ્ય પ્રવેશ કર્યો હતો. આ મેચ બાદ ટીમને ચંદીગઢથી અમદાવાદ આવવાનું હતું. જો કે, ઉત્તર-પશ્ચિમ ભારતમાં અચાનક બદલાયેલા હવામાન અને ભારે વરસાદના કારણે શનિવારે બપોરે તેમની ચાર્ટર્ડ ફ્લાઈટ સમયસર ઉડાન ભરી શકી નહોતી. લાંબા વિલંબ બાદ ગુજરાતની ટીમ શનિવારે મોડી રાત્રે લગભગ 10:45 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચી હતી અને હોટેલ પહોંચતા સુધીમાં તો અડધી રાત થઈ ગઈ હતી. આ પ્રવાસના કારણે હાર્ડ-હીટિંગ ફાઈનલ મેચ પહેલાં ગુજરાતના ખેલાડીઓને આરામ કરવા, રિકવરી મેળવવા અને પ્રેક્ટિસ કરવા માટે 24 કલાક કરતાં પણ ઓછો સમય મળ્યો હતો.

બીજી તરફ RCBની ટીમ ક્વોલિફાયર-1માં જીત મેળવીને મંગળવારથી જ અમદાવાદમાં ડેરો જમાવીને બેઠી હતી. પરિણામે, ડિફેન્ડિંગ ચેમ્પિયન બેંગલુરુના ખેલાડીઓને ફાઈનલ મેચની પૂર્વ તૈયારી કરવા અને શારીરિક-માનસિક થાક ઉતારવા માટે પૂરા પાંચ દિવસનો પૂરતો સમય મળ્યો હતો.

એક ઈન્ટરવ્યૂમાં વાતચીત દરમિયાન સુનિલ ગાવસ્કરે આઈપીએલના આ આયોજન સામે તીખા સવાલો કરતા કહ્યું કે 'આમાં કોઈ શંકા નથી કે ખેલાડીઓને પૂરતા આરામની જરૂર હોય છે. જ્યારે તમને ખબર જ ન હોય કે તમારી ફ્લાઈટ ક્યારે ટેક-ઓફ કરશે, ત્યારે ખેલાડીઓમાં એક પ્રકારની બેચેની અને ચિંતાનો માહોલ સર્જાય છે. મુસાફરીના આ વિલંબથી માત્ર શારીરિક થાક જ નથી લાગતો, પણ તમે માનસિક રીતે પણ થાકેલા હોઉં છો. જ્યારે આપણી પાસે પહેલેથી જ 'રિઝર્વ ડે'નો વિકલ્પ ઉપલબ્ધ હતો, ત્યારે આવી કટોકટીની સ્થિતિમાં ફાઈનલ મેચને સોમવાર પર શિફ્ટ કરવી જોઈતી હતી, જેથી ગુજરાતની ટીમ સાથે ન્યાય થઈ શકે.'

ગાવસ્કરે પ્લેઓફની મેચો અલગ-અલગ શહેરોમાં ગોઠવવાના આઈપીએલના નિર્ણયને પણ અયોગ્ય ગણાવ્યો હતો અને ભવિષ્ય માટે શેડ્યૂલિંગમાં વધુ ફ્લેક્સિબિલિટી રાખવાની સલાહ આપી હતી.

ટોસ દરમિયાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે પણ સ્વીકાર્યું હતું કે, ક્વોલિફાયર-1 બાદ તેમની ટીમને આરામ અને તૈયારી માટે ઘણો સારો સમય મળ્યો હતો, જે ચોક્કસપણે એક વધારાનો ફાયદો છે. જોકે, તેમણે ઉમેર્યું કે ફાઈનલમાં બંને ટીમો મજબૂત હોવાથી રમત પર જ પરિણામનો આધાર રહેશે. આ મેચમાં બેંગલુરુએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, જ્યારે ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે તેઓ પણ ટોસ જીતત તો બેટિંગ જ પસંદ કરત.

તમામ ચર્ચાઓ અને વિવાદો વચ્ચે ફાઈનલ મેચ નિર્ધારિત સમયપત્રક મુજબ રવિવારે જ રમાઈ હતી. પ્રવાસના થાક સાથે મેદાનમાં ઉતરેલી ગુજરાત ટાઈટન્સની ટીમને હરાવીને, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ શાનદાર પ્રદર્શન કર્યું અને સતત બીજી વખત આઈપીએલની ચમકતી ટ્રોફી પોતાના નામે કરી ઈતિહાસ રચી દીધો. છતાં, ટૂર્નામેન્ટ પૂરી થયા પછી પણ ગાવસ્કરની આ દલીલ ક્રિકેટ વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બનેલી છે.

# ચેમ્પિયન RCB પર કરોડોનો વરસાદ, રનર-અપ ગુજરાત પણ માલામાલ, જુઓ એવોર્ડ્સની યાદી

નવી દિલ્હી, તા.01



આઈપીએલ 2026 (IPL 2026) ના હાઈવોલ્ટેજ ખિતાબી મુકાબલા બાદ ભવ્ય એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત બીજી વખત ચેમ્પિયન બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને રનર-અપ રહેલી ગુજરાત ટાઈટન્સ (GT) પર પૈસાનો વરસાદ થયો હતો. આ સાથે જ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કરનારા ખેલાડીઓ અને ટીમોને કરોડો રૂપિયાની ઈનામી રકમ અને ખાસ એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા હતા.

વિજેતા બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમને 20 કરોડની બમ્પર પ્રાઈઝ મની મળી હતી, જ્યારે ઉપવિજેતા ગુજરાત ટાઈટન્સને 12.50 કરોડથી સંતોષ માનવો પડ્યો હતો.

IPL 2026 માં ટોપ ટીમોની પ્રાઈઝ મની વિજેતા (રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ): 20 કરોડ

રનર અપ (ગુજરાત ટાઈટન્સ): 12.50 કરોડ ત્રીજા નંબરની ટીમ (રાજસ્થાન રોયલ્સ): 7 કરોડ ચોથા નંબરની ટીમ (સનરાઈઝર્સ હૈદરાબાદ): 6.5 કરોડ ટૂર્નામેન્ટના ખાસ એવોર્ડ્સ (Full List of Awards) આ સીઝનમાં યુવા ભારતીય બેટર વૈભવ સૂર્યવંશીએ ઓરેન્જ કેપ સહિત અનેક એવોર્ડ્સ જીતીને ભારે લાઈમલાઈટ લૂંટી હતી: ઓરેન્જ કેપ (સીઝનમાં સૌથી વધુ રન): વૈભવ સૂર્યવંશી (776 રન) - 10 લાખ

પર્પલ કેપ (સીઝનમાં સૌથી વધુ વિકેટ): કગિસો રબાડા (29 વિકેટ) - 10 લાખ ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝન: વૈભવ સૂર્યવંશી - 10 લાખ

મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીઝન: 15 લાખ

સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સીઝન: વૈભવ સૂર્યવંશી (Tata Sierra કાર) સીઝનમાં સૌથી વધુ સિક્સ: વૈભવ સૂર્યવંશી (72 છગ્ગા) - 10 લાખ સીઝનમાં સૌથી વધુ ડોટ બોલ: મોહમ્મદ સિરાજ - 10 લાખ

સીઝનનો સર્વશ્રેષ્ઠ કેચ: મનીષ પાંડે - 10 લાખ સીઝનમાં સૌથી વધુ ચોગ્ગા: સાઈ સુદર્શન (75 ચોગ્ગા) - 10 લાખ ફેર પ્લે એવોર્ડ: પંજાબ કિંગ્સ પીચ એન્ડ ગ્રાઉન્ડ એવોર્ડ: ઈડન ગાર્ડન્સ - 50 લાખ.

ફાઈનલ મેચના એવોર્ડ્સ (Final Match Awards) ગુજરાત સામેની ફાઈનલ મેચમાં ધમાકેદાર પ્રદર્શન કરીને વિરાટ કોહલી અને રસિખ સલામ જીતના હીરો બન્યા હતા.

# વિરાટે વિનિંગ છગ્ગો મારતા પત્ની અનુષ્કા શર્મા ખુશીથી ઝૂમી ઉઠી, કોહલીએ આપી ફ્લાઈંગ કિસ

અમદાવાદ, તા.01

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી IPL 2026ની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ પ્રભાવશાળી દેખાવ કરતાં ગુજરાત ટાઈટન્સને 5 વિકેટે હરાવ્યું, આ સાથે જ RCBએ વર્ષ 2025 બાદ 2026માં પણ IPL ટાઈટલ પોતાને નામ કર્યું છે. ક્રિકેટ સુપરસ્ટાર વિરાટ કોહલીની ટીમે આ વર્ષે IPL ટ્રોફી જીતી છે. વિરાટની જીતથી પત્ની અનુષ્કા શર્મા સૌથી વધુ ખુશ દેખાતી જોવા મળી. મેચ દરમિયાન વિરાટે વિનિંગ છગ્ગો મારતા પત્ની અનુષ્કા શર્મા ખુશીથી ઝૂમી ઉઠી હતી. તેવામાં કોહલીએ અનુષ્કાને ફ્લાઈંગ કિસ આપી હોવાની તસવીર સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહી છે.

RCB ની જીતની ક્ષણ પર



ચાહકોમાં ખુશીની લહેર છવાઈ છે. વિરાટ કોહલીએ છગ્ગો મારીને પોતાની ટીમને જીત અપાવતા આખી ટીમ મેદાનમાં આવી ક્રિકેટરને ભેટી પડી હતી. આ દરમિયાન અનુષ્કા ખુશીથી ઝૂમી ઉઠી હતી તેની આસપાસ મિત્રોને ગળે લગાવતી જોવા મળી છે. જીત બાદ વિરાટે પણ અનુષ્કા તરફ જોયું અને તેને ફ્લાઈંગ કિસ આપી હતી.

ફાઈનલમાં પણ વિરાટ કોહલીનું બેટ ચમક્યું હતું. નાના સ્કોરનો પીછો કરતી વખતે વિરાટે શાનદાર ફિફ્ટી ફટકારી છે. જેને લઈને અનુષ્કાની પ્રતિક્રિયા પણ વાઈરલ થઈ છે.

વિરાટ કોહલીની ટીમ બેંગ્લુરુએ IPL નો ઈતિહાસ રચ્યો છે. જેમાં RCB સતત બીજી વખત IPL ટ્રોફી જીતનાર ટુર્નામેન્ટમાં ત્રીજી ટીમ બની છે.

# IPL 2026માં બન્યા અનેક મહારેકોર્ડ, 18 વર્ષનો ઈતિહાસ ધૂળધાણી, વૈભવ સૂર્યવંશીએ તો કમાલ કરી

નવી દિલ્હી, તા.01



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની 19મી સિઝન અનેક રીતે ઐતિહાસિક અને રોમાંચક સાબિત થઈ છે. વર્ષ 2026ની આ સિઝનમાં ક્રિકેટના મેદાન પર એવા 10 મોટા રેકોર્ડ્સ બન્યા અને તૂટ્યા છે, જે અગાઉ આઈપીએલના 18 વર્ષના ઈતિહાસમાં ક્યારેય જોવા મળ્યા નહોતા. આખી ટૂર્નામેન્ટ દરમિયાન બેટ્સમેનોએ બોલરો પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું. રન, ચોગ્ગા, છગ્ગા, સદી તેમજ 200થી વધુ પ્લસ સ્કોરના મામલે આ સિઝને સફળતાના નવા માપદંડ સ્થાપિત કર્યા છે. આ પ્રકારની ક્રિકેટ અગાઉ ક્યારેય જોવા નહોતી મળી. ટીમની વાત હોય કે વ્યક્તિગત રેકોર્ડ હોય, ઘણાં રેકોર્ડ આ સીઝનમાં બન્યા અથવા તો તૂટ્યા છે.

આઈપીએલ 2026ના ઈતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકાઈ ગયેલા 10 ઐતિહાસિક રેકોર્ડ્સ પર કરીએ એક નજર: આઈપીએલના કોઈ પણ અગાઉના સત્રમાં એટલા રન નથી બન્યા, જેટલા આ વખતે નોંધાયા છે. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન તમામ ટીમોએ મળીને કુલ 27,450 રન બનાવ્યા, જે એક નવી સર્વકાલીન અને અદ્ભુત સિદ્ધિ છે. આટલાં વધુ રન કોઈએ વિચાર્યા સુદ્ધા નહોતાં. આ સિઝનમાં બોલરો માટે વિકેટ ઝડપવી લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ હતી. બોલરોને એક વિકેટ લેવા માટે સરેરાશ 31.26 રન ખર્ચવા પડ્યા હતા. આઈપીએલના ઈતિહાસમાં આ સૌથી ઊંચી બેટિંગ એવરેજ છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે બેટ્સમેનોએ બોલરોને ભારે દબાણમાં રાખ્યા હતા. 2026ની આ સિઝનમાં રન બનાવવાની ગતિ અસામાન્ય રહી હતી. પ્રતિ ઓવર સરેરાશ 9.88ના રન રેટથી રન બન્યા હતા, જે આઈપીએલના ઈતિહાસનો સર્વોચ્ચ રન રેટ છે. આ પહેલાં એક ઓવરમાં આટલી રન રેટ ક્યારેય જોવા નહોતી મળી.

બેટ્સમેનોએ મેદાનની ચારેય તરફ શોટ્સ ફટકારીને ચોગ્ગાનો વરસાદ કર્યો હતો. સમગ્ર સિઝનમાં કુલ 2,332 ચોગ્ગા ફટકારવામાં આવ્યા હતા, જે અગાઉના તમામ રેકોર્ડને ધ્વસ્ત કરે છે.

આ ટૂર્નામેન્ટમાં માત્ર ચોગ્ગા જ નહીં, પરંતુ ગગનચુંબી છગ્ગાનો પણ ભારે વરસાદ થયો હતો. આ સિઝનમાં કુલ 1,426 છગ્ગા મારવામાં આવ્યા, જે આઈપીએલના કોઈપણ એક સત્ર કરતાં ઘણો મોટો આંકડો છે.

આઈપીએલ 2026માં બેટ્સમેનો વ્યક્તિગત રીતે પણ ખૂબ ચમક્યા હતા. અલગ-અલગ મેચોમાં બેટ્સમેનો દ્વારા કુલ 15 સદી ફટકારવામાં આવી હતી. એક જ સિઝનમાં નોંધાયેલી આ સૌથી વધુ સદીઓનો નવો રેકોર્ડ છે.

આ સિઝનમાં હાઈ-સ્કોરિંગ મેચોની ભરમાર જોવા મળી હતી. ટીમોએ કુલ 65 વખત 200 કે તેથી વધુ રનનો વિશાળ સ્કોર બોર્ડ પર મૂક્યો હતો. અગાઉ ક્યારેય કોઈ એક સિઝનમાં આટલી મોટી સંખ્યામાં 200+ સ્કોર બન્યા નથી. આધુનિક ક્રિકેટમાં હવે કોઈ પણ સ્કોર સુરક્ષિત નથી તે આ સિઝને સાબિત કર્યું.

# નેપાળી સિનેમાએ વૈશ્વિક મંચ પર ઐતિહાસિક શંખનાદ કર્યો

મુંબઈ, તા.01



દક્ષિણ એશિયન સિનેમાએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026ના 79મા સંસ્કરણમાં ઈતિહાસ રચ્યો છે, જે વૈશ્વિક સિનેમાનું સૌથી પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ છે. નેપાળના પ્રતિભાશાળી ફિલ્મ નિર્માતા અબિનાશ બિક્રમ શાહ દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત પ્રથમ ફીચર ફિલ્મ "એલિફન્ટ્સ ઈન ધ ફોગ" એ પ્રતિષ્ઠિત "અન સર્ટેન રિગાર્ડ જ્યુરી પ્રાઈઝ" જીતીને વૈશ્વિક સ્તરે સનસનાટી મચાવી છે. કાન્સના ઈતિહાસમાં આ પહેલી વાર છે કે કોઈ નેપાળી ફિલ્મને ફક્ત આ શ્રેણીમાં જ પસંદ કરવામાં આવી નથી, પરંતુ તેના પ્રથમ દેખાવમાં જ એવોર્ડ જીતીને ઈતિહાસ પણ રચ્યો છે. આ શ્રેણી કાન્સની મુખ્ય "પાલ્મે ડી'ઓર" સ્પર્ધાની સમાંતર ચાલે છે.

'એલિફન્ટ્સ ઈન ધ ફોગ' ની વાર્તા નેપાળના દક્ષિણ તરાઈ મેદાનોમાં આવેલા એક નાના, જંગલી ગામ 'થોરી' માં સેટ છે. આ ફિલ્મ એવા સમાજમાં રહેતી ટ્રાન્સજેન્ડર મહિલાઓના અનુભવો પર કેન્દ્રિત છે જે તેમને સ્વીકારતી નથી. આ ફિલ્મ મુખ્યત્વે ટ્રાન્સજેન્ડર સમુદાયની નેતા 'પિરાતી' ની આસપાસ ફરે છે. તેની પુત્રીના ગુમ થવાથી તેના પ્રેમી સાથે ભાગી જવાના તેના સપના ચકનાચૂર થઈ જાય છે. સત્તાવાર સારાંશ મુજબ, તેણીને સ્વતંત્રતાની જરૂરિયાત અને તેના સમુદાય પ્રત્યેની તેની ફરજ વચ્ચે પસંદગી કરવાની ફરજ પડે છે.

સ્વીકૃતિ ભાષણ પોતાના એવોર્ડ સ્વીકૃતિ ભાષણમાં, અબિનાશ બિક્રમ શાહે કહ્યું, "ઘણા લાંબા સમયથી, પિરાતી અને તેની પુત્રીઓ, તે સમુદાયો અને પૂર્વમાં રહેતા તમામ લોકોના જીવનને અવગણવામાં આવ્યું છે. અમારી વાર્તા અહીં લાવીને અને આ પુરસ્કારથી સન્માનિત કરીને, અમે તે હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને પ્રકાશમાં લાવ્યા છીએ. અમે અદ્રશ્યને દૃશ્યમાન બનાવ્યું છે." 'એલિફન્ટ્સ ઈન ધ ફોગ' માં પુષ્પા થિંગ, દીપિકા યાદવ, જાસ્મીન વિશ્વકર્મા, શાંતિ ગિરી, ગૌરી મલ્લા, માઓત્સે ગુરુંગ, સંજય ગુપ્તા દુરા, મહિમા નવાબાગ અને આકાંક્ષા કાર્કી અભિનય કરે છે. તે બે નેપાળી ફિલ્મ નિર્માણ કંપનીઓ - અંડરગ્રાઉન્ડ ટોકીઝ નેપાળ અને જયંતિ ક્રિએશન્સ - દ્વારા ફ્રાન્સ, જર્મની અને બ્રાઝિલની કંપનીઓના સહયોગથી બનાવવામાં આવી છે.

કાન્સ શાહ માટે કોઈ નવી જગ્યા નથી; તેમણે 10 વર્ષથી વધુ સમયથી ફેસ્ટિવલમાં કામ કર્યું છે. 75મી આવૃત્તિમાં, તેમણે તેમની ટૂંકી ફિલ્મ "લોરી" માટે સ્પેશિયલ મેન્શન એવોર્ડ જીત્યો, જે આ એવોર્ડ જીતનાર પ્રથમ નેપાળી ફિલ્મ નિર્માતા બન્યા. અગાઉ, તેમણે "કાલો પોથી," "હાઈવે," અને "તાતિની" જેવી ફિલ્મો લખી છે.

ઓસ્ટ્રિયન ફિલ્મ નિર્માતા સાન્દ્રા વોલનરની ફિલ્મ "એવરીટાઈમ" એ મુખ્ય "અન સર્ટેન રિગાર્ડ" એવોર્ડ જીત્યો. આ ફિલ્મ વેકેશન પર ગયેલા એક પરિવારની વાર્તા કહે છે જેનું જીવન એક દુ:ખદ ઘટનાથી કાયમ માટે બદલાઈ જાય છે. લુઈસ ક્લિચીની ફિલ્મ "આયર્ન બોય" ને સ્પેશિયલ જ્યુરી પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું હતું. આ પિક્સારના દિગ્ગજ લુઈસ ક્લિચીનું પ્રથમ સોલો દિગ્દર્શન કાર્ય છે; તેમણે અગાઉ "WALL-E" અને "Up" જેવી ફિલ્મોમાં એનિમેટર તરીકે કામ કર્યું હતું. "આયર્ન બોય" એ ગ્રામીણ ફ્રાન્સમાં ઉછરેલા એક માણસ વિશે હાથથી દોરેલી એનિમેટેડ ફિલ્મ છે. તે 11 વર્ષના છોકરાની વાર્તા કહે છે. બ્રેડલી ફિઓમોના ડેમ્બેસેટને રફીકી ફારિયાલાની ફિલ્મ "કોંગો બોય" માં તેમના અભિનય માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો. કોસ્ટા રિકામાં સેટ વેલેન્ટિના મૌરેલના કૌટુંબિક નાટક "સિમ્પ્રે સોય તુ એનિમલ મેટરનો" માં મુખ્ય ભૂમિકા ભજવનાર ત્રણ અભિનેત્રીઓ: મરિના ડી તાવીરા, ડેનિએલા મરીન નાવારો અને મરિયાંગેલ વિલેગાસ દ્વારા સંયુક્ત રીતે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ શેર કરવામાં આવ્યો હતો.

# 76 વર્ષની ઉંમરે ઉઘાડેછોગ ડેટિંગ કરતી સુંદરી

મુંબઈ, તા.01



"ધ ડેવિલ વિયર્સ પ્રાડા ૨" ની મિરાન્ડા પ્રેસ્લીને ૭૬ વર્ષની ઉંમરે ફરીથી પ્રેમ મળ્યો છે. અભિનેત્રીનો તેના બોયફ્રેન્ડ સાથેનો ફોટો તાજેતરમાં વાયરલ થયો છે.

"ધ ડેવિલ વિયર્સ પ્રાડા ૨" માં મિરાન્ડા પ્રેસ્લી તરીકે ફરી એકવાર સ્ક્રીન પર દેખાતી અભિનેત્રી મેરિલ સ્ટ્રીપ, ઘણા વર્ષો પછી તેના પ્રેમ જીવન માટે ફરી એકવાર ઓનલાઈન હેડલાઈન્સમાં છે. અહેવાલો સૂચવે છે કે ૭૬ વર્ષની ઉંમરે, અભિનેત્રીને બીજી વખત પ્રેમ મળ્યો છે. તેના જીવનમાં પ્રેમ લાવનાર વ્યક્તિ કોણ છે તે જાણવા માટે નીચે આપેલ વિગતો વાંચો.

૭૬ વર્ષીય અભિનેત્રી મેરિલ સ્ટ્રીપ અને તેના સહ-અભિનેતા માર્ટિન શોર્ટનો એક ફોટો ઓનલાઈન વાયરલ થઈ રહ્યો છે. બંને સ્ટાર્સે "ઓન્લી મર્ડર્સ ઈન ધ બિલ્ડિંગ" નામની હિટ શ્રેણીમાં સાથે કામ કર્યું હતું. તે સમયે તેમના ડેટિંગની અફવાઓ હેડલાઈન્સમાં રહી હતી. હવે, લાંબા સમય પછી, મેરિલ અને માર્ટિન ફરીથી ડિનર ડેટ પર સાથે જોવા મળ્યા હતા, જ્યાં આ કપલ થોડો ખાનગી સમય વિતાવતા દેખાયા હતા.

ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ કપલનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ એકબીજાની નજીક બેઠા છે અને આરામ કરી રહ્યા છે. ફોટામાં, મેરિલ સ્ટ્રીપ માર્ટિનના ખભા પર માથું રાખે છે, અને તેઓ બંને એકસાથે મોબાઈલ સ્ક્રીન તરફ જોઈ રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વીડિયો શેર કરતા એક ચાહકે લખ્યું, "મેં લંડનમાં થોડા દિવસો વિતાવ્યા અને એક રેસ્ટોરન્ટમાં ગયો. મને મેરિલ સ્ટ્રીપ અને તેના જીવનસાથીથી ચાલવાના અંતરે જમવાની તક મળી. જોકે, સ્ટ્રીપ અને શોર્ટ પરિણીત નથી."

76 વર્ષીય બંને કલાકારોના આ ફોટા પર ચાહકો પ્રેમનો વરસાદ કરી રહ્યા છે. અહેવાલો સૂચવે છે કે મેરિલ અને માર્ટિને 2014 માં ડેટિંગ શરૂ કર્યું હતું અને ત્યારબાદ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ સહિત અનેક કાર્યક્રમોમાં સાથે જોવા મળ્યા હતા. જોકે, માર્ટિને અભિનેત્રી સાથેના કોઈપણ પ્રેમ સંબંધનો ઈનકાર કર્યો હતો. મેરિલ સ્ટ્રીપે એમ પણ કહ્યું હતું કે તેઓ નજીકના મિત્રો છે.

માર્ટિન સાથેના અફેરની અફવાઓ સામે આવે તે પહેલાં, અમેરિકન અભિનેત્રીના ડોન ગ્રુમર સાથેના લગ્ન 2017 માં સમાપ્ત થયા હતા. જોકે, બંનેએ છૂટાછેડા લીધા ન હતા, અને 2013 માં, અભિનેત્રીના નજીકના એક સૂત્રએ તેના પતિથી અલગ થવાના સમાચારની પુષ્ટિ કરી હતી. તેઓએ 1978 માં લગ્ન કર્યા હતા, પરંતુ વ્યક્તિગત કારણોસર 45 વર્ષ પછી તેમનો સંબંધ સમાપ્ત થયો હતો. મેરિલ સ્ટ્રીપને ચાર બાળકો છે.

# આ ઉંમરે અમે તો લખોટી કે ગલી ક્રિકેટ પણ નહોતા રમી શકતા...

મુંબઈ, તા.01



માત્ર 15 વર્ષની ઉંમરે ક્રિકેટ જગતમાં ધૂમ મચાવનાર યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશીએ IPL 2026માં પોતાના શાનદાર પ્રદર્શનથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા બિહારના આ પ્રતિભાશાળી ખેલાડીએ અનેક રેકોર્ડ તોડી નાખ્યા છે, જેમાં દિગ્ગજ ક્રિસ ગેલના એક સીઝનમાં સૌથી વધુ સિક્સર મારવાના લાંબા સમયથી અડગ રહેલા રેકોર્ડનો પણ સમાવેશ થાય છે.

વૈભવ જ્યારે પણ બેટિંગ કરવા મેદાનમાં ઉતરે છે ત્યારે સ્ટેડિયમમાં ચોગ્ગા અને છગ્ગાઓનો વરસાદ જોવા મળે છે. ચાલુ IPL સીઝનમાં તેણે સતત એક પછી એક યાદગાર ઈનિંગ્સ રમી છે.

ઘણી વખત જ્યારે તેની ટીમનાં અન્ય ખેલાડીઓ સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા હતા, ત્યારે વૈભવ એકલા હાથે ટીમની આશાઓ જીવંત રાખતો જોવા મળ્યો હતો. તેણે અદભૂત સ્ટ્રાઈક રેટ સાથે રન બનાવ્યા હતા અને જસપ્રીત બુમરાહ તથા મિચેલ સ્ટાર્ક જેવા વિશ્વસ્તરીય બોલરને પણ છોડ્યા નહોતા.

આ 15 વર્ષીય પ્રતિભાશાળી બેટ્સમેન હવે એક વિસ્ફોટક રન મશીન તરીકે ઓળખાવા લાગ્યો છે. તેના પ્રદર્શનથી ક્રિકેટપ્રેમીઓ જ નહીં, પરંતુ મહાનાયક અમિતાભ બચ્ચન પણ પ્રભાવિત થયા છે.

# 'ગબ્બરસિંહ'ના કપરા સમયમાં 'વીરુ' જ કામ આવ્યો હતો!

## અમજદ ખાનના મૃત્યુની આગલી રાત્રે શું થયું હતું? 34 વર્ષ પછી, તેમનો પુત્ર તેમની અગ્નિપરીક્ષાનું વર્ણન કરે છે

મુંબઈ, તા.01

ભારતીય ફિલ્મોના ક્ષેત્રે વિલન તરીકે ઐતિહાસિક સફળતા મેળવનારા કેટલાક યશસ્વી કલાકારોમાં અમઝદખાનનું નામ મોખરાની હરોળમાં લેવાય છે. "શોલે" નો "ગબ્બર" શિરમોર હતો અને છે. અમઝદખાન ન હોત તો કદાચ "શોલે"ને આવો ગબ્બર ન મળ્યો હોત અને "શોલે" ન હોત તો અમઝદખાનને કોઈ ઓળખતુંય ન હોત. કદાચ હિન્દી ફિલ્મને આવો વિલન પણ ન મળ્યો હોત. કેટલાક કલાકારો પાત્રને ઘડતા હોય છે ને કેટલાંક પાત્રો એનાં કલાકારોને ઘડતાં હોય છે. "શોલે" અને અમઝદખાનની બાબતમાં આ બંનેય બાબતો સાચી ઠરી હતી. અમઝદખાન બાદમાં "શોલે" જેટલો ન જામ્યો. જો કે એના નામથી જ ફિલ્મ ચાલી જતી એ હકીકત હતી. હિન્દી ફિલ્મોના એક સમયના જાણીતા ચરિત્ર કલાકાર જયંત અમઝદખાનના પિતાશ્રી હતા. અમઝદખાને પોતાની ફિલ્મી કારકિર્દી દરમિયાન ખલનાયક અને સકારાત્મક બંને ભૂમિકાઓ ભજવી હતી, પરંતુ "શોલે" માં ગબ્બર જેટલી લોકપ્રિયતા ક્યારેય મેળવી શક્યા નહીં. જોકે, તેમણે ભજવેલી દરેક ભૂમિકા યાદગાર હતી, અને



અમિતાભ બચ્ચન સાથેની તેમની જોડી ખૂબ જ વખણાઈ હતી. જો કે થોડાં વર્ષો બાદ એક ભયાનક અકસ્માતે અમજદ ખાનનું જીવન બરબાદ કરી દીધું. તેઓ એક વર્ષ સુધી પથારીવશ રહ્યા અને પછી તેમનું અવસાન થયું. અમજદ ખાનના પુત્ર શાદાબ ખાન, જે પોતે એક અભિનેતા હતા, તેમણે તાજેતરના એક મુલાકાતમાં તેમના પિતાના અકસ્માત અને અંતિમ દિવસો વિશે વાત કરી. તેમના મૃત્યુના થોડા વર્ષો પહેલા, અમજદ ખાનનો 1976 માં એક ભયાનક અકસ્માત થયો હતો, જેમાં તેઓ મૃત્યુથી માંડ માંડ બચી ગયા હતા. એ ગમખ્વાર અકસ્માતમાં અમઝદખાનની પાંસળીઓ તૂટી ગઈ હતી. ફેફસાંને પણ ઘણું ડેમેજ થયું હતું. થોડા સમય માટે કોમામાં હતા. અમજદ ખાનને ભારે દવાઓ લેવી પડતી હતી, જેના કારણે છેલ્લે છેલ્લે તેમનું વજન પણ ઘણું વધી ગયું હતું. વિકી લાલવાણી સાથેની એક મુલાકાતમાં, અમજદ ખાનના પુત્રએ તેમના પિતાના અકસ્માત અને અમિતાભ બચ્ચને તેમના પરિવારને કેવી રીતે મદદ કરી હતી તે યાદ કર્યું હતું. તેમના પિતાના દુ:ખદ અકસ્માત પછી, બોલીવુડમાંથી એક માત્ર અમિતાભ બચ્ચન જ તેમના પરિવારની પડખે ઉભા રહ્યા અને તેમને સધિયારો આપ્યો હતો. અમિતાભ બચ્ચન અને અમજદ ખાને "શોલે," "યારાના," "મુકદ્દર કા સિકંદર," "નસીબ," "શતરંજ કે ખિલાડી," "રામ બલરામ," "સત્તે પે સત્તા," "કાલિયા," અને "લાવારિસ" સહિત ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું. તેમની મિત્રતાની વ્યાપક ચર્ચા થઈ.

# મે મહિનામાં ₹1.94 લાખ કરોડનું GST કલેક્શન: 20%નો ઘટાડો થયો, એપ્રિલમાં 2.42 લાખ કરોડ રૂપિયા હતો....

**નવી દિલ્હી, તા.01**

નાણા મંત્રાલય દ્વારા આજે એટલે કે ૧ જૂનના રોજ દેશના અર્થતંત્રની તંદુરસ્તી દર્શાવતા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે જીએસટી કલેક્શનના સત્તાવાર આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ જાહેર કરાયેલા ડેટા અનુસાર, મે ૨૦૨૬ના મહિનામાં કુલ ૧.૯૪ લાખ કરોડ રૂપિયાનું ગ્રોસ જીએસટી કલેક્શન થયું છે. આ આંકડો ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં નોંધાયેલા ૨.૪૨ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક અને રેકોર્ડબ્રેક કલેક્શનની સરખામણીમાં આશરે ૨૦ ટકા જેટલો ઓછો છે, પરંતુ જો તેની સરખામણી ગયા વર્ષના સમાન સમયગાળા સાથે કરવામાં આવે તો તેમાં સારો સુધારો જોવા મળ્યો છે. મે ૨૦૨૫ના મહિનામાં જીએસટી કલેક્શન ૧.૮૮ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું, જેની સરખામણીએ આ વર્ષે મે મહિનામાં ૩.૨ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. આ ઉપરાંત રિફંડની રકમ બાદ કર્યા પછીની સ્થિતિ જોઈએ તો મે મહિનામાં દેશની નેટ જીએસટી રેવન્યુ ૩.૩ ટકા વધીને ૧.૬'૭ લાખ કરોડ રૂપિયા રહી છે, જે ગયા વર્ષે મે મહિનામાં ૧.૬'૨ લાખ કરોડ રૂપિયાના સ્તરે હતી.

જો પાછલા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન થયેલા મહિનાવાર જીએસટી કલેક્શનની સફર પર નજર કરીએ તો આખા વર્ષ દરમિયાન ટેક્સ કલેક્શનમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા હતા. તે વર્ષના એપ્રિલ મહિનામાં ૨.૨૩ લાખ કરોડ રૂપિયા અને મે મહિનામાં ૨.૦૧ લાખ કરોડ રૂપિયાનું કલેક્શન થયું હતું. ત્યારબાદ જૂન મહિનામાં આ આંકડો ૧.૮૫ લાખ કરોડ રૂપિયા, જુલાઈમાં ૧.૯૬ લાખ કરોડ રૂપિયા, ઓગસ્ટમાં ૧.૮૬ લાખ કરોડ રૂપિયા અને સપ્ટેમ્બરમાં ૧.૮૯ લાખ કરોડ રૂપિયા રહ્યો હતો. નાણાકીય વર્ષના ઉત્તરાર્ધમાં ઓક્ટોબર મહિનામાં ફરી ઉછાળો આવીને કલેક્શન ૧.૯૬ લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યું હતું, જ્યારે નવેમ્બરમાં તે ઘટીને ૧.૭૦ લાખ કરોડ રૂપિયા અને ડિસેમ્બરમાં ૧.૭૪ લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું. વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં જાન્યુઆરી મહિનામાં ૧.૯૩ લાખ કરોડ રૂપિયા, ફેબ્રુઆરીમાં ૧. build૩ લાખ કરોડ રૂપિયા અને માર્ચ મહિનામાં ૨.૦૦ લાખ કરોડ રૂપિયાના મજબૂત આંકડા સાથે




નાણાકીય વર્ષ પૂરું થયું હતું.

મે મહિનામાં નોંધાયેલી આ જીએસટી કલેક્શનની વૃદ્ધિ પાછળ મુખ્યત્વે દેશમાં થયેલી આયાત એટલે કે ઈમ્પોર્ટનો મોટો હાથ રહ્યો છે. વિદેશથી આવતા ઈમ્પોર્ટેડ ગુડ્સમાંથી મળતી ગ્રોસ જીએસટી રેવન્યુ વાર્ષિક ધોરણે ૧૯.૧ ટકાના જોરદાર ઉછાળા સાથે ૫૯,૬૫૪ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે, જ્યારે તેની સામે ઘરેલું વ્યવહારો એટલે કે ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શનમાંથી થતી ગ્રોસ કમાણીમાં ૨.૬ ટકાનો સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે અને તે ૧.૩૫ લાખ કરોડ રૂપિયા રહી છે. તેવી જ રીતે નેટ બેસિસના આંકડા પર નજર કરીએ તો કસ્ટમ્સ એટલે કે ઈમ્પોર્ટ જીએસટી કલેક્શન ૧૯.૭ ટકાના વધારા સાથે ૪૯,૪૦૩ કરોડ રૂપિયા નોંધાયું છે, જ્યારે નેટ ઘરેલું રેવન્યુ ૨.૩ ટકાના ઘટાડા સાથે ૧.૧૮ લાખ કરોડ રૂપિયાના સ્તરે આવી ગઈ છે.

જોકે આ નવા નાણાકીય વર્ષ ૨૦૨'૬-૨૭ ના પ્રથમ બે મહિના એટલે કે એપ્રિલ અને મેના સંયુક્ત આંકડા જોવામાં આવે તો કુલ ગ્રોસ જીએસટી કલેક્શન ૬.૨ ટકાની મજબૂત વૃદ્ધિ સાથે ૪.૩૭ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે અને નેટ જીએસટી રેવન્યુ પણ ૫.૫ ટકા વધીને ૩.૭૮ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. રાજ્યવાર જીએસટી કલેક્શનની સ્થિતિ પર નજર કરીએ તો દેશના અલગ-અલગ રાજ્યોમાં મિશ્ર વલણ જોવા મળ્યું છે. મોટા રાજ્યોમાં સેટલમેન્ટ પ્રક્રિયા પહેલાના આંકડા મુજબ મે મહિનામાં કેરળમાં સૌથી શાનદાર ૧૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. આ સિવાય કર્ણાટક અને આંધ્ર પ્રદેશ બંને રાજ્યોમાં ૧૧ ટકાનો સારો વધારો થયો છે, જ્યારે ઉત્તર પ્રદેશમાં ૯ ટકા અને મહારાષ્ટ્રમાં ૮ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. વેપાર-ઉદ્યોગના મુખ્ય કેન્દ્ર ગણાતા ગુજરાત રાજ્યમાં આ સમયગાળા દરમિયાન જીએસટી કલેક્શનમાં ૩ ટકાનો સાધારણ વધારો નોંધાયો છે. અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ જીએસટી કલેક્શનના આ આંકડા ખૂબ જ મહત્વના છે કારણ કે તે દેશના અર્થતંત્રની સાચી સ્થિતિ અને મજબૂતીનો ચિતાર આપે છે. બજારમાં જ્યારે પણ ટેક્સનું કલેક્શન ઊંચું આવે છે ત્યારે તેનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે ગ્રાહકો દ્વારા ખરીદી પ્રક્રિયા તેજ બની છે, કારખાનાઓ અને ફેક્ટરીઓમાં ઉત્પાદન વધી રહ્યું છે અને દેશના નાગરિકો તેમજ વેપારીઓ ઈમાનદારીથી પોતાનો ટેક્સ ચૂકવી રહ્યા છે. આ આખી પ્રક્રિયાને વધુ સરળતાથી સમજવા માટે ગ્રોસ, નેટ અને રિફંડ વચ્ચેનો તફાવત જાણવો જરૂરી છે. ગ્રોસ જીએસટી એટલે સરકારના ખાતામાં એકત્રિત થયેલા કુલ પૈસા, જ્યારે કોઈ કંપની પોતાની વાસ્તવિક જવાબદારી કરતાં વધુ ટેક્સ ભરી દે છે અથવા માલની નિકાસ કરે છે ત્યારે નિયમ મુજબ સરકાર તેને વધારાના નાણાં પરત કરે છે જેને જીએસટી રિફંડ કહેવાય છે. આ કુલ કલેક્શનમાંથી રિફંડની રકમ બાદ કર્યા પછી જે ચોખ્ખી રકમ વધે છે તેને નેટ જીએસટી રેવન્યુ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં કર વ્યવસ્થાને સરળ બનાવવા માટે સરકારે ૧ જુલાઈ ૨૦૧૭ના રોજ ઐતિહાસિક નિર્ણય લઈને દેશભરમાં 'એક દેશ એક ટેક્સ' ના સૂત્ર સાથે જીએસટી કાયદો લાગુ કર્યો હતો.

# ભારત-અમેરિકા વચ્ચે આજથી 4 દિવસની વાતચીત: વચગાળાનો વેપાર કરાર ફાઈનલ થઈ શકે છે

**નવી દિલ્હી, તા.01**

ભારત અને અમેરિકા વચ્ચે આજે એટલે કે સોમવારથી 4 દિવસની ઉચ્ચ સ્તરીય વ્યાપારિક વાતચીત શરૂ થશે. બંને દેશોના અધિકારીઓ દિલ્હીમાં તે વચગાળાના વ્યાપાર કરારને અંતિમ સ્વરૂપ આપશે, જેના માળખા પર આ વર્ષે ફેબ્રુઆરીમાં સહમતિ બની હતી.

આ 4 દિવસીય બેઠકમાં અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ત્યાંના મુખ્ય વાર્તાકાર બ્રેન્ડન લિંચ કરી રહ્યા છે. જ્યારે, ભારતીય ટીમની કમાન વાણિજ્ય મંત્રાલયના અધિક સચિવ અને મુખ્ય વાર્તાકાર દર્પણ જૈનના હાથમાં છે.

વાણિજ્ય મંત્રાલય મુજબ, આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વચગાળાના કરારને કાનૂની રીતે અંતિમ સ્વરૂપ આપવાનો છે. આ સાથે જ બંને પક્ષો વ્યાપક દ્વિપક્ષીય વ્યાપાર કરાર (BTA) હેઠળ માર્કેટ એક્સેસ, નોન-ટેરિફ મેઝર્સ, કસ્ટમ્સ, ટ્રેડ ફેસિલિટેશન, ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન અને ઈકોનોમિક સિક્યુરિટી એલાઈનમેન્ટ જેવા અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં વાતચીતને આગળ વધારશે.

બંને દેશોએ 7 ફેબ્રુઆરીના રોજ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા તરીકે એક વચગાળાના કરારના માળખાને અંતિમ સ્વરૂપ



આપ્યું હતું. આ અંતર્ગત, અમેરિકા ભારત પરના ટેરિફને 50%થી ઘટાડીને 18% કરવા સંમત થયું હતું. તેમજ, રશિયન તેલ ખરીદવાને કારણે ભારતીય માલસામાન પર લાગેલા 25% ટેરિફને હટાવી દેવામાં આવ્યો હતો અને બાકીના 25%ને ઘટાડીને 18% કરવાનો હતો.

20 ફેબ્રુઆરીના રોજ, અમેરિકાની સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ટ્રમ્પના 1977ના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ લાદવામાં આવેલા ભારે રેસિપ્રોકલ ટેરિફ વિરુદ્ધ ચુકાદો આપ્યો. આ પછી, ટ્રમ્પે 24 ફેબ્રુઆરીથી 150 દિવસ માટે તમામ દેશો પર 10%નો સમાન ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી.

આ મોટા ફેરફારને કારણે ફેબ્રુઆરીમાં યોજાનારી વાટાઘાટો મુલતવી રાખવામાં આવી હતી. બાદમાં એપ્રિલ (20 થી 23 એપ્રિલ)માં ભારતીય ટીમે વોશિંગ્ટનની મુલાકાત લીધી હતી, અને હવે અમેરિકી ટીમ વાતચીતને આગળ વધારવા ભારત આવી છે. બદલાયેલા માહોલમાં બંને દેશોએ આ ડીલનું ફરીથી રી-કેલ્ક્યુલેશન કરવું પડશે.

નિર્ધારિત વર્તમાન માળખા હેઠળ, ભારતે અમેરિકાના તમામ ઔદ્યોગિક માલસામાન અને કૃષિ ઉત્પાદનો પરથી ટેરિફ હટાવવા અથવા ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આમાં મુખ્યત્વે ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન્સ (DDGs), પશુ આહાર માટે રેડ સોરઘમ (લાલ જુવાર), ટ્રી નટ્સ, તાજા અને પ્રોસેસ્ડ ફળો, સોયાબીન તેલ, વાઈન અને સ્પિરિટ્સનો સમાવેશ થાય છે.

# ભારતમાં ફીફા વર્લ્ડ કપ ઝી એન્ટરટેઇનમેન્ટ પર જોઈ શકાશે

## ટીવી પર 'યુનાઈટ 8 સ્પોર્ટ્સ' અને ઝી5 એપ પર લાઈવ સ્ટ્રીમિંગ થશે, 2034 સુધીના મીડિયા રાઈટ્સ ખરીદ્યા

**નવી દિલ્હી, તા.01**

ભારતમાં ફીફા વર્લ્ડ કપ 2026 ટીવી પર 'યુનાઈટ 8 સ્પોર્ટ્સ' અને ઝી5 (Zee5) એપ પર જોઈ શકાશે. ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ (ZEEL) વર્લ્ડ કપ 2026 અને તેની આગામી આવૃત્તિઓનું પણ પ્રસારણ કરશે. યુનાઈટ 8 સ્પોર્ટ્સ કંપનીની નવી સ્પોર્ટ્સ ચેનલ છે.

ફીફા વર્લ્ડ કપ 11 જૂનથી 19 જુલાઈ સુધી અમેરિકા, કેનેડા અને મેક્સિકોની સંયુક્ત યજમાનીમાં રમાશે. આ ટુર્નામેન્ટમાં 48 ટીમો ભાગ લેશે અને 104 મેચ રમાશે.

ઝી એન્ટરટેઈનમેન્ટે જાહેરાત કરી છે કે તેણે 2026 અને 2030ના ફિફા મેન્સ વર્લ્ડ કપ, 2027ના ફિફા વિમેન્સ વર્લ્ડ કપ અને 2034 સુધી યોજાનારી અન્ય મુખ્ય ફિફા ઈવેન્ટ્સના મીડિયા રાઈટ્સ હસ્તગત કર્યા છે. તેમાં ભારતીય માર્કેટ માટે ડોક્યુમેન્ટરી-સિરીઝ કન્ટેન્ટ પણ સામેલ છે.

ફિફા વર્લ્ડ કપ 2026ના બ્રોડકાસ્ટ રાઈટ્સની આ જાહેરાત ટુર્નામેન્ટ શરૂ થવાના બે અઠવાડિયાથી પણ ઓછા સમય પહેલા કરવામાં આવી છે. ટાઈમ ઝોનના તફાવતને કારણે ભારતમાં મોટાભાગની મેચોનું લાઈવ ટેલિકાસ્ટ મધ્યરાત્રિ પછી શરૂ થશે. આ કારણોસર



ભારતીય બ્રોડકાસ્ટર્સ રસ દાખવી રહ્યા ન હતા.

આ વર્લ્ડ કપની 23મી આવૃત્તિ હશે. તેની મેચો 16 શહેરોમાં રમાશે. આ વખતે વર્લ્ડ કપની ઓપનિંગ મેચ 11 જૂન 2026ના રોજ મેક્સિકો સિટીમાં રમાશે. તેમાં યજમાન દેશ મેક્સિકો અને સાઉથ આફ્રિકા આમને-સામને હશે. આ પહેલો પ્રસંગ હશે જ્યારે ત્રણ દેશો અમેરિકા, મેક્સિકો અને કેનેડા વર્લ્ડ કપની યજમાની કરી રહ્યા છે.


ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાને ગ્રુપ જેમાં રાખવામાં આવ્યું છે. સ્પેન ગ્રુપ એચમાં છે, ફ્રાન્સ ગ્રુપ આઈમાં છે, જર્મની ગ્રુપ ઈમાં છે, પોર્ટુગલ ગ્રુપ કેમાં છે અને ઈંગ્લેન્ડ ગ્રુપ એલમાં છે. ગ્રુપ એચ, આઈ, જે, કે અને એલને ગ્રુપ ઓફ ડેથ માનવામાં આવી રહ્યા છે, કારણ કે તેમાં મજબૂત ટીમો છે. સ્પેનના ગ્રુપમાં ઉરુગ્વે અને સાઉદી અરેબિયા જેવી ટીમો છે, જેમણે પાછલા વર્લ્ડ કપમાં ઘણા ઉલટફેર કર્યા હતા. ફ્રાન્સના ગ્રુપમાં સેનેગલ અને નોર્વે જેવી સારી ટીમો છે.

કેપ વર્ડે (68મો રેન્ક), કુરાકાઓ (82મો રેન્ક), જોર્ડન (66મો રેન્ક), ઉઝબેકિસ્તાન (50મો રેન્ક) પ્રથમ વખત વર્લ્ડ કપમાં રમશે. આ ઉપરાંત, હેતી 1974 પછી પ્રથમ વખત આવ્યું છે. ઓસ્ટ્રિયા, નોર્વે અને સ્કોટલેન્ડ 1998 પછી પાછા ફરી રહ્યા છે. જ્યારે, કેટલીક પ્લેઓફ ટીમો (અલ્બેનિયા, કોસોવો, ન્યુ કેલેડોનિયા, સુરીનામ) પાસે પણ પ્રથમ વખત ક્વોલિફાય થવાની તક છે.

# સોનું ₹864 ઘટીને ₹1.56 લાખે 10 ગ્રામ થયું: ઓલટાઇમ હાઈથી ₹20 હજાર નીચે આવ્યું, ચાંદી ₹450 સસ્તી થઈને ₹2.63 લાખ કિલો થઈ

**નવી દિલ્હી, તા.01**

આજ રોજ એટલે કે ૧ જૂનના દિવસે ભારતીય બજારમાં સોના અને ચાંદીના ભાવમાં નબળાઈ જોવા મળી રહી છે, જેના કારણે કિંમતી ધાતુઓની ખરીદી કરનારા ગ્રાહકોને થોડી રાહત મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, આજે ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૮૬૪ રૂપિયા ઘટીને ૧.૫૬ લાખ રૂપિયાના સ્તરે આવી ગયો છે. તેની સાથે જ ચાંદીના ભાવમાં પણ નબળાઈ નોંધાઈ છે, જ્યાં એક કિલો ચાંદીની કિંમત ૪૫૦ રૂપિયા ઓછી થઈને ૨.૬૩ લાખ રૂપિયા પર કારોબાર કરી રહી છે. બજારમાં અલગ-અલગ કેરેટ મુજબ સોનાના ભાવ પર નજર કરીએ તો ૨૪ કેરેટ સોનાની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૧,૫૫,૫૯૯ રૂપિયા છે, જ્યારે ૨૨ કેરેટ સોનાનો ભાવ ૧,૪૨,૫૨ રૂપિયા જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ૧૮ કેરેટ સોનું ૧,૧'૬,૬૯૯ રૂપિયા અને ૧૪ કેરેટ સોનાની કિંમત ૯૧,૦૨૫ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. દેશના મુખ્ય શહેરોની વાત કરીએ તો અમદાવાદ, ભોપાલ અને પટનામાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૫'૬,૨૭'૦ રૂપિયા છે, જ્યારે મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં તે ૧,૫'૬,૨૨૦ રૂપિયા જોવા મળ્યો



છે. આ સિવાય જયપુર, લખનઉ અને દિલ્હીમાં સોનાનો ભાવ ૧,૫'૬,૩૭'૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો છે.

જો સોનાની કિંમતોના છેલ્લા કેટલાક મહિનાના પ્રવાસ પર નજર કરીએ તો આ વર્ષની શરૂઆતમાં તેમાં ભારે તેજી જોવા મળી હતી, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયામાં નફાખોરી અને વૈશ્વિક કારણોસર કિંમતો સતત ઘટી રહી છે. ગત વર્ષના અંતે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સોનાનું શરૂઆતનું સ્તર ૧.૩૩ લાખ રૂપિયા હતું, જે ચાલુ વર્ષે ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ માત્ર એક જ મહિનાના ભારે ઉછાળા સાથે ૧.૭૬ લાખ રૂપિયાના ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયું હતું. જોકે, વર્તમાન સ્થિતિએ સોનું તેના આ સર્વોચ્ચ સ્તરથી અત્યાર સુધીમાં ૨૦ હજાર રૂપિયા જેટલું સસ્તું થઈ ચૂક્યું છે. સોનાની સરખામણીમાં ચાંદીની કિંમતોમાં વધુ મોટા ઉતાર-ચઢાવ અને કડાકો જોવા મળ્યો છે. ગત ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ચાંદી ૨.૩૦ લાખ રૂપિયાના સ્તરે હતી, જે ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઐતિહાસિક વધારા સાથે ૩.૮૬ લાખ રૂપિયાના ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચી ગઈ હતી, પરંતુ ત્યારપછીના છેલ્લા ૧૨૩ દિવસમાં ચાંદીના ભાવમાં ૧.૨૩ લાખ રૂપિયાનો મોટો ઘટાડો નોંધાયો છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના આંકડા મુજબ છેલ્લા પાંચ મહિનામાં બંને કિંમતી ધાતુઓની કિંમતોમાં સતત ફેરફાર થતા રહ્યા છે. વિગતવાર જોઈએ તો ૨૯ જાન્યુઆરીએ સોનું ૧,૭૬,૧૨૧ રૂપિયા અને ચાંદી ૩,૮૫,૯૩૩ રૂપિયાના સ્તરે હતા, જે ૩૧ જાન્યુઆરીએ ઘટીને અનુક્રમે ૧,૬૫,૭૯૫ રૂપિયા અને ૩,૩૯,૩૫૦ રૂપિયા થયા હતા. ફેબ્રુઆરી મહિનાના અંતે સોનું વધુ ઘટીને ૧,૫૦,૯૯'૭ રૂપિયા અને ચાંદી ૨,૬૬,૭૦૦ રૂપિયા પર આવી ગયા હતા. માર્ચ મહિનાના અંતે સોનાનો ભાવ ૧,૪'૬,૭૩૩ રૂપિયા અને ચાંદીનો ભાવ ૨,૩૦,૧૩૫ રૂપિયા નોંધાયો હતો, જ્યારે એપ્રિલના અંતે સામાન્ય સુધારા સાથે સોનું ૧,૫૦,૨૬૩ રૂપિયા અને ચાંદી ૨,૪૦,૩૩૧ રૂપિયા થયા હતા. મે મહિનાના અંત સુધીમાં આ કિંમતો વધીને અનુક્રમે ૧,૫'૬,૪૬૩ રૂપિયા અને ૨,૬૩,૩૫૦ રૂપિયા પર પહોંચી હતી, જે આજે એટલે કે ૧ જૂનના રોજ ફરી ઘટીને સોના માટે ૧,૫૫,૫૯૯ રૂપિયા અને ચાંદી માટે ૨,૬૨,૯૦૦ રૂપિયા પર આવી ગઈ છે.

બજારના નિષ્ણાતોના મતે સોના-ચાંદીના ભાવમાં આવી રહેલા આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ રોકાણકારો દ્વારા મેટલ છોડીને રોકડ એટલે કે લિક્વિડ કેશ પર ભરોસો રાખવાની નીતિ છે. સામાન્ય રીતે યુદ્ધ કે ભૌગોલિક-રાજકીય તણાવના માહોલમાં સોના-ચાંદીના ભાવ વધતા હોય છે, પરંતુ આ વખતે મિડલ ઈસ્ટના યુદ્ધને કારણે રોકાણકારો કોઈ મોટું જોખમ લેવા માંગતા નથી. તેઓ અનિશ્ચિતતાના આવા સમયમાં પોતાની પાસે તરલ નાણાં રાખવા માટે સોના અને ચાંદીનું વેચાણ કરીને રોકડ એકઠી કરી રહ્યા છે. આ ઉપરાંત જાન્યુઆરી મહિનામાં કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હોવાના કારણે મોટા રોકાણકારોએ ઊંચા ભાવે પ્રોફિટ બુકિંગ એટલે કે નફાખોરી શરૂ કરી દીધી હતી, જેના લીધે બજારમાં સપ્લાય વધી ગઈ અને કિંમતોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

આવા સમયમાં જ્યારે લોકો સોનાની ખરીદી તરફ વળી રહ્યા છે ત્યારે જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બને છે. ગ્રાહકોએ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ, કારણ કે હોલમાર્કિંગના આલ્ફાન્યૂમેરિક કોડ પરથી સોનું કેટલા કેરેટનું છે તેની સાચી માહિતી મળી રહે છે. આ સાથે જ સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે બજારમાં ચાલી રહેલો તેનો અસલી ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્રોતો પરથી ક્રોસ ચેક કરી લેવો જોઈએ, જેથી ખરીદી વખતે કોઈ છેતરામણી ન થાય.

# મોંઘવારી સાથે થઈ જૂન મહિનાની શરૂઆત: ગેસના બાટલાના ભાવ વધ્યાં, 5KGનો છોટું સિલિન્ડર પણ મોંઘો થયો, લોકોનું બજેટ વિખેરશે આ 4 મોટા ફેરફાર

**નવી દિલ્હી, તા.01**

૧ જૂનની શરૂઆત સાથે જ દેશમાં આર્થિક મોરચે કેટલાય મોટા ફેરફારો અમલી બની ગયા છે, જેની સીધી અને આડકતરી અસર દેશના સામાન્ય નાગરિકો, નાના વેપારીઓ અને ઉદ્યોગો પર જોવા મળશે. સૌથી મોટો ફટકો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના વપરાશકર્તાઓને પડ્યો છે, કારણ કે સરકારી તેલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતોમાં ૫૩.૫૦ રૂપિયા સુધીનો મોટો વધારો ઝીંકી દીધો છે. આ ભાવ વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોનો કોમર્શિયલ સિલિન્ડર હવે ૩,૧૧૩.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે, જે અગાઉ ૩,૦૭૧.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતો, એટલે કે ત્યાં સીધો ૪૨ રૂપિયાનો વધારો થયો છે. તેવી જ રીતે કોલકાતામાં સિલિન્ડરનો ભાવ ૫૩.૫૦ રૂપિયા વધીને ૩,૨૫૫.૫૦ રૂપિયા, મુંબઈમાં ૪૩.૫૦ રૂપિયા વધીને ૩,૦૬૭.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૪૬ રૂપિયાના વધારા સાથે ૩,૨૮૩.૦૦ રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે. કોમર્શિયલ



સિલિન્ડર મોંઘો થવાના કારણે આગામી દિવસોમાં રેસ્ટોરન્ટ અને હોટલ માલિકોનો સંચાલન ખર્ચ વધશે, જેના કારણે બજારમાં ચા, નાસ્તો, જમવાની થાળી તેમજ લગ્ન પ્રસંગોમાં કેટરિંગના ભાવ પણ મોંઘા થવાની પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે. વ્યાપારી ઉપયોગના ગેસ સિલિન્ડર ઉપરાંત ૫ કિલોવાળા ફ્રી ટ્રેડ એલપીજી (FTL) સિલિન્ડર, જેને સામાન્ય ભાષામાં 'છોટુ સિલિન્ડર' પણ કહેવામાં આવે છે, તેના ભાવમાં પણ ૧૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ કડાકા બાદ છોટુ સિલિન્ડરની કિંમત ૮૧૦.૫૦ રૂપિયાથી વધીને ૮૨૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ સિલિન્ડર કોઈપણ પ્રકારના સરનામાના પુરાવા વગર સરળતાથી મળતો હોવાથી તેનો ઉપયોગ દેશના મોટાભાગના પ્રવાસી મજૂરો, બહાર રહીને ભણતા વિદ્યાર્થીઓ અને નાના પાથરણાવાળા કે દુકાનદારો કરતા હોય છે, જેથી આ વધારો સીધો આ ગરીબ અને મધ્યમ વર્ગને અસર કરશે. જોકે, ગ્રાહકો માટે એક રાહતના સમાચાર એ પણ છે કે ઘર વપરાશ માટેના ૫ કિલોના ઘરેલુ સિલિન્ડરના ભાવ ૩૩૯ રૂપિયા પર યથાવત રાખવામાં આવ્યા છે અને સામાન્ય ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં પણ આ વખતે કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. બીજા મોટા ફેરફાર અંતર્ગત કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એટલે કે વિમાનના ઈંધણ (ATF) પર લાગતી એક્સપોર્ટ ડ્યુટીમાં ઘટાડો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે અને આ નવા દરો આજથી જ લાગુ કરી દેવાયા છે. સરકારના નવા આદેશ અનુસાર, હવે પેટ્રોલની નિકાસ પર ૧.૫ રૂપિયા પ્રતિ લિટર, ડીઝલની નિકાસ પર ૧૩.૫ રૂપિયા પ્રતિ લિટર અને એટીએફની નિકાસ પર ૯.૫ રૂપિયા પ્રતિ લિટર ડ્યુટી નક્કી કરવામાં આવી છે. સામાન્ય રીતે એક્સપોર્ટ ડ્યુટી એ એક પ્રકારનો ખાસ ટેક્સ છે જે સરકાર દેશની ભૌગોલિક સરહદની બહાર વેચવામાં આવતી ચીજવસ્તુઓ પર વસૂલતી હોય છે. આ ટેક્સમાં ઘટાડો થવાને કારણે દેશની મોટી ઓઈલ રિફાઈનરી કંપનીઓના પ્રોફિટ માર્જિનમાં વધારો થશે અને તેમને મોટો આર્થિક નફો મળશે, જોકે આ ફેરફારની દેશના સ્થાનિક બજારમાં મળતા પેટ્રોલ અને ડીઝલની છૂટક કિંમતો પર કોઈ જ અસર નહીં થાય અને ઘરેલું સ્તરે ઈંધણના ભાવ સ્થિર રહેશે.

આ ઉપરાંત દેશની સૌથી મોટી ખાનગી બેંક એચડીએફસી (HDFC) દ્વારા આજથી પોતાના ગ્રાહકો માટે બેંકિંગ નિયમોમાં ફેરફાર કરીને નાની રકમના યુપીઆઈ (UPI) ટ્રાન્ઝેક્શન પર મળતા મોબાઈલ એસએમએસ એલર્ટ્સ કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવ્યા છે. નવા નિયમ પ્રમાણે હવે જ્યારે કોઈ ગ્રાહક પોતાના ખાતામાંથી અન્ય કોઈને ૧૦૦ રૂપિયાથી વધુ રકમ મોકલશે ત્યારે જ તેના મોબાઈલ પર મેસેજ આવશે, જ્યારે ખાતામાં પૈસા જમા થવાની સ્થિતિમાં આ મર્યાદા ૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે એટલે કે ૫૦૦ રૂપિયાથી વધુ રકમ જમા થશે તો જ એસએમએસ પ્રાપ્ત થશે.

# સેન્સેક્સ 508 અંક ઘટીને 74,267 પર બંધ થયો: નિફ્ટી પણ 165 અંક તૂટ્યો, સરકારી બેંક અને FMCG શેર્સમાં સૌથી વધુ વેચવાલી

**મુંબઈ, તા.01**

ભારતીય શેરબજારમાં ભારે વેચવાલીનો માહોલ જોવા મળી રહ્યો છે અને બજાર મોટા ઘટાડા સાથે કારોબાર કરી રહ્યું છે. ટ્રેડિંગ સેશન દરમિયાન સેન્સેક્સમાં ૪૦૦ અંકોનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે તે ૭૪,૩૫૦ ના સ્તર પર આવી ગયો છે. તેની સાથે જ નિફ્ટીમાં પણ નબળાઈ જોવા મળી રહી છે અને તે લગભગ ૧૩૦ અંક તૂટીને ૨૩,૪૦૦ ના સ્તરે પહોંચી ગયો છે. બજારમાં આજની ચાલ ઘણી ઉતાર-ચઢાવવાળી રહી છે, કારણ કે જો આજના દિવસના સર્વોચ્ચ સ્તર એટલે કે ડે-હાઈથી સરખામણી કરવામાં આવે તો સેન્સેક્સ ઉપલા મથાળેથી ૧૦૦૦ અંક જેટલો સાફ થઈ ગયો છે અને નિફ્ટીમાં પણ ઉપલા સ્તરેથી ૩૫૦ અંકોનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. આજના આ ઘટાડા પાછળ મુખ્યત્વે સરકારી બેંકો અને એફએમસીજી (FMCG) સેક્ટરના શેરો જવાબદાર છે, જેમાં રોકાણકારો દ્વારા સૌથી વધુ વેચવાલી કરવામાં આવી રહી છે.

બીજી તરફ જો એશિયન બજારોની વાત કરીએ તો ત્યાં



મજબૂતીનો માહોલ જોવા મળ્યો હતો, ખાસ કરીને સાઉથ કોરિયાના બજારમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૩૧૨ પોઈન્ટ એટલે કે લગભગ ૩.૬૮ ટકાની મજબૂત તેજી સાથે ૮,૭૮૮ ના સ્તરે પહોંચ્યો હતો. જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ પણ ૬૦૫ પોઈન્ટ એટલે કે ૦.૯૧ ટકા વધીને ૬૬,૯૩૪ પર અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૨૧૬ પોઈન્ટ એટલે કે ૦.૮૬ ટકાના સુધારા સાથે ૨૫,૩૯૮ ના સ્તર પર કારોબાર કરી રહ્યો હતો. આ સિવાય ગત શુક્રવારે અમેરિકી બજારો પણ લીલા નિશાનમાં બંધ થવામાં સફળ રહ્યા હતા, જેમાં ડાઉ જોન્સ ૩૬૩ પોઈન્ટ એટલે કે ૦.૭૨ ટકા વધીને ૫૧,૦૩૨ પર બંધ થયો હતો. જ્યારે નાસ્ડેક ૫૫ પોઈન્ટ વધીને ૨૬,૯૭૩ પર અને એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ ૧૬ પોઈન્ટના સામાન્ય સુધારા સાથે ૭,૫૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોના આ પોઝિટિવ સંકેતો છતાં ભારતીય શેરબજાર દબાણ હેઠળ દેખાઈ રહ્યું છે.

બજારમાં ચાલી રહેલા આ ઘટાડા પાછળ વિદેશી રોકાણકારોની સતત થઈ રહેલી વેચવાલી પણ એક મોટું કારણ માનવામાં આવે છે. છેલ્લા ૩૦ દિવસના આંકડા પર નજર કરીએ તો વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII અને FPI દ્વારા ભારતીય બજારમાંથી આશરે ૫૬ હજાર કરોડ રૂપિયાના શેર વેચી મારવામાં આવ્યા છે, જ્યારે તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII એ બજારને ટેકો આપવાનો પ્રયાસ કર્યો છે. તાજેતરના આંકડા મુજબ DII દ્વારા ૧૬,૭૬૪ કરોડ રૂપિયાની ખરીદી કરવામાં આવી છે, જે છેલ્લા ૭ દિવસમાં ૨૧,૯૪૭ કરોડ અને છેલ્લા ૩૦ દિવસમાં ૮૨,૬૬૯ કરોડ રૂપિયા રહી છે. તેની સામે વિદેશી રોકાણકારોએ તાજેતરમાં ૨૧,૧૦૬ કરોડ રૂપિયાની વેચવાલી કરી છે, જે છેલ્લા ૭ દિવસમાં ૨૪,૫૫૭ કરોડ અને છેલ્લા ૩૦ દિવસમાં કુલ ૫૫,૯૬૩ કરોડ રૂપિયાની નેગેટિવ સરપ્લસ દર્શાવે છે.

આ પૂર્વેના ટ્રેડિંગ સેશનની વાત કરીએ તો ગત શુક્રવારે એટલે કે ૨૯ મેના રોજ પણ શેરબજાર ભારે કડાકા સાથે બંધ થયું હતું. તે દિવસે સેન્સેક્સ ૧૦૯૨ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૭૪,૭૭૫ ના સ્તર પર બંધ રહ્યો હતો અને નિફ્ટી પણ ૩૫૯ પોઈન્ટ ગગડીને ૨૩,૫૪૭ ના સ્તરે આવી ગઈ હતી.

# ગાંધીનગરના લાંચિયા ક્લાસ-1 અધિકારી પાસેથી 2.64 કરોડ મળ્યા

## સ્વિફ્ટમાંથી 5 લાખ અને ઘરેથી 1.76 કરોડ રોકડા મળ્યા, સોલાર પેનલની વીકમાં 100 ફાઈલ ક્લિયર કરી

**અમદાવાદ, તા.01**

ACB દ્વારા ગાંધીનગરમાં ગુજરાત સરકારના ઉર્જા વિભાગમાં ફરજ બજાવતા વિદ્યુત નિરીક્ષણ કચેરીના ક્લાસ વન ઓફિસર એ. બી.ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. સોલાર પેનલની એનઓસી (NOC) આપવાના બદલામાં 5 લાખ રૂપિયાની લાંચ લેતા હોવાની ફરિયાદના આધારે ACBએ ટ્રેપ ગોઠવીને દબોચી લીધો હતો. આ અટકાયત બાદ અધિકારીના ઘર અને ગાડીમાંથી મોટી માત્રામાં રોકડ તેમજ દાગીના મળી આવ્યા છે.

ગાંધીનગરના લાંચિયા ક્લાસ-1 અધિકારી પાસેથી સુરત અને ગાંધીનગરમાંથી રૂ. 2.64 કરોડની મત્તા મળી આવી છે. અને અધિકારીની સ્વિફ્ટ કારમાંથી 5 લાખ અને તેના ઘરેથી 1.76 કરોડની રોકડ રકમ જપ્ત કરાઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ક્લાસ-1 અધિકારીએ માત્ર એક જ અઠવાડિયામાં સોલાર પેનલની 100 જેટલી ફાઈલો ધડાધડ ક્લિયર કરી છે.

એક અરજદાર પાસેથી સોલાર પેનલની મંજૂરી (NOC) મેળવવાના મામલે ક્લાસ વન ઓફિસર એ.બી.ચૌધરીએ મોટી રકમની લાંચની માંગણી કરી હતી. આ અંગે ફરિયાદ મળતા જ એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું, જેમાં અધિકારી 5 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. તપાસ દરમિયાન અધિકારીની કારમાંથી જ આ 5 લાખની રોકડ રકમ રિકવર કરવામાં આવી હતી.

ACB નિયામક ભારતી પંડ્યાએ જણાવ્યું હતું કે, ACB ફીલ્ડ-3ના પી.આઈ. પી. એન. ખોખરાને એક બાતમી મળી હતી કે, ગાંધીનગર ખાતે ઉદ્યોગ ભવનની કચેરીમાં કામ કરતાં મુખ્ય વિદ્યુત નિરીક્ષક અશ્વિન બી. ચૌધરી છે. તે સોલાર પ્રોજેક્ટમાં સ્થળ તપાસ નહીં કરી(તપાસ જરૂરી હોવા છતાં સ્થળ) અને સ્થળ તપાસ કર્યા વિના NOC ઈશ્યુ કરે છે અને તેમાં મોટા પ્રમાણમાં લાંચ મેળવે છે. આ અંગે બાતમી મળી હતી અને આ જે પૈસા છે, તેઓ પોતાની સરકારી સ્વિફ્ટ ડિઝાયર ગાડીમાં રોજે ઘરે લઈ જાય છે, તેવી બાતમી મળી હતી.




પંડ્યાએ વધુમાં કહ્યું કે, ત્યારબાદ ફીલ્ડ-3 મદદનીશ નિયામક અશ્વિન પટેલના સુપરવિઝનમાં આરોપી અશ્વિન ચૌધરી વોચમાં હતાં. અને તપાસ કરતાં ચૌધરીની ગાડીમાંથી રૂ. 5.51 લાખની રોકડ અને અન્ય ગિફ્ટ વાઉચરો મળી આવ્યા હતાં. ત્યારબાદ અશ્વિન બી. ચૌધરીની પૂછપરછમાં ગાંધીનગર અને સુરત ખાતેના રહેણાંક મકાનોમાં પણ મોટા પ્રમાણમાં રોકડ, સોના-ચાંદીના દાગીના, સિક્કા અને અન્ય દસ્તાવેજો હોવાની માહિતી મળી હતી.

બાતમીના આધારે ક્લાસ વન અધિકારી ગાંધીનગર અને સુરત ખાતેના મકાનોમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્ચ પ્રક્રિયા પૂર્ણ થતાં તેના ગાંધીનગર અને સુરત ખાતેના મકાનો અને ગાડીમાંથી કુલ રૂ.1.76 કરોડની રોકડ રકમ અને રૂ. 88.82 લાખની અંદાજિત કિંમતના સોના-ચાંદીની લગડીઓ, દાગીના અને સિક્કાઓ મળી આવ્યા હતાં. આમ કુલ રૂ.2.64 કરોડની મત્તા આરોપીના ઘર અને તેની ગાડીના સર્ચ ઓપરેશન દરમિયાન મળી આવ્યું હતું.

કંપની અને અરજદાર સાથે ડીલ પ્રમાણે લાંચ લેવામાં આવતી હતી. અરજી આવે નિયમ પ્રોટોકોલ પ્રમાણે કાર્યવાહી કરવાની બદલે નિયમો તોડી મંજૂરી અપાતી હતી. જોકે નક્શાનો ડિટેલ અભ્યાસ કરવાના બદલે વિગતવાર ચકાસણી કર્યાં વિના અને સ્થળ તપાસ કર્યા વગર જ મંજૂરી આપતા હતાં.

ACB નિયામકે વધુમાં કહ્યું કે, અશ્વિન ચૌધરી આ જગ્યાએ આશરે ચારેક વર્ષથી કામ કરતા હતો. આરોપી અધિકારી પત્ની અને બે બાળકો સાથે પરિવાર રહે છે, જેમની પાસે ગાંધીનગરમાં સરકારી આવાસ અને સુરતમાં પોતાનું મકાન હોવાની વિગતો મળી હતી. હાલમાં એસીબી દ્વારા તેમના ઘરેથી રોકડા કેશ, સોના-ચાંદીના દાગીના તેમજ અન્ય મિલકતો અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. લાંચ આપનાર કંપની સામે પણ કડક પગલાં લેવામાં આવશે. આમાં અન્ય સ્ટાફ અને અન્ય કોઈ ખાનગી વ્યક્તિની સંડોવણી છે કે નહીં તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

આગળની તપાસમાં અશ્વિન ચૌધરીના બેંક ખાતાઓની, કુટુંબીજનના મિલકતોની માહિતી અને તેના લોકરોની માહિતી મેળવવામાં આવશે. તેને પણ અગાઉ આ પ્રકારની જે ફાઈલો ક્લિયર કરી છે, તે ફાઈલો મેળવીને તેની ઉપર કાર્યવાહી કરાશે. અને તેને કોઈ સત્તાનો દુરુપયોગ કર્યો છે કે કેમ, તે અંગે પણ તપાસ આગળ કરવામાં આવશે.

આ અંગે પી. એન. ખોખરાએ સરકાર પક્ષે ફરિયાદી બનીને FIR નોંધાવી છે. આગળની તપાસ છે તે ગાંધીનગરના પો.ઈન્સ. મયુરધ્વજસિંહ સરવૈયા કરી રહ્યા છે. અને આ પ્રકારની કોઈપણ માહિતી કોઈપણ પ્રજાજનને મળી આવે તો તેઓને એસીબીનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

ગત 18 મે, 2026ના રોજ ગાંધીનગર ઉદ્યોગ ભવનમાં છઠ્ઠા માળે ફરજ બજાવતા વર્ગ-2ના ઉચ્ચ અધિકારી અને આસિસ્ટન્ટ ઈલેક્ટ્રીકલ ઈન્સપેક્ટર મનિષકુમાર નવિનચન્દ્ર રાવલ બાંધકામ પ્રોજેક્ટના ફાયર એન.ઓ.સી. અને સર્ટિફિકેટ માન્ય રાખવાના અવેજ પેટે રૂ. 5 લાખની મસમોટી લાંચ માંગતા એસીબીના સકંજામાં આવ્યો હતો.

## નારાયણ ગુરુ કોલેજની બેદરકારીનો વિદ્યાર્થીઓ ભોગ બન્યા: પ્રોફેસરે BBA સેમ-2માં અંગ્રેજી વિષયનો જૂનો અભ્યાસક્રમ ભણાવ્યો

**અમદાવાદ, તા.01**

સેટેલાઈટ વિસ્તારમાં નારાયણ ગુરુ કોલેજ વિવાદમાં આવી છે. BBA સેમેસ્ટર 2માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી ગઈ છે.કારણ કે આખા સેમેસ્ટર દરમિયાન પ્રોફેસર દ્વારા જુનો અભ્યાસક્રમ ભણાવવામાં આવ્યો હતો.પરીક્ષાના એક કલાક પહેલા જ ગ્રુપમાં પીડીએફ મોકલીને નવો અભ્યાસક્રમ વાંચી લેવા સૂચના આપવામાં આવી હતી.તેમજ પરીક્ષામાં પ્રશ્નો પણ નવા અભ્યાસક્રમ પ્રમાણે પૂછાતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા.જેથી કોલેજની બેદરકારીના કારણે વિદ્યાર્થીઓ ભોગ બનતા કડક કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. નારાયણ ગુરુ કોલેજમાં પ્રોફેસર દ્વારા BBA સેમેસ્ટર 2માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.આખી સેમેસ્ટર પૂર્ણ થઈ ગયું છતાં પ્રોફેસર અને કોલેજને ખબર ન પડી કે ગુજરાત યુનિવર્સિટીએ અભ્યાસક્રમમાં ફેરફાર કર્યો છે. પરીક્ષાના એક કલાક પહેલા વિદ્યાર્થીઓને પ્રોફેસર દ્વારા ગ્રુપમાં મેસેજ કરીને એક પીડીએફ મોકલવામાં આવે છે.જેમાં નવા અભ્યાસક્રમ મુજબ પ્રશ્નો આપવામાં આવે છે.તેને એક કલાકમાં તૈયાર કરી લેવા વિદ્યાર્થીઓને સૂચના આપવામાં



આવી હતી.

વિદ્યાર્થીઓ જ્યારે પ્રશ્નો જોયા ત્યારે તે નવા અભ્યાસક્રમ મુજબ આપવામાં આવ્યા હતા.એક કલાકમાં કોઈપણ વિદ્યાર્થીએ નવા અભ્યાસક્રમ તૈયારી કરી શક્યા નહીં. તેમજ જ્યારે શનિવારે પરીક્ષા આપવા માટે ગયા BBA સેમેસ્ટર 2નું અંગ્રેજી વિષયનું પેપર નવા અભ્યાસક્રમ મુજબ પૂછવામાં આવ્યું હતું.જેથી જે ભણ્યા જ નથી તે પરીક્ષામાં પૂછાતા વિદ્યાર્થીઓ પેપર સારી રીતે લખી શકતા નહતા.જેથી આજે વિદ્યાર્થીઓએ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કોલેજ ખાતે વિરોધ કરી વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોર્યા હોવાનો આક્ષેપ કર્યો છે.જે પ્રોફેસર દ્વારા જુનો અભ્યાસક્રમ ભણાવવામાં આવ્યો તેના સામે કાર્યવાહી કરવા માંગ કરી છે.જો 24 કલાકમાં કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

ABVP અમદાવાદ શહેર સહમંત્રી પ્રિયમ ભાટિયાએ જણાવ્યું હતું કે,આજે નારાયણ ગુરુ કોલેજમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.BBA સેમેસ્ટર-2માં વિદ્યાર્થીઓને જૂનો અભ્યાસક્રમ ભણાવવામાં આવ્યો હતો.પરંતુ શનિવારે જ્યારે પરીક્ષા લેવામાં આવી ત્યારે તેમાં પ્રશ્નો નવા અભ્યાસક્રમ મુજબ પૂછવામાં આવ્યા હતા.

જો કે પરીક્ષાના એક કલાક પહેલા પ્રોફેસર દ્વારા વૉટ્સએપમાં મેસેજ કરીને એક પીડીએફ મોકલવામાં આવી હતી.તેમજ એવું કહેવામાં આવ્યું હતું કે આ નવો સિલેબસ છે એક કલાકમાં વાંચીને તેની પરીક્ષા આપી દેજો. જેથી અમને એવું લાગી રહ્યું છે કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. જેથી કડક કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.જો માંગ નહીં સ્વીકારાય તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

નારાયણ ગુરુ કોલેજના પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે,અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું છે તેના આધારે યોગ્ય તપાસ કરી અને જે પણ કાર્યવાહી કરવાની થશે તે કરીશું. જે પણ ફેકલ્ટીની બેદરકારી હશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.ફેકલ્ટી સાથે ચર્ચા કર્યા બાદ ક્યાં ભૂલ રહી ગઈ છે તેને ધ્યાને લઈ યોગ્ય પગલા લઈશું. વિદ્યાર્થીઓ સાથે કોઈ અન્યાય ન થાય તે બાબતનું ધ્યાન રાખવામાં આવશે.

## આગામી 5 દિવસ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

### 6 જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે, મહત્તમ તાપમાનમાં ઘટતાં કાળઝાળ ગરમીથી રાહત


**અમદાવાદ, તા.01**

ગુજરાતમાં આગામી દિવસોમાં હવામાનમાં મોટો પલટો આવવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી પાંચ દિવસ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. જેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ રીઝિયનમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. આજે 6 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. 1 જૂનના ગુજરાતના ભાગોમાં થંડરસ્ટોર્મ સાથે 50થી 60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ થંડરસ્ટોર્મની ચેતવણી છે અને પવનની ગતિ 40થી 50 કિમી પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. આવતીકાલથી 2 દિવસ(4મે સુધી) સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં થંડરસ્ટોર્મ એક્ટિવિટી દરમિયાન પવનની ઝડપ 40થી 50 કિમી પ્રતિ કલાક આસપાસ રહેશે. આજથી આગામી 3 દિવસ (4મે સુધી)સુધી મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાશે, જેનાથી ગરમીમાં રાહત મળશે. અમદાવાદ શહેરમાં પણ આગામી સમયમાં થંડરસ્ટોર્મ સાથે હળવાથી મધ્યમ વરસાદી માહોલ જોવા મળી શકે છે. હવામાન વિભાગ અનુસાર,



દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી 2થી 3 દિવસમાં કેરળ અને તમિલનાડુના કેટલાક ભાગોમાં આગળ વધે તેવી સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. આમ, બે સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થવાને કારણે ગુજરાતમાં આગામી દિવસોમાં ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ તેજ બનશે. વાવાઝોડા અને પવનની સ્થિતિને જોતા માછીમારોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો, આગામી સમયમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે. મોડી રાત્રિ અથવા સવારના સમયગાળા દરમિયાન ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. શહેરમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. તે અરબી સમુદ્રના દક્ષિણ ભાગો, લક્ષદ્વીપ અને બંગાળની ખાડીના મોટાભાગના વિસ્તારોમાં પહોંચી ગયું છે. આગામી 4થી 5 દિવસમાં ચોમાસું કેરળ અને તમિલનાડુ તરફ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. આગામી 4 દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 4Cનો ક્રમિક ઘટાડો થવાની સંભાવના છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સત્યમેવ જયતે



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માહે-જૂન-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા (ફોર્ટિફાઈડ) | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા (ફોર્ટિફાઈડ) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

જૂન-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.
આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.
શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.


## નીરજા ગુપ્તાને ઈન્ચાર્જ રખાશે કે રિપીટ કરાશે?: ગુજરાત યુનિ.ના કુલપતિની ટર્મ પૂર્ણ થવામાં 1 મહિનો બાકી છતા સર્ચ કમિટીના ઠેકાણા નહીં, 30 જૂને કાર્યકાળ થઈ રહ્યો છે પૂર્ણ

**અમદાવાદ, તા.01**

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાની ટર્મ પૂરી થવાને હવે એક મહિનાનો સમય બાકી છે. પરંતુ નવા કુલપતિની નિમણૂક માટેની સર્ચ કમિટીની હજુ સુધી નિમણૂક થઈ નથી જેથી હવે નીરજા ગુપ્તાને ઈન્ચાર્જ કુલપતિ રખાશે કે તેમને ફરીથી રીપીટ કરવામાં આવશે તેને લઈને ચર્ચા શરૂ થઈ છે.નવા કુલપતિ માટેની પ્રક્રિયા 6 મહિના જેટલા સમયની છે પરંતુ હજુ સુધી સર્ચ કમિટી જ ન બનતા અનેક તર્કવિતર્ક શરૂ થયા છે. 1 જુલાઈ 2023થી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે નીરજા ગુપ્તાની નિમણૂક થઈ હતી,જેમનો કાર્યકાળ હવે 30 જૂને પૂરો થઈ રહ્યો છે.સામાન્ય રીતે નવા કુલપતિની નિમણૂક માટેની પ્રક્રિયા ટર્મ પૂરી થવાના 6 મહિના અગાઉથી શરૂ થઈ જાય છે.પરંતુ ગુજરાત યુનિવર્સિટીમાં હજુ સુધી સર્ચ કમિટી જ બની નથી તો નવા કુલપતિ માટેની પ્રક્રિયા ક્યારે થશે તેને લઈને સવાલ છે. નવા કુલપતિની નિમણૂક માટે સર્ચ કમિટીના 3 સભ્યની નિમણૂક કરવામાં આવે છે.જેમાંથી એક સભ્ય રાજ્ય સરકારના નોમિની,એક સભ્ય UGC નોમિની અને એક યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય અને સિન્ડિકેટ સભ્યો દ્વારા નક્કી કરવામાં આવેલ નોમિની હોય છે.જે બાદ સર્ચ કમિટીની એક બેઠક છે.ત્યારબાદ નવા કુલપતિ માટે ઉમેદવારોની અરજી મંગાવવા જાહેરાત આપવામાં આવે છે.જાહેરાત આપ્યા બાદ અરજીઓ આવે તેની ચકાસણી કરવામાં આવે છે. અરજી ચકાસણી બાદ 3થી 5 નામ પસંદ કરવામાં આવે છે.સર્ચ કમિટી દ્વારા પસંદ કરેલા નામ રાજ્યપાલને મોકલવામાં આવે છે.રાજ્યપાલ દ્વારા



સર્ચ કમિટીએ મોકલેલા સભ્યોમાંથી એક વ્યક્તિની કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવે છે.નિયમ મુજબ કુલપતિની ટર્મ પૂરી થવાના એક મહિના અગાઉ જ કમિટીની રચના પૂરી થવી જોઈએ પરંતુ ગુજરાત યુનિવર્સિટીમાં હજુ કોઈ નિમણૂક જ થઈ નથી. નીરજા ગુપ્તાને રિપીટ કરવામાં ન આવે તો અનેક ઉમેદવાર છે જે કુલપતિ બનવા દાવો કરી શકે છે.જેમાં પૂર્વ કુલપતિ હિમાંશુ પંડ્યાની પણ ફરીથી નિમણૂક કરવામાં આવી શકે છે.આ ઉપરાંત HRDCના ડાયરેક્ટર જગદીશ જોશી,મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને એલ.ડી આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ મહિપતસિંહ ચાવડાની પણ નિમણૂક કરવાના આવી શકે છે. હાલના કુલપતિ નીરજા ગુપ્તાએ પણ તેમની બીજી ટર્મ માટે પ્રયત્ન કર્યા છે.નીરજા ગુપ્તા દ્વારા UGCમાં પણ રજૂઆત કરી છે.પરંતુ બીજી તરફ કેટલાક સિન્ડિકેટ સભ્યોએ જ નીરજા ગુપ્તાની રાજ્ય સરકારને ફરિયાદ પણ કરી છે.સિન્ડિકેટ બેઠકમાં પણ સભ્યોએ અનેક વખત નીરજા ગુપ્તાના નિર્ણયનો વિરોધ કર્યો છે.જેથી હવે તેમને બીજી ટર્મ મળશે કે કેમ તેને લઈને સવાલ છે. નીરજા ગુપ્તાનો કાર્યકાળ શરૂ થયો ત્યારથી ગુજરાત યુનિવર્સિટીમાં કેટલાક વિવાદ પણ થયા છે.જેમાં શરૂઆતમાં જ નર્સિંગના પેપર પરીક્ષા બાદ બહાર ગયા હતા, બોટની વિભાગમાં તોડફોડ,સિન્ડિકેટ સભ્ય દ્વારા પ્રોફેસરો પાસે પૈસાની માંગણી,સિન્ડિકેટ સભ્યની કરોડોની જમીન બરોબર આપી દેવી,વિદેશી વિદ્યાર્થીઓની નમાઝનો વિવાદ,ખાનગી કંપની ચલાવતા સમીર શુક્લાને બારોબર કરોડો રૂપિયા મંજૂર કરવા સહિતના અનેક મુદ્દા છે.